RNI NO GUJGUJ/2005/23814

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

JAMNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા | શિવમ બિલ્ડીંગ, અનુપમ ટોકીઝ પાસે, જામનગર ૯૭૨૭૯૧૧૦૮૭

● સંવત ૨૦૮૦ ચૈત્ર સુદ - ૭ | સોમવાર, તા.૧૫-૦૪-૨૦૨૪ | અંક : ૯૪ | વર્ષ : ૧૯ | jamnagar@aaspassaindia.com | કિંમત રૂ. ૨-૫૦ | પાના - ૮

# આવતીકાલે ઉમેદવારી નોંધાવશે રૂપાલા

## ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના ઉમેદવારો દ્વારા આજથી તબક્કાવાર ફોર્મ ભરવાનું શરૂ

### આજે માંડવીયાએ ભર્યુ ફોર્મ, ૧૮મીએ પાટીલ ૧૯મીએ શાહ ફોર્મ ભરશે



ભાવનગર, તા.૧૫

ભાજપ-કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના ઉમેદવારોએ આજથી ઉમેદવારી ફોર્મ ભરવાનું શરૂ કર્યુ છે. આ સાથે વિવિધ બેઠકો પર રાજકીય માહોલ જામવા લાગ્યો છે. પોરબંદર બેઠકના ઉમેદવાર ડો.મનસુખ માંડવિયાએ મહાદેવના દર્શન કર્યા બાદ રોડ શો યોજ્યો હતો અને તે પછી ઉમેદવારી નોંધાવી છે. આજે ગેનીબેન સહિતના ઉમેદવારોએ પણ પોતાની વિવિધ બેઠકો પર નામાંકન રજૂ કર્યાં છે. ઉલ્લેખનીય છે કે, રાજકોટ બેઠક પર ભાજપના ઉમેદવાર પરશોત્તમ રૂપાલા આવતીકાલે પોતાની ઉમેદવારી નોંધાવશે.

૧૬ એપ્રિલે ભાજપના લોકસભાના કચ્છઃ વિનોદ ચાવડા, બનાસકાંઠાઃ ડો. રેખા ચૌધરી, પાટણઃ ભરતસિંહ ડાભી, મહેસાણા : હરિભાઈ પટેલ, સાબરકાંઠાઃ શોભના બારૈયા, અમદાવાદ પશ્ચિમઃ દિનેશ મકવાણા, રાજકોટ : પરશોત્તમ રૂપાલા, જૂનાગઢ : રાજેશ ચૂડાસમા, ભાવનગરઃ નીમુબેન બંભાણીયા, સહિતના ફોર્મ ભરશે.

૧૮મી એપ્રિલ ભાજપના લોકસભાના ઉમેદવારો નવસારીઃ સી.આર. પાટીલ સહિતના ફોર્મ ભરશે તો ૧૯ તારીખે ગાંધીનગરમાં કેન્દ્રીયગૃહ મંત્રી અમિત શાહ જામનગરઃ પૂનમ માડમ ફોર્મ ભરશે. ફોર્મ ભરાવાની શરૂઆત થતાં જ ગુજરાતમાં ચૂંટણીનો માહોલ જામશે.

## PMની આજે કેરળ અને તમિલનાડુમાં ચૂંટણી રેલી

નવી દિલ્હી

PM નરેન્દ્ર મોદી આજે બે રાજ્યોની મુલાકાત લેશે. પહેલા તે કેરળમાં બે રેલીઓ કરશે. ત્યારબાદ તમિલનાડુમાં જનસભાને સંબોધશે. તેઓ કેરળના થ્રિસુરમાં અલાથુર મતવિસ્તારમાં અલાથુર અને થ્રિસુરમાં ચૂંટણી લડી રહેલા NDA ઉમેદવારો TN Sarasu અને સુરેશ ગોપીના ચૂંટણી પ્રચારમાં ભાગ લેશે.આ પછી મોદી તિરુવનંતપુરમ જિલ્લાના કટ્ટક્કડા જશે. કટ્ટક્કડામાં, મોદી વી મુરલીધરન અને રાજીવ ચંદ્રશેખર માટે પ્રચાર કરશે, જે બે કેન્દ્રીય મંત્રીઓ એનડીએના બેનર હેઠળ અટ્ટિંગલ અને તિરુવનંતપુરમ મતવિસ્તારમાંથી ચૂંટણી લડી રહ્યા છે. સાંજે લગભગ ૫ વાગ્યાની આસપાસ મોદી તમિલનાડુના તિરુનેલવેલીમાં જનસભાને સંબોધશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ફરી એકવાર દક્ષિણ ભારતની મુલાકાતે છે. આ પહેલા પીએમે કેરળ, તમિલનાડુ અને તેલંગાણામાં ૧૫-૧૯ માર્ચ વચ્ચે ચૂંટણી રેલીઓ કરી હતી.

## ઈરાન દ્વારા પકડાયેલા જહાજમાં ૧૭ ભારતીયોની વાપસી મુદ્દે સ્વીકારાઇ વિદેશમંત્રીની માંગણી

નવી દિલ્હી

ઈરાનના ઈઝરાયેલ પર હુમલા બાદ સમગ્ર વિશ્વમાં ભારે અસ્થિરતાનો માહોલ છે. આ હુમલાથી મધ્ય પૂર્વમાં તણાવ વધી ગયો છે. આ બધાની વચ્ચે ભારત સરકારે ઈરાન દ્વારા પકડાયેલા ઈઝરાયેલના જહાજમાં સવાર ૧૭ ભારતીયોની સુરક્ષા અંગે ચિંતા વ્યક્ત કર્યા બાદ હવે ઈરાન સરકારે આ ભારતીયોની ભારત સરકારના પ્રતિનિધિઓ સાથેની બેઠકને લીલી ઝંડી આપી દીધી છે. ઈરાનના વિદેશ મંત્રી હોસૈન અમીર-અબ્દુલ્લાહિયાનું કહેવું છે કે, તેહરાન ટૂંક સમયમાં જ ભારતીય સરકારી અધિકારીઓને MSC Aries જહાજમાં સવાર ભારતીયોને મળવાની મંજૂરી આપશે. ઈરાનના વિદેશ મંત્રીનું કહેવું છે કે, તેમની સરકાર પકડાયેલા જહાજની વિગતો એકઠી કરી રહી છે. ૧૭ ભારતીયો સાથે ભારત સરકારના પ્રતિનિધિઓની બેઠક અંગેની માહિતી ટૂંક સમયમાં પૂરી પાડવામાં આવશે.

વિદેશ મંત્રી એસ જયશંકરે તાજેતરમાં તેમના ઈરાનના સમકક્ષ હુસૈન અમીર-અબ્દુલ્લાહિયન સાથે વાત કરી હતી. આ દરમિયાન તેમણે ૧૭ ભારતીય નાગરિકોની મુક્તિનો મુદ્દો ઉઠાવ્યો હતો. ફોન પર વાતચીત દરમિયાન જયશંકરે ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે વધતી દુશ્મનાવટને લઈને તણાવ ટાળવા, સંયમ રાખવા અને કૂટનીતિના માર્ગ પર પાછા ફરવાનું આહ્વાન કર્યું હતું.

## ઈરાનને જડબાતોડ જવાબ આપશે ઈઝરાયલ

### રવિવારે વોર કેબિનેટની બેઠકમાં લેવાયો નિર્ણય : વળતો હુમલો ક્યારે તે જાહેર નહી



નવીદિલ્હી,

ઈરાન દ્વારા ઈઝરાયલ પરના હુમલા બાદ રવિવારે વોર કેબિનેટની બેઠકમાં એ વાત પર સહમતિ થઈ હતી કે ઈરાનને જડબાતોડ જવાબ આપવામાં આવે. ટાઈમ્સ ઓફ ઈઝરાયલના જણાવ્યા અનુસાર આ કેવી રીતે અને ક્યારે થશે તે હજુ નક્કી કરવામાં આવ્યું નથી.

બીજી તરફ ભારતના વિદેશ મંત્રી એસ જયશંકરે ઈરાનમાં કેદ ૧૭ ભારતીયોની મુક્તિ માટે ઈરાનના વિદેશ મંત્રી સાથે વાત કરી હતી.

આ પહેલા ઈરાનની સેનાએ શનિવારે મોડીરાતે ૩ વાગ્યે લગભગ ૩૦૦ ડ્રોન અને મિસાઈલ વડે ઈઝરાયલ પર હુમલો કર્યો હતો. ન્યૂયોર્ક ટાઈમ્સ અનુસાર, ઈઝરાયલે અમેરિકા અને અન્ય સહયોગી દેશો સાથે મળીને ૯૯% ડ્રોન-મિસાઈલો અટકાવી દીધી હતી. હુમલામાં માત્ર ઈઝરાયલના નેવાટીમ એરફોર્સ બેઝને થોડું નુકસાન થયું હતું. મીડિયા રિપોર્ટ્સ અનુસાર ઈરાને ઈઝરાયલ પરના આ હુમલાને 'ઓપરેશન ટ્રુ પ્રોમિસ' નામ આપ્યું છે. હકીકતમાં ૧ એપ્રિલના રોજ ઈઝરાયલે સીરિયામાં ઈરાની એમ્બેસી નજીક હવાઈ હુમલો કર્યો હતો. જેમાં ઈરાનના બે ટોચના આર્મી કમાન્ડર સહિત ૧૩ લોકો માર્યા ગયા હતા. આ પછી ઈરાને બદલો લેવા ઈઝરાયલ પર હુમલો કરવાની ધમકી આપી હતી.

## અફઘાનિસ્તાનમાં પૂરમાં ૩૩ લોકોના થયા મોત

### ભાર વરસાદે તબાહી મચાવતા સર્જાઈ તારાજી

નવીદિલ્હી,

અફઘાનિસ્તાનમાં ભારે વરસાદે તબાહી મચાવી છે. ભારે વરસાદના કારણે આવેલા પૂરમાં લોકોનો મોત થયા છે અને અનેક લોકો ઘાયલ થયા છે. વરસાદ બાદ આવેલા પૂરમાં ઓછામાં ઓછા ૩૩ લોકોના મોત થયા છે અને ૨૭ લોકો ઘાયલ થયા છે. તાલિબાનના પ્રવક્તા અબ્દુલ્લા જનાન સૈકે કહ્યું કે રાજધાની કાબુલ અને અનેક પ્રાંતોમાં અચાનક પૂર આવ્યું, જેના કારણે ભારે નુકસાન થયું. અબ્દુલ્લા જનાને જણાવ્યું હતું કે પૂરને કારણે ૬૦૦ થી વધુ મકાનો નાશ પામ્યા છે અથવા નુકસાન થયું છે. વરસાદના કારણે ૨૦૦ જેટલા પશુઓના મોત થયા છે. SAC એ જણાવ્યું હતું કે પૂરને કારણે ૮૦૦ હેક્ટર ખેતીની જમીન પણ નાશ પામી છે અને ૮૫ કિલોમીટરથી વધુ રસ્તાઓને નુકસાન થયું છે. તેમણે કહ્યું કે પૂરના કારણે પશ્ચિમ ફરાહ, હેરાત, દક્ષિણી ઝાબુલ અને કંદહાર પ્રાંતમાં સૌથી વધુ નુકસાન થયું છે.

## ટીબી સામે લડવા બાળકો માટે બનાવાયેલી દવાને મળી મંજૂરી

### બાળકો માટે યોગ્ય દવાઓના મર્યાદિત વિકલ્પોને કારણે ટીબીની સારવાર કરવી પડકારજનક

નવીદિલ્હી,

ટ્યુબરક્યુલોસિસ એટલે કે ટીબી સામે લડવાની દિશામાં નોંધપાત્ર પ્રગતિમાં, બાળકો માટે બનાવાયેલી મોઢેથી ગળવાની દવાને મંજૂરી આપવામાં આવી છે, જે બાળકોની આરોગ્ય સંભાળમાં નોંધપાત્ર પ્રગતિ દર્શાવે છે.

ટ્યુબરક્યુલોસિસ એ ગંભીર વૈશ્વિક આરોગ્ય વિષયક ચિંતા છે. પરંપરાગત રીતે બાળકો માટે યોગ્ય દવાઓના મર્યાદિત વિકલ્પોને કારણે બાળકોના ટીબીની સારવાર કરવી પડકારજનક રહી છે, જેના કારણે અસરકારક રીતે દવાઓ પહોંચાડવી મુશ્કેલ બને છે. બાળકોમાં થતા ટીબીની સારવારમાં મુખ્ય અવરોધ એ બાળકો માટે યોગ્ય દવાઓના ફોર્મ્યુલેશનનો અભાવ છે. પરંપરાગત ટીબી દવાઓ ઘણીવાર ગોળીના સ્વરૂપમાં આવે છે, જે બાળકો માટે ગળી જવા માટે પડકારરૂપ હોઈ શકે છે, જે પાલન અને અસરકારકતા સાથે સમસ્યાઓ તરફ દોરી જાય છે.

ટીબીના બાળરોગના દર્દીઓની ચોક્કસ જરૂરિયાતોને ઓળખીને, ફાર્માસ્યુટિકલ કંપનીઓ ટીબીની દવાઓને બાળકોને અનુરૂપ ફોર્મ્યુલેશન વિકસાવવા માટે ખંતપૂર્વક કામ કરી રહી છે. ખાસ કરીને બાળકો માટે બનાવાયેલી મોઢેથી ગળવાની દવાઓની તાજેતરની મંજૂરી એ બાળકોની ટીબીની સારવારમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. આ મંજૂરી યુવા ટીબી દર્દીઓની અપૂર્ણ જરૂરિયાતોને પુરી કરવાના હેતુથી વ્યાપક સંશોધન અને વિકાસ દર્શાવે છે.

## કેજરીવાલની જ્યુડિશિયલ કસ્ટડીનો છેલ્લો દિવસ

### રાઉસ એવન્યુ કોર્ટમાં હાજર થશે; અરજી પર સુપ્રીમ કોર્ટમાં પણ સુનાવણી

નવીદિલ્હી,

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની જ્યુડિશિયલ કસ્ટડી સોમવારે સમાપ્ત થઈ રહી છે. દિલ્હી લિકર પોલિસી કૌભાંડ સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં તે ૧૫ દિવસ માટે તિહાર જેલમાં બંધ છે. ED તેમને રાઉઝ એવન્યુ કોર્ટમાં રજૂ કરશે.

કેજરીવાલે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરીને EDની ધરપકડને માન્ય કરતા દિલ્હી હાઈકોર્ટના આદેશને પડકાર્યો હતો. જસ્ટિસ સંજીવ ખન્ના અને જસ્ટિસ દીપાંકર દત્તાની બેંચ આજે આ મામલે સુનાવણી કરશે. કેજરીવાલના ED રિમાન્ડ અંગેની સુનાવણી રાઉઝ એવન્યુ કોર્ટમાં ૧ એપ્રિલે હાથ ધરવામાં આવી હતી. આ પછી તેમને ૧૫ દિવસ માટે તિહાર મોકલવામાં આવ્યા હતા. તેમને અહીં બેરેક નંબર ૨માં રાખવામાં આવ્યા હતા.

## લાહોરમાં અંડરવર્લ્ડ ડોન આમિર સરફરાઝની હત્યા

### અજાણ્યા લોકોએ ગોળી મારી તેના પર સરબજીત સિંહની હત્યાનો આરોપ હતો

લાહોર

લાહોરના ડોન અમિર સરફરાઝની હત્યા કરવામાં આવી છે. પીટીઆઈના અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે લાહોરમાં કેટલાક લોકોએ અમીરને ગોળી મારી હતી. આ પછી તેનું મોત થયું. એવું માનવામાં આવે છે કે અમીર સરફરાઝ અને તેના સહયોગીઓએ પાકિસ્તાનની ગુપ્તચર એજન્સી ISIના નિર્દેશ પર ૨૦૧૩માં લાહોર જેલમાં બંધ ભારતીય નાગરિક સરબજીત સિંહની માર મારી હત્યા કરી હતી. ડિસેમ્બર ૨૦૧૮માં પાકિસ્તાનની એક કોર્ટે પુરાવાના અભાવને ટાંકીને સરબજીતની હત્યાના બે આરોપીને મુક્ત કર્યા હતા. જેમાં અમીર સરફરાઝ અને મુદ્દસરનો સમાવેશ થાય છે. આ બંને વિરુદ્ધ કોઈએ જુબાની આપી નહોતી. વાસ્તવમાં પંજાબનો સરબજીત ૧૯૯૦માં ભૂલથી સરહદ પાર કરીને પાકિસ્તાન ગયો હતો.

## ઝીરો વીજળી બિલ, મફત રાશન-ગેસ

### મોદીની ગેરંટી સાથે ભાજપનો ઢંઢેરો જાહેર




નવીદિલ્હી,

ભાજપે લોકસભા ચૂંટણી માટે તેનો ઢંઢેરો બહાર પાડ્યો છે. આ વખતે ભાજપે જીતની હેટ્રિક માટે ઘણા મોટા વચનો આપ્યા હતા. વિકસિત ભારતના સંકલ્પ અને મોદીની ગેરંટી દ્વારા ભાજપે પોતાનું વિઝન રજૂ કર્યું. બીજેપી હેડક્વાર્ટર ખાતે પીએમ મોદીની હાજરીમાં મેનિફેસ્ટો લોન્ચ કરવામાં આવ્યો હતો. મોદીની ઉઠાંતરીની ઝલક ભાજપના ઠરાવ પત્રમાં પણ જોવા મળી હતી. ૨૦૧૪માં ભાજપે સબકા સાથ, સબકા વિકાસનો નારો આપ્યો હતો. ૨૦૧૯માં ભાજપ સબકા સાથ, સબકા વિકાસ અને સબકા વિશ્વાસ સાથે આગળ વધ્યું. ૨૦૨૪માં ભાજપનો ચૂંટણી પ્રચાર મોદીની ગેરંટી સાથે ચાલી રહ્યો છે.

ભાજપે તેના મુખ્ય મુદ્દાઓ પહેલાથી જ પૂર્ણ કરી લીધા છે જેમાં રામ મંદિરનું નિર્માણ અને કલમ ૩૭૦ હટાવવાની બાબત મહત્વપૂર્ણ છે. નોંધનીય છે કે ભાજપે ઠરાવ પત્ર બહાર પાડવા માટે બાબા સાહેબ આંબેડકરની જન્મજયંતિનો દિવસ પસંદ કર્યો હતો.

## ભારત ૧૭ વર્ષમાં કોંક્રીટના જંગલમાં ફેરવાઈ ગયું : ૫ લાખ હેક્ટર ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો વધારો



હૈદરાબાદ,

છેલ્લા ૧૭ વર્ષમાં આપણો દેશ કોંક્રીટના જંગલમાં ફેરવાઈ ગયો છે. ૨૦૦૫ થી ૨૦૨૩ સુધીમાં દેશમાં બાંધકામ ક્ષેત્રે ૨૫ લાખ હેક્ટરનો વધારો થયો છે. આ માહિતી ઈસરોના હૈદરાબાદ સ્થિત નેશનલ રિમોટ સેન્સિંગ સેન્ટર દ્વારા આપવામાં આવી છે. આ દર્શાવે છે કે દેશમાં શહેરીકરણ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં વર્ષોથી નોંધપાત્ર વધારો થયો છે.

એનઆરએસસીના વાર્ષિક અહેવાલમાં, ૨૦૦૫-૦૬ અને ૨૦૨૨-૨૩ વચ્ચે જમીનનો ઉપયોગ અને જમીન કવરમાં લગભગ ૩૧ ટકાનો વધારો થયો છે. આ સમયગાળા દરમિયાન, ૩૫ ટકા વધુ બાંધકામ વિસ્તાર ઉમેરવામાં આવ્યો છે. જમીન કવરમાં લગભગ ૨.૪ ટકાનો વધારો થયો છે. આ બાંધકામ વિસ્તારમાં માત્ર ઈમારતો જ નહીં, રસ્તાઓ વગેરે પણ છે. ઉદાહરણ તરીકે, ૨૦૦૫ અને ૨૦૨૩ ની વચ્ચે, રાષ્ટ્રીય ધોરીમાર્ગો ગુજરાતમાં ૧૭૫ ટકા, કર્ણાટકમાં ૧૦૯ ટકા, આંધ્રપ્રદેશમાં ૯૪ ટકા, મધ્યપ્રદેશમાં ૭૫ ટકા અને પશ્ચિમ બંગાળમાં ૫૮ ટકા વધ્યા છે. રિપોર્ટ અનુસાર ખેતીની જમીનમાંથી બાંધકામ વિસ્તાર પણ લેવામાં આવ્યો છે.

એનઆરએસસી મુજબ, બાંધવામાં આવેલા વિસ્તારમાં ઈમારતો એટલે કે છતની રચનાઓ, પાકા સપાટીઓ એટલે કે રસ્તાઓ અને પાર્કિંગ, વ્યાપારી અને ઔદ્યોગિક સ્થળો જેમ કે બંદરો, લેન્ડફિલ્સ, ખાણો અને રનવે અને શહેરી લીલા વિસ્તારોમાં ઉદ્યાનો અને બગીચાઓનો સમાવેશ થાય છે. એટલે કે દેશમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઝડપથી વિકાસ કરી રહ્યું છે. પરંતુ સમસ્યા એ છે કે બાંધકામ વિસ્તાર વધારવા માટે ખેતીની જમીનનો ઉપયોગ કરવો નુકસાનકારક છે. જેના કારણે ખેડૂતોને નુકશાન થાય છે. તેમની આજીવિકા છીનવાઈ ગઈ છે. પુરતું વળતર ન મળતા ખેડૂતોએ દેખાવો કર્યા હતા. ગુજરાતમાં વાપીથી શામળાજી સુધીના એનએચ-૫૬ના વિકાસનો વિરોધ થયો હતો. ફેબ્રુઆરી ૨૦૨૪માં પણ મધ્યપ્રદેશના ખેડૂતોએ ઈન્દોરના વેસ્ટર્ન રિંગ રોડ અને ઈન્દોર-બુધાની રેલ લિંક માટે જમીન સંપાદનનો વિરોધ કર્યો હતો.

સૌરાષ્ટ્ર આસપાસ

# ખર્ચ ઓબ્ઝર્વરએ જામનગર મીડિયા સેન્ટરની લીધી મુલાકાત







જામનગર : લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત પેઈડ ન્યૂઝ અને જાહેરખબરો પર દેખરેખ રાખવા માટે જિલ્લા માહિતી કચેરી, જિલ્લા સેવા સદન-૨ જામનગરમાં MCMC (મીડિયા સર્ટિફિકેશન એન્ડ મોનિટરીંગ કમિટી) સેન્ટર ઉભુ કરવામાં આવ્યું છે. જેની ખર્ચ ઓબ્ઝર્વર અવિજીત મિશ્રાએ મુલાકાત લીધી હતી.

ઓબ્ઝર્વરની આ મુલાકાત દરમિયાન MCMCના નોડલ અધિકારી અને નાયબ માહિતી નિયામક દેવેન્દ્ર કડિયાએ ઈલેક્ટ્રોનિક મીડિયા, પ્રિન્ટ મીડિયા, રેડિયો, ટી.વી.ચેનલ, કેબલ નેટવર્ક, ઓડિયો વિઝ્યુઅલ, ડિસ્પ્લે પર પ્રસિદ્ધ થતી રાજકીય જાહેરખબરોનું પૂર્વ-પ્રમાણીકરણ, અને મોનીટરીંગ વગેરે બાબતો વિશે કરાઈ રહેલી કામગીરી અંગેની માહિતી ખર્ચ ઓબ્ઝર્વર સમક્ષ રજુ કરી હતી. તેમજ તેઓએ અધિકારી અને કર્મચારીઓને જરૂરી સૂચનો કર્યા હતા. ઉલ્લેખનીય છે કે, જિલ્લામાં રાજકીય પક્ષો કે ઉમેદવારો દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવતી રાજકીય જાહેરખબરોના આગોતરા પ્રમાણિકરણ અને મીડિયા પ્રમાણીકરણ અને દેખરેખ સમિતીની રચના કરવામાં આવે છે. ચૂંટણી પંચની માર્ગદર્શિકા પ્રમાણે કમિટી દ્વારા કામગીરી કરાઈ રહી છે.

# જામનગરમાં પોલીસ હેડ કોન્સ્ટેબલ ૧૫ હજારની લાંચ લેતા રંગેહાથ ઝડપાયા

## દારૂના કેસમાં પતાવટ કરવા માટે લાંચની રકમ સ્વીકારતા એસીબીની ઝપટે ચડ્યા



જામનગર : જામનગરના પોલીસ હેડ ક્વાર્ટરમાં ફરજ બજાવતા બિન હથિયારધારી પોલીસ હેડ કોન્સ્ટેબલ દારૂના એક જુના કેસમાં પતાવટ કરવા માટે સૌપ્રથમ ઘઉં અને જીરાની માંગણી કરી હતી, જેના બદલે રકમ લઈ લેવાનું કહેતાં રૂ. ૧૫,૦૦૦ ની લાંચની માંગણી કરાઈ હતી, જેમાં ફરિયાદીએ લાંચ રુસ્વત શાખાનો સંપર્ક સાધ્યો હતો. જેથી શનિવારે બપોરે લાંચનું છટકું ગોઠવાયું હતું, અને રામેશ્વર નગર ચોકમાંથી પોલીસ જમાદાર એસીબીની ટીમના હાથે રૂપિયા પંદર હજારની લાંચ લેતાં રંગે હાથ ઝડપાયા છે.

આ બનાવની વિગત એવી છે કે જામનગરના પોલીસ હેડ ક્વાર્ટરમાં ફરજ બજાવતા પોલીસ હેડ કોન્સ્ટેબલ બાદલ નિલેશભાઈ ચોટલીયા કે જે બિન હથિયારધારી વર્ગ-૩ પોલીસ હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવે છે, અને તેણે જામનગરના એક આસામીને દારૂની એક બોટલ સાથે પકડ્યા પછી, તેની પૂછપરછ દરમિયાન તેના એક સંબંધીનો આ પ્રકરણમાં કેસ નહીં કરવા અંગે લાંચની માંગણી કરી હતી.

જેમાં સૌપ્રથમ પોલીસ જમાદાર દ્વારા ઘઉં અને જીરું ખરીદ કરીને આપવાની માંગણી કરાઈ હતી, પરંતુ ફરિયાદીએ રકમ અથવા કોઈ વસ્તુ આપવી ન હોવાથી તેણે જામનગરની એ.સી.બી.શાખાનો સંપર્ક સાધ્યો હતો. જેના અનુસંધાને શનિવારે બપોરે જામનગરના રામેશ્વર નગર વિસ્તારમાં આવેલી મોમાઈ હોટલ પાસે લાંચનું છટકું ગોઠવવામાં આવ્યું હતું.

જયાં ફરિયાદી યુવાન ૧૫,૦૦૦ ની રોકડ રકમ લઈને આવતા પોલીસ જમાદાર બાદલ ચોટલીયા લાંચની રકમ સ્વીકારતા ઝડપાઇ ગયા હતા. જેથી તેની અટકાયત કરી લઈ પાવડરવાળી ચલણી નોટો કબજે કરી લેવામાં આવી હતી, જ્યારે તેની લાંચ રૂશવત ધારા હેઠળ અટકાયત કરી લઈ વધુ પૂછપરછ ચલાવવામાં આવી રહી છે. આ બનાવને લઈ પોલીસ બેળામાં ચકચાર જાગી છે.

# ભાણવડની ખાનગી શાળાના હોસ્ટેલમાં ધો.૯ની વિદ્યાર્થીનીના રહસ્યમય સંજોગોમાં આપઘાતથી દોડધામ

## વહેલી સવારે હોસ્ટેલના રૂમમાં ગળાફાંસો ખાઈ લેતા પરિવાર પર વજઘાત



ખંભાળિયા : દેવભૂમિ જિલ્લાના ભાણવડ ખાતે આવેલ ખાનગી શાળા શિવકૃપાના હોસ્ટેલમાં રહીને ધો.૯ માં અભ્યાસ કરતી એક વિદ્યાર્થીનીએ રહસ્યમય સંજોગોમાં ગત શનિવારે વહેલી સવારે હોસ્ટેલના રૂમમાં પંખે લટકીને આપઘાત કરી લેતા અરેરાટી વ્યાપી છે. સુત્રોમાંથી જાણવા મળ્યા મુજબ આપઘાત કરતા પહેલા મૃતક વિદ્યાર્થીનીએ એક સ્યુસાઇડ નોટ પણ લખેલી હોય જે પોલીસે કબજે કરી છે. જેના પરથી પોલીસે તપાસ શરૂ કરી છે. એક તબકકે મૃતકના પરીજનોએ મૃતદેહ સ્વીકારવાની ના પાડી હતી. જોકે, પોલીસે સમજાવટ કરતા બપોરે મામલો થાળે પડયો હતો.

આ બનાવની પ્રાપ્ત વિગત એવી છે કે ભાણવડમાં ખાનગી સ્કુલ શિવકૃપા સ્કુલની હોસ્ટેલમાં રહીને ધો.૯માં અભ્યાસ કરતી રબારી સમાજની દિકરી સેજલબેન રૂડાભાઈ કોડીયાતર ૧૫ વર્ષીય વિદ્યાર્થીની ગત શનિવારે સવારે હોસ્ટેલના રૂમમાં પંખા પર લટકી આપઘાત કરી લીધો હતો. જેની સૌપ્રથમ જાણ સ્ટાફને થતા તેઓએ સ્કૂલ સંચાલકોને જાણ કરતા તેઓ તાત્કાલિક હોસ્ટેલમાં પહોંચી ગયા હતા, અને તેણીને ઉતારી વાલીઓને જાણ કરી પ્રથમ ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા જ્યાં તબીબે ડોક્ટરે સેજલબેનનુ મૃત્યુ થયુ હોવાનું જણાવી સરકારી હોસ્પીટલમાં લઈ જવાનુ કહેતા સ્કુલ સ્ટાફ દ્વારા સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે લાવવામાં આવ્યા હતા.

દરમિયાન બનાવની જાણ પોલીસને કરાતા પીએસઆઈ સવસેટા અને સ્ટાફ ઘટના સ્થળે અને સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે પહોંચી ગયા હતા અને પંચનામાં તથા નિવેદનો નોંધવાની કાર્યવાહી હાથ ધરી હતી. સરકારી દવાખાને સેજલબેનના સગાવહાલાઓ તેમજ મોટી સંખ્યામાં સમાજના લોકો એકઠા થઈ જતાં વાતાવરણ ગમગીન બની ગયું હતું. અને મૃતકના સ્વજનોએ ભારે હૃદયે રહસ્યમય આપઘાત પ્રકરણમાં તટસ્થ તપાસ થાય એવી માંગ કરી છે ત્યારે પોલિસે મૃતદેહનુ પીએમ કરાવી સાચું કારણ શોધવા કવાયત શરૂ કરી છે. વિદ્યાર્થીનીના આપઘાતના સ્થળ પરથી કથિત સ્યુસાઈ નોટ પણ પોલીસને મળી હોય ત્યારે તે દિશામાં પણ તપાસ હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

# વિજરખી પાસે જૈન મુનિને હડફેટેમાં લઈ નાસી જનાર વાહન ચાલક અંતે ઝડપાયો

જામનગર : જામનગર કાલાવડ ધોરીમાર્ગ પર વિજરખી ગામની ગોલાઇ પાસે થોડા દિવસો પહેલાં વિહાર કરીને જઈ રહેલા એક જૈન મુનિને અજાણ્યા વાહનના ચાલકે હડફેટ લઈ વાહન ચાલક ભાગી છૂટ્યો હતો. પોલીસ દ્વારા સીસીટીવી કેમેરાની મદદથી ભાગી છૂટનાર વાહન ચાલકને શોધી કાઢ્યો છે.

જામનગર કાલાવડ ધોરી માર્ગ પર વિહાર કરીને જઈ રહેલા જૈન મુનિ હિતશેખર વિજયજી મહારાજને કોઈ અજ્ઞાત વાહનના ચાલકે હડફેટેમાં લઈ લીધા હતા. જેથી તેઓને ઈજાગ્રસ્ત હાલતમાં સારવાર માટે જી.જી. હોસ્પિટલમાં દાખલ કરાયા હતા, અને જામનગરના પંચકોશી એ. ડિવિઝન પોલીસ મથકમાં અજાણ્યા વાહન ચાલક સામે ગુનો નોંધવામાં આવ્યો હતો. આ બનાવ બાદ પંચકોષી એ. ડિવિઝન ની પોલીસ ટીમે જુદા જુદા સીસીટીવી કેમેરાઓ વગેરે તપાસ્યા હતા. જે તપાસ દરમિયાન એક બોલરો કાર અકસ્માત સર્જીને ભાગી છૂટી હોવાનું તારણ નીકળ્યું હતું, જેના રજીસ્ટ્રેશન નંબરો મેળવાયા હતા, અને જી.જે.૧૦ ટી. એક્સ.૦૧૬૭ નંબરની બોલેરો કે જેનો ચાલક અકસ્માત સર્જીને ભાગી છૂટ્યો હોવાનું જાણવા મળ્યું હતું. ત્યાર બાદ પોલીસ દ્વારા બોલેરો કારચાલકની શોધ ખોળહાથ ધરવામાં આવી હતી, અને તેનું નામ રાજેશ ઉર્ફે રાજુ વેજાણંદભાઈ ભાટિયા (૨૮) અને જામનગર નજીક નાઘેડી વિસ્તારમાં માધવ રેસીડેન્સીમાં રહેતો હોવાનું જાણવા મળ્યું હતું. જેને પોલીસે શોધી કાઢ્યો હતો. અને પૂછપરછ કરતાં તેણે આખરે પોતે અકસ્માત સર્જીને ભાગી છૂટ્યો હોવાની કબુલાત આપી હતી. આથી પોલીસ દ્વારા તેની અટકાયત કરી લઈ તેનું વાહન પણ કબજે કરી લેવામાં આવ્યું છે.

# દ્વારકા નજીક હોટલ ઝીંઝરમાં લિફ્ટની અંદર ચાર મહિલાઓ ફસાઈ જતા ભારે દેકારો

## દ્વારકા પાલિકાની ફાયર ટીમની અથાગ મહેનત બાદ મહિલાઓને હેમખેમ બહાર કઢાઈ





તસવીર: રાકેશ સામાણી

દ્વારકા : યાત્રાધામ દ્વારકા નજીક આવેલ બરડીયા પાસે ખાનગી હોટલમાં રાજસ્થાનના યાત્રિકો ઉતર્યા હતા. દરમ્યાન હોટલની લિફ્ટમાં યાંત્રિક ખામી સર્જાતા અચાનક લિફ્ટ બંધ પડી જતા યાત્રિકો ફસાઈ જતા ભારે દોડધામ મચી ગઇ હતી. જો કે હોટલ સંચાલકો દ્વારા જહેમત બાદ લિફ્ટ ચાલુ ન થતા અંદર રહેલા ચાર લોકો મુંઝાઇ ગયા હતા. અને આખરે ફાયરની ટીમે લિફ્ટમાં ફસાયેલ ચારેય મહિલાને બહાર કાઢી હતી.

જાણવા મળતી વિગત મુજબ દ્વારકા નજીકના બરડીયા પાસે આવેલી હોટલ ઝીંઝરમાં ગત શનિવારે રાજસ્થનથી આવેલ અમુક યાત્રી રોકાયા હતા. જે સવારે ૧૧ વાગ્યા આસપાસ લિફ્ટ દ્વારા નીચે ઉતરવા જતા લિફ્ટની અંદર યાંત્રિક ખામી સર્જાઈ હતી. જેના કારણે લિફ્ટ અંદર રહેલી ચારેય મહિલા ગભરાઇ હતી. આ બાબતે દ્વારકા પાલિકા ફાયર શાખાને જાણ કરતા ફાયર ટીમ ઘટના સ્થળે પહોંચી ઘટના સ્થળે નિરીક્ષણ કરી લિફ્ટને યોગ્ય દિશામાં હટાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ કોઈ ટેકનીકલ કારણોસર લિફ્ટ ટસની મસ થઈ ન હતી જેથી ફાયર ફાઈટર વિભાગે ટોપ ફ્લોર ઉપર જઈ લિફ્ટને બાંધી ચેનકપાની મદદથી યોગ્ય દિશામાં ખસેડી હતી. લગભગ ત્રણ કલાકની ખૂબ જેમ જ બાદ અંદર ફસાયેલી ચાર મહિલાઓને બહાર કાઢવામાં ફાયર વિભાગને પરસેવો છૂટી ગયો હતો. દ્વારકા ફાયર વિભાગના ફાયર સ્ટાફ જીતેન્દ્ર કારડીયા, ભારાભા તેમજ પ્રમોદ સિહની મહેનત રંગ લાવી હતી અને હતપ્રત મહિલાઓએ ફાયરટીમનો આભાર વ્યક્ત કર્યો હતો.

# જામનગર ભાજપ દ્વારા ડૉ. આંબેડકરની પ્રતિમાને ફૂલહાર





તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર જામનગરમાં ડો. બાબા સાહેબ આંબેડકરને જન્મ જયંતીની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. ડો. બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને શહેરના મહાનુભાવના હસ્તે ફૂલહાર કરાયા હતા, ઉપરાંત કેકનું કટીંગ કરાયું હતું. જામનગરના ધારાસભ્ય દિવ્યેશ અકબરી, ધારાસભ્ય રિવાબા જાડેજા, મેયર વિનોદભાઈ ખીમસુરીયા, ડેપ્યુટી મેયર ક્રિષ્નાબેન સોઢા, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન નિલેશભાઈ કગથરા, શહેર ભાજપના અધ્યક્ષ ડો. વિમલભાઈ કગથરા, મહામંત્રી વિજયસિંહ જેઠવા, કોર્પોરેટર ગોપાલભાઈ સોરઠીયા, દલિત સમાજના અગ્રણી બાબુભાઈ ચાવડા તથા અન્ય અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા, અને સૌ પ્રથમ તમામ મહાનુભાવો દ્વારા ડો. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને ફુલહાર કરવામાં આવ્યા હતા, જ્યારે મહાનુભાવોના હસ્તે કેકનું કટીંગ કરાયું હતું.

# જામનગર શહેર જિલ્લા-કોંગ્રેસ દ્વારા ડૉ. આંબેડકર જયંતીની ઉજવણી





તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરમાં ડો. બાબા સાહેબ આંબેડકરની જન્મ જયંતીની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. ડો. બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને શહેર- જિલ્લા કોંગ્રેસના મહાનુભાવોના હસ્તે ફૂલહાર કરાયા હતા. જામનગર જિલ્લાના પૂર્વ સાંસદ તેમજ પૂર્વ ધારાસભ્ય વિક્રમભાઈ માડમ, જામનગર લોકસભાની બેઠકના કોંગ્રેસના ઉમેદવાર અને જિલ્લા પંચાયતના વિરોધ પક્ષના નેતા જે.પી. મારવીયા, જામ્યુકોના વિરોધ પક્ષના નેતા ધવલભાઈ નંદા, શહેર કોંગ્રેસ પ્રમુખ દિગુભા જાડેજા, વિરોધ પક્ષના પૂર્વ નેતા આનંદભાઈ રાઠોડ સહીતના કોંગી આગેવાનો, દલિત સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા, અને તમામ મહાનુભાવો દ્વારા ડો. બાબાસાહેબ આંબેડકર ની પ્રતિમાને ફુલ હાર કરવામાં આવ્યા હતા.

# જામનગરમાં એડવોકેટની હત્યા કેસમાં પૂર્વ કોર્પોરેટર સહિત વધુ ત્રણની અટકાયત

## આરોપીઓને અદાલતમાં રજૂ કરાતા ત્રણેયના ત્રણ દિવસના રિમાન્ડ મંજુર







તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરના એડવોકેટની હત્યાના પ્રકરણમાં જિલ્લા પોલીસ વડા દ્વારા સીટની રચના કરાયા બાદ પૂર્વ કોર્પોરેટર સહિત વધુ ૩ આરોપીને ઝડપી લેવાયા છે. જેને અદાલત સમક્ષ રિમાન્ડની માંગણી સાથે રજુ કરાયા છે. આ પ્રકરણમાં કુલ ધરપકડનો આંક ૧૪ નો થયો છે.

જામનગરના બેડી વિસ્તારમાં ગત તા.૧૩મી તારીખે એડવોકેટ હારૂનભાઈ પલેજાની હત્યા કરવામાં આવી હતી. જેમાં મૃતકના ભત્રીજા નુરમામદ પલેજાએ સાયચા ગેંગના ૧૫ શખ્સો સામે ફરિયાદ નોંધાવી હતી. જેમાં પોલીસે ગુન્હો નોંધી અત્યાર સુધીમાં બે સગીર સહિત ૧૦ આરોપીઓની ધરપકડ કરી તમામને જેલ હવાલે કરાયા છે, જ્યારે બે સગીરને બાળ સુધાર ગૃહમાં મોકલી દેવાયા છે. જ્યારે અન્ય એક આરોપી મહેબૂબ જુસબ સાયચાની અટકાયત કરી લઇ રિમાન્ડ પર લેવાયો છે.

દરમિયાન આ પ્રકરણમાં વધુ ત્રણ આરોપીઓ પૂર્વ કોર્પોરેટર ઉંમર ચમડિયા, કુખ્યાત આરોપી રજાક સોપારી અને શબ્બીર ચમડિયાની અટકાયત કરી લેવામાં આવી છે અને તેઓને રિમાન્ડની માંગણી સાથે અદાલત સમક્ષ રજૂ કરી ૩ દિવસના રિમાન્ડ પર લેવાયા છે. આ પ્રકરણમાં કુલ ધરપકડનો આંક ૧૪ નો થયો છે. હજુ ૧ આરોપીની શોધખોળ ચલાવાઇ રહી છે.

# જામનગરના મિલેનિયમ સ્પામાં સગીર બાળકોને કામે રાખનાર સંચાલકની કરાઈ અટકાયત

જામનગર : જામનગરમાં અંબર રોડ પર આવેલી એક બહુમાળી ઈમારતમાં ચાલતા સ્પામાં સગીરવયના બાળક કામ કરતા હોવાની બાતમીના આધારે પોલીસે દરોડો પાડયો હતો, અને બાળમજૂરી કરી રહેલા બે બાળકને મુક્ત કરવ્યા હતા. અને તેના વાલીને સોંપી દેવામાં આવ્યા છે. જ્યારે સ્પા માલિક અને સંચાલક સામે ગુનો નોંધી એકની અટકાયત કરી લેવામાં આવી છે. જ્યારે એકની શોધખોળ ચાલે છે.

જામનગર પોલીસના એ.એચ.ટી.યુ. વિભાગના સ્ટાફને ચોક્કસ માહિતી મળી હતી, કે શહેરના અંબર રોડ પર આવેલી અપૂર્વ પ્લાઝામા પ્રથમ માળે ચાલતા મિલેનિયમ સ્પામા નાના બાળકોને કામે રાખીને બાળમજૂરી કરાવી બાળકનું શારીરિક તેમજ આર્થિક શોષણ કરવામાં આવે છે. જેથી એએચટીયુની પોલીસ ટીમે શનિવારે દરોડો પાડયો હતો. અને સ્પમાં તપાસ કરતા બે સગીર બાળકો કામ કરી રહેલ મળી આવ્યા હતા. જેથી પોલીસ ટીમે બાળકના વાલીને સ્થળ પર બોલાવી તેનો કબજો વાલીને સોંપી દઇ ફરીથી બાળકને કામે નહીં મોકલવા સૂચન કર્યું હતું.

ઉપરાંત સ્પા માલિક મનોજ હરિદાસ રાયાણી તથા સંચાલક પ્યાલા વિશા વૈંકટ સૂર્યા સત્યનારાયણ સામે જુવેનાઇલ જસ્ટિસ એક્ટની કલમ મુજબ કાર્યવાહી કરી મનોજની અટકાયત કરી લેવામાં આવી છે. જયારે અન્ય એક શખ્સની શોધખોળ હાથ ધરી છે. આ કામગીરી પોલીસ ઈન્સ્પેકટર એન.ડી. સોલંકી તેમજ સ્ટાફના એએસઆઈ રણમલભાઈ ગઢવી, રાજદિપસિંહ ઝાલા, કિરણબેન મેરાણી, અને ભાવનાબેન સાબડીયા વગેરે કરી હતી.

# જામનગરમાં આર્થિક સંકડામણથી યુવાનનો આપઘાત

જામનગર : જામનગરમાં ગાંધીનગર નજીક મોમાઈ નગર વિસ્તારમાં રહેતા એક વિપ્ર યુવાને આર્થિક સંકળામણના કારણે ગળાફાંસા દ્વારા આત્મહત્યા કરી લીધી છે. મૃતકે મોબાઈલ એપ્લિકેશન મારફતે ખાનગી ફાઈનાન્સમાંથી લીધેલી લોનના ચક્કરમાં ફસાઈ ગયો હોવાથી આત્મહત્યાનું પગલું ભરી લીધાનું તેણે લખેલી સુસાઇડ નોટના આધારે જાણવા મળ્યું છે.

આ બનાવની વિગત એવી છે કે જામનગરના ગાંધીનગર નજીક મોમાઈ નગર વિસ્તારમાં રહેતા હિરેન રસિકલાલ પંડ્યા નામના ૩૮ વર્ષના યુવાને પોતાના ઘેર ગળાફાંસા દ્વારા આત્મહત્યાનો પ્રયાસ કરતાં તેને બેશુદ્ધ અવસ્થામાં સારવાર માટે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં લઈ જવાયો હતો. જયાં ફરજ પરના તબીબે તેનું મૃત્યુ નીપજ્યું હોવાનું જાહેર કર્યું હતું. આ બનાવ અંગે મૃતકના સંબંધી ધવલ શશીકાંત વ્યાસે પોલીસને જાણ કરતાં સીટી બી. ડિવિઝનના પોલીસ હેડ કોન્સ્ટેબલ પી.કે. વાઘેલા જી.જી. હોસ્પિટલમાં દોડી ગયા હતા, અને મૃતદેહ નો કબ્જો સંભાળી પોસ્ટ મોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી હતી.

મૃતકના ખિસ્સામાંથી તેણે લખેલી સુસાઇડ નોટ મળી આવી હતી, જેમાં પોતે મોબાઈલ એપ્લિકેશન મારફતે ખાનગી ફાઈનાન્સ કંપનીમાંથી લોન મેળવી હતી, જેના હપ્તા ચડી જતાં આર્થિક સંકળામણના કારણે પોતે આત્મહત્યા કરી રહ્યો છે, તેવો ઉલ્લેખ કરેલો હતો. જે સુસાઇડ નોટ પોલીસે કબજે કરી લઈ સમગ્ર બનાવના મામલે ઊંડાણપૂર્વકની તપાસ હાથ ધરી છે.

# ધ્રોલમાં પ્રેમ લગ્ન કરનાર યુવાનને સાળાએ ધોકાવાડી કરી ફ્રેક્ચર કરી નાખ્યું

જામનગર : જામનગર જિલ્લાના ધ્રોલમાં ચામુંડા પ્લોટ વિસ્તારમાં રહેતા એક યુવાને પ્રેમ લગ્ન કર્યા પછી તેનું મનદુઃખ રાખીને પ્રેમીકાના ભાઈએ લાકડાના ધોકા વડે હુમલો કરી હાથમાં ફ્રેક્ચર કરી નાખ્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવી છે.

આ બનાવની વિગત એવી છે કે જામનગર જિલ્લાના ધ્રોલમાં ચામુંડા પ્લોટમાં રહેતા રાહુલ ગેલાભાઈ પરમાર નામના ત્રીસ વર્ષના યુવાન પર જોડીયામાં રહેતા તેના સાળા મહેશભાઈ દેવજીભાઈ ગોહિલે લાકડાના ધોકા વડે હુમલો કરી હાથમાં ફ્રેક્ચર સહિતની ઈજા પહોંચાડયાની ફરિયાદ ધ્રોળ પોલીસ મથકમાં નોંધાવાઈ છે.

ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર ફરિયાદી યુવાને આરોપી બહેન સાથે સાતેક વર્ષ પહેલાં પ્રેમ લગ્ન કરી લીધા હતા પરંતુ હાલમાં તેની પ્રેમિકા પત્ની પોતાના ભાઈને ઘેર ચાલી ગઈ હોવાથી તેનું મનદુઃખ રાખીને પ્રેમિકાનો ભાઈ મહેશભાઈએ યુવાન પર ધોકાવાડા હુમલો કરી દઈ હાથમાં ફ્રેકચર કરી નાખ્યું હતું.

# જામ્યુકો દ્વારા આવતીકાલથી એડવાન્સ ટેક્ષ રીબેટ યોજનાનો પ્રારંભ : દોઢ માસ સુધી અમલમા રહેશે

જામનગર : જામનગર મહાનગપાલિકા દ્વારા પ્રતિ વર્ષની માફક ચાલુ વર્ષે પણ એડવાન્સ ટેક્ષ રીબેટ વળતર યોજના આવતીકાલ શરૂ થશે. જે તા.૧૬/૦૪/૨૪ થી તા.૩૧/૦૫/૨૪ સુધી એટલે કે દોઢ માસ સુધી અમલમાં રહેશે.

વર્ષ ૨૦૨૪-૨૫ અંતર્ગત જાહેર થયેલ રીબેટ યોજના અંતર્ગત એડવાન્સ મિલ્કત વેરા, ચજનરલ ટેક્સ (સામાન્ય કર) કન્ઝર્વસી એન્ડ સુઅરેજ ટેક્સ (સફાઈ કર્), વોટર ચાર્જ, સોલીડ વેસ્ટ કલેકશન ચાર્જ, ફાયર ચાર્જ, એન્વાયરમેન્ટ ઈન્યુવમેન્ટ / ગ્રીનરી ચાર્જ તથા સ્ટ્રીટ લાઈટ યુસેઝ ચાર્જની રકમ એડવાન્સમાં ભરનાર દરેક કરદાતાઓને નિયત થયેલ કેટગરી અનુસાર ૧૦ ટકાથી ૨૫ ટકા સુધીનું રીબેટ તા.૧૬/૦૪/૨૪ થી તા.૩૧/૦૫/૨૪ સુધી મળવાપાત્ર છે.

જેમા સામાન્ય કરદાતાઓને એડવાન્સ ટેક્સ ૧૦ ટકા રીબેટ , સિનીયર સિટીઝનને ૧૫ ટકા રીબેટ, શારીરીક ખોડખાપણ ધરાવતી વ્યકિતીઓને ૧૫ રીબેટ, બી.પી.એલ. કાર્ડ ધારક વિધવાઓને ૧૫ ટકા રીબેટ, કન્યા છાત્રાલયને ૨૫ ટકા રીબેટ, માજી સૈનિકોને ૨૫ ટકા રીબેટ, સ્વાતંત્રય સેનાનીઓ અને શહિદોની વિધવાઓને ૨૫ રીબેટ, અનાથાશ્રમ, વૃધ્ધાશ્રમ, અપંગ આશ્રમ, અને અંધાશ્રમને ૨૫ ટકા રીબેટ, સતત ત્રણ વર્ષ સુધી એડવાન્સ ટેક્સ ભરનારને ૨ ટકા વધુ રીબેટ મળશે, ઓનલાઈન ટેક્સ ભરનારને ૨ ટકા ડીસ્કાઉન્ટ (વધુમાં વધુ રૂા.૨૫૦/-) ગ્રીન એન્જીમાં પ્રોત્સાહન સ્વરૂપે સને ૨૦૨૪-૨૫ ના વર્ષ અગાઉ રહેણાંક મિલ્કતોમાં તથા બિન રહેલાંક મિલ્કતોમાં સોલાર અને સોલાર રૂફટોપ એનર્જી સિસ્ટમ વ્યક્તિગત પોરણે ઈનસ્ટોલ. કરવામાં આવેલ હોય, તેઓને એક વખત હાઉસ ટેક્સના ધોરણે પાંચ ટકા રીબેટ આપવામાં આવશે.

આ અંગેની વધુ જાણકારી માટે મિલ્કત વેરા શાખા તથા વોટર વર્કસ શાખાનો સંપર્ક કરવાનો રહેશે. વધુમા ઉપરોક્ત મુદ્દા રાજય સરકારની વ્યાખ્યા મુજબ સિનીયર સિટીઝન, શારિરીક ખોડ ખાપણ, બી.પી.એલ. કાર્ડ ધારક, વિધવાઓ, ચેરીટેબલ ટ્રસ્ટ, માજી સૈનિકો, સ્વાતંત્રય સેનાનીઓ અને શહીદોની વિધવાઓને, અનાથાશ્રમ, વૃધ્ધાશ્રમ, અપંગ આશ્રમ અને અંધાશ્રમને આધારો રજુ કર્યે રીબેટ મળવાપાત્ર રહેશે. આ રીબેટ યોજનાનો લાભ જે કરદાતાઓએ અગાઉનાં તમામ પ્રકારનાં વેરા ભરપાઈ કરેલ હશે તેવા કરદાતાઓને જ લાભ આપવામાં આવશે. માત્ર સરચાર્જ (શિક્ષણ ઉપકર) ઉપર રીબેટ આપવામાં આવશે નહિ.

૨૦૦૬ પહેલાની રેન્ટ બેઈઝ મુજબ બાકી મિલ્કત વેરા / વોટર ચાર્જ પર ૧૦૦ ટકા વ્યાજ માફી જામનગર મહાનગરપાલિકા દવારા રેન્ટ બેઈઝ પધ્ધતિ મુજબ ૨૦૦૯ પહેલાંની બાકી મિલ્કત વેરા / વોટર ચાર્જ ની સંપુર્ણ રકમ ભરપાઈ કર્યેથી વર્ષ ૨૦૨૪-૨૫ દરમ્યાન એટલે કે તા.૩૧/૦૩/૨૦૨૫ સુધી ૧૦૦ ટકા વ્યાજમાફી જાહેર કરવામાં આવેલ છે. ૨૦૦૬ પછીની કારપેટ બેઈઝ મુજબ બાકી મિલ્કત વેરા / વોટર ચાર્જ પર ૫૦ ટકા વ્યાજ માફી જામનગર મહાનગરપાલિકા દવારા કારપેટ બેઈઝ પધ્ધતિ મુજબ ૨૦૦૯ પછીની બાકી મિલ્કત વેરા / વોટર ચાર્જની રકમ ભરપાઈ કર્યેથી ૫૦% વ્યાજ રાહત તા.૩૧/૦૩/૨૦૨૫ સુધી જાહેર કરવામાં આવેલ છે. આ બંન્ને વ્યાજ માફી અને વ્યાજ રાહત યોજનાનો લાભ લેવા કરદાતાઓને અનુરોધ કરવામાં આવે છે.

મિલ્કત વેરા, વોટર ચાર્, સોલીડ વેસ્ટ કલેકશન ચાર્જ, ફાયર ચાર્જીસ, એન્વાયરમેન્ટ ઈમ્પ્રુવમેન્ટ / ગ્રીનરી ચાર્જ તથા સ્ટ્રીટ લાઈટ યુસેઝની ચાર્જની રકમ જામનગર મહાનગરપાલિકા મુખ્ય કેશ કલેકશન વિભાગ, ત્રણેય ( શરૂ સેક્શન રોડ, રણજીત નગર તથા ગુલાબ નગર ) સીટી સિવક સેન્ટરો, જામનગર શહેરમાં આવેલી એચ.ડી.એફ.સી. બેંક, નવાનગર કો ઓપ. બેંક, આઈ.ડી.બી.આઈ. બેંક તથા કોટક મહિન્દ્રા બેંક ની શહેર ની તમામ શાખાઓ, મોબાઈલ ટેક્સ કલેકશન વેન તથા મહાનગરપાલિકાની વેબસાઈટ્ .દ્બષ્ઠદ્બઙ્ઘદ્બહક્ષ્ક.ર્ષ્ઠદ્બ પર ઓનલાઈન પણ સ્વીકારવામાં આવશે. તેમ આસી. કમિરનર (ટેકસ) જીગ્નેશ નિર્મળની યાદીમા જણાવાયું છે.

# ખંભાળિયામાં બુધવારે રામનવમી નિમિત્તે ભવ્ય શોભાયાત્રા નીકળશે

ખંભાળિયા : મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રી રામના જન્મોત્સવ પર્વની ખંભાળિયામાં અનેરા ભક્તિ ભાવપૂર્વક ઉજવણી થનાર છે. આ પ્રસંગે દર વર્ષની જેમ આ વર્ષે પણ વિશ્વ હિન્દુ પરિષદ તથા બજરંગ દળના ઉપક્રમે ભવ્ય શોભાયાત્રા તેમજ મંગળવાર તા. ૨૩ ના રોજ હનુમાન પ્રાગટ્ય મહોત્સવ ઉજવાશે.

ખંભાળિયામાં રામનવમીની ભવ્ય ઉજવણી માટે તાજેતરમાં એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બુધવાર તારીખ ૧૭ મી ના રોજ રામનવમીના પાવન પર્વે ભગવાન શ્રીરામની ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ શોભાયાત્રા બુધવારે સાંજે ચાર વાગે અત્રે નગર ગેઈટ પાસે આવેલા ભગવાન શ્રી રામ મંદિર ખાતેથી શ્રીરામની આરતી સાથે શરૂ થશે. જે અહીંના બરછા સ્ટ્રીટ, મોરલી મંદિર, લુહાર શાળ, ઝવેરી બજાર, માંડવી ટીંબો, ગૂગળી ચોક, રંગમહોલ સ્કૂલ, કલ્યાણરાયજી મંદિર, મેઈન બજાર, રાજડા રોડ, જોધપુર ગેઈટ, રોકડીયા હનુમાન મંદિર, નગર ગેઈટ થઈને પુન: શ્રી રામ મંદિરે પૂર્ણ થશે.

માર્ગમાં વિવિધ મંડળો, સંસ્થાઓ તથા આગેવાનો વિગેરે દ્વારા આ શોભાયાત્રાનું ભવ્ય સ્વાગત કરવામાં આવશે. આ ઉપરાંત આગામી તારીખ ૨૩ એપ્રિલના રોજ હનુમાન પ્રાગટ્ય મહોત્સવની ઉજવણી પણ કરવાનું નક્કી થયું છે. જેમાં સાંજે ચાર વાગ્યે શ્રી રામ મંદિર ખાતેથી શારદા સિનેમા મેઈન રોડ થઈને રોકડિયા હનુમાનજી મંદિર સુધી શોભાયાત્રા નીકળશે. આ ધર્મમય આયોજનોમાં સહભાગી થવા સર્વે ધર્મપ્રેમી રામ ભક્તોને વિશ્વ હિન્દુ પરિષદ તથા બજરંગ દળ દ્વારા અપીલ કરવામાં આવી છે.

## ભાણવડમાં ૬ બાટલી દારૂ સાથે શખ્સ ઝડપાયો : સપ્લાયરની શોધખોળ

ખંભાળિયા : ભાણવડ નજીકના ગડુ ગામે મોટર સાયકલ પર જઈ રહેલા એક શખ્સને પોલીસે રોકી તેની તલાશી લેતાં તેમના કબ્જામાંથી ઈંગ્લીશ દારૂની બોટલો મળી આવતા તેની મુદામાલ સાથે અટકાયત કરી છે.

ભાણવડથી દૂર ગડુ ગામના પાટીયા નજીકથી પોલીસે વિદેશી દારૂની છ બોટલ તથા મોટરસાયકલ મળી કુલ રૂપિયા 27,400ના મુદ્દામાલ સાથે રાણપર ગામના ડાયા ટપુ ચાવડાને ઝડપી લીધો હતો. આરોપી ડાયા ચાવડાને દારૂ આપનાર રણપર ગામનો લાખા ટપુ ચાવડા પોલીસને હાથ ન લાગતા ભાણવડ પોલીસે પ્રોહીબીશન એક્ટ મુજબ ગુનો આગળની તપાસ હાથ ધરી છે.

# જામનગરમાં ફાયર સર્વિસ ડેની ઉજવણી અંતર્ગત ૬૬ જવાનોને પરંપરાગત અપાઈ શ્રદ્ધાંજલિ



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર મહાનગરપાલિકાના સંકુલ પાછળ આવેલ ફાયર બ્રિગેડનાં મુખ્યાલયે ફાયર સર્વિસ ડેની ઉજવણી કરવામાં આવી હતી. જામનગર મહાનગર પાલિકાના નાયબ કમિશ્નર ઝાલા, સિટી એન્જીનીયર ભાવેશભાઈ જાની અને ચીફ ફાયર ઓફિસર કે.કે.બિશ્નોઈ સહિતના અધિકારીઓ અને ફાયરના જવાનો કાર્યક્રમમાં સામેલ થયા હતા. ઉલ્લેખનીય છે કે, વર્ષ ૧૯૪૪ માં ૧૪ એપ્રિલે મુંબઈ બંદર પર લાગેલી આગ બુઝાવામાં ફાયર બ્રિગેડના ૬૬ જવાનો શહીદ થયા હતાં. જેની સ્મૃતિમાં દર વર્ષે ૧૪ એપ્રિલે ફાયર સર્વિસ ડે ઉજવવામાં આવે છે. જામનગરમાં પણ અધિકારીઓ અને ફાયરનાં જવાનોએ કર્તવ્યનિષ્ઠામાં પ્રાણોની આહુતિ આપનાર શહીદોને પુષ્પાંજલિ સાથે શ્રદ્ધા સુમન અર્પણ કરવામાં આવ્યા હતાં.

# જોડીયાના ભાદરા ગામના પાટીયા પાસેથી કતલખાને લઈ જવાતા ૨૪ ઘેટા-બકરાને બચાવ્યા

## શખ્સની અટકાયત કરી અબોલ જીવને પાંજરાપોળમાં મોકલાવ્યા

જામનગર : જોડિયા તાલુકાના ભાદરા ગામ ની ચેક પોસ્ટ પર ફરજ બજાવી રહેલી પોલીસ સ્ટાફે ૨૪ જેટલા ઘેટા બકરાને કતલખાને જતા બચાવ્યા છે, અને પાંજરાપોળમાં મોકલી આપ્યા છે. તેમજ ભચાઉ કચ્છના શખ્સ ની અટકાયત કરી લઈ બોલેરો વાહન કબજે કર્યુ છે.

આ દરોડા ની વિગત એવી છે કે જામનગર જિલ્લામાં ચૂંટણીને અનુલક્ષીને જુદા જુદા વિસ્તારમાં ચેક પોસ્ટ ઊભી કરાઈ છે, જેના ભાગરૂપે જોડિયા તાલુકાના ભાદરા ગામના પાટિયા પાસે ચેક પોસ્ટ ઉભી કરવામાં આવી છે, જે સ્થળે ગઈ રાત્રે પોલીસ દ્વારા વાહન ચેકિંગ કરવામાં આવી રહ્યું હતું.

જે દરમિયાન જીજે -૧૨ કે.વાય. ૭૯૪૩ નંબરનું બોલેરો પિકઅપ વાન નીકળતાં પોલીસ દ્વારા તેની તલાસી લેવામાં આવી હતી.

તે તલાસી દરમિયાન બોલેરો વાહનમાં ૨૪ જેટલા ઘેટા બકરાઓને દોરડાથી ખીચો ખીચ બાંધીને ભરવામાં આવ્યા હતા, અને કચ્છ તરફ કતલખાને લઈ જવામાં આવતા હોવાનું ધ્યાનમાં આવ્યું હતું.

તેથી પોલીસે તમામ ૨૪ અબોલ જીવને બચાવી લઇ પાંજરાપોળમાં મોકલી આપ્યા હતા, જયારે અબોલ પશુઓને કતલખાને લઈ જનાર ભચાઉ કચ્છના મોહમ્મદશા આમિરશા શેખ ને ઝડપી લીધો છેઝ અને તેની પાસેથી બોલેરો પીકપવેન કબ્જે કર્યું છે.

જેની સામે પશુઓ પ્રત્યે ઘાતકી વર્તન અટકાવવા માટે ના કાયદો ૧૯૬૦ ની કલમ ૧૧(૧)(ડી) ૧૧(૧)(ઈ) અને ૧૧(૧)(આઈ) મુજબ ગુન્હો નોંધ્યો છે.

## જામનગર તાલુકાના મસીતિયા ગામેં બાળકીને તાણ-આંચકી આવતા મૃત્યુ

જામનગર : જામનગર તાલુકાના મસિતિયા ગામમાં રહેતી ૬ વર્ષની બાળકીને તાવ આવ્યા પછી આંચકી આવી જતાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા પછી તેણીનું મૃત્યુ નીપજ્યું હતું.

આ બનાવની વિગત એવી છે કે જામનગર તાલુકાના મસીતીયા ગામમાં રહેતા મહમદભાઈ મુસાભાઇ સંધિ નામના ખેડૂતની ૬ માસની પુત્રી ફરઝાનાબેન મહમદભાઈ સંધિ કે જેને છેલ્લા એકાદ દિવસથી તાવ આવતો હતો, અને તેણીને એકાએક આંચકી આવી જતાં બેશુદ્ધ અવસ્થામાં સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી, જ્યાં સારવાર દરમિયાન તેણીનું મૃત્યુ નીપજ્યું છે. આ બનાવ અંગે પોલીસને જાણ કરાતાં પંચકોશી બી. ડિવિઝન પોલીસે જી.જી. હોસ્પિટલમાં દોડી જઈ બાળકીના મૃતદેહનો કબજો સંભાળ્યો છે, અને પોસ્ટમોર્ટમ કરાવ્યું છે. જ્યારે સમગ્ર બનાવ મામલે ઊંડાણપૂર્વકની તપાસ હાથ ધરી છે.

# જામનગરના સુભાષ બ્રીજ પાસેથી ગાંજાના જથ્થા સાથે શખ્સ ઝડપાયો

જામનગર : સુરેન્દ્રનગરના વઢવાણ ગામમાંથી એક શખ્સ નસીલા પદાર્થ ગાંજાનો જથ્થો જામનગરમાં સપ્લાય કરવા માટે આવતાં એસ.ઓ.જી.ના હાથે પકડાઈ ગયો છે. પોલીસે ગાંજાનો જથ્થો કબ્જે કરી લઇ જામનગરના રીસીવરની શોધખોળ હાથ ધરી છે.

જામનગરની એસ.ઓ.જી. શાખાને ચોક્કસ બાતમી મળી હતી કે સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ નો વતની મુબારક અબુભાઈ બાવળીયા કે જે નશીલા પદાર્થ ગાંજા નો જથ્થો જામનગરમાં ઘુસાડવા આવી રહ્યો છે, તેવી ચોક્કસ બાતમી ના આધારે સુભાષ બ્રિજ પર વોચ ગોઠવી મુબારક બાવળિયા ને ઝડપી લીધો હતો, અને તેના કબજા માંથી રૂપિયા ૫,૦૦૦ ની કિંમત નો ૫૦૦ ગ્રામ ગાંજાનો જથ્થો કબજે કરી લીધો હતો. જેની ઊંડાણપૂર્વકની પૂછપરછ દરમિયાન પોતે ગાંજા નો જથ્થો જામનગરમાં રહેતા મહમદ મુસાભાઈ કક્કલ નામના શખ્સને સપ્લાય કરવા માટે આવ્યો હોવાનું કબુલ્યું હતું. તેથી પોલીસે મહમદ મુસાભાઈને ફરારી જાહેર કર્યો છે, અને તેની શોધખોળ હાથ ધરી છે.

## કાલાવડના હરીપર મેવાસાની પરીણિતાએ માનસિક બિમારીને લીધે કર્યો આપઘાત

જામનગર : જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના હરીપર મેવાસા ગામમાં રહેતી એક પરણીતાએ માનસિક બીમારીના કારણે ઝેરી દવા પી લઇ આત્મહત્યા કરી લીધી છે.

આ બનાવની વિગત એવી છે કે મૂળ રાજસ્થાનના પાલી જિલ્લાની વતની અને હાલ કાલાવડ તાલુકાના હરીપર મેવાસા ગામના ખેડૂત ભીખુભાઈ હાલેપોત્રાની વાડીમાં રહીને ખેત મજૂરી કામ કરતી સંતોષબેન દુર્ગારામ દેવડા નામની ૪૪ વર્ષની પરપ્રાંતિય શ્રમિક મહિલા, કે જે કેટલાક સમયથી માનસિક બીમારીથી પીડાતી હતી, અને ક્યારેક ધૂણતી પણ હતી.

દરમ્યાન ગત ૧૨ મી તારીખે રાત્રિના સમયે પોતાની વાડીની ઓરડીમાં ઝેરી દવા પી લઈ આત્મહત્યાનો પ્રયાસ કરતાં તેણીને સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી, જયાં ગઈકાલે સારવાર દરમિયાન તેણીનું મૃત્યુ નિપજ છે.

આ બનાવ અંગે મૃતકના પતિ દુર્ગારામ દેવારામ દેવડાએ પોલીસને જાણ કરતાં કાલાવડ ગ્રામ્ય પોલીસે મૃતદેહ નો કબ્જો સંભાળી પોસ્ટ મોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી છે.

## લાલપુરના પીપળી ગામે કેન્સરની બિમારીએ મહિલાનો ભોગ લીધો

જામનગર : જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના પીપળી ગામની એક મહિલા કેન્સરની બીમારીથી પીડાતી હોવાથી તેની તબિયત લથડતાં જામનગરની જી.જી. હોસ્પિટલમાં સારવાર દરમિયાન મૃત્યુ નીપજ્યું છે.

આ બનાવની વિગત એવી છે કે લાલપુર ના પીપળી ગામમાં રહેતી જશુબેન ચમનભાઈ મકવાણા નામની ૪૫ વર્ષની મહિલા કે જે છેલ્લા કેટલાક સમયથી પેટના કેન્સરની બીમારીથી પીડાતી હતી, અને તેણીની તા ૨૦.૩.૨૦૨૪ ના દિવસે એકાએક તબિયત લથડી હતી, અને તેણીને સારવાર માટે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. જ્યાં સારવાર દરમિયાન તેણીનું મૃત્યુ નીપજ્યું છે. આ બનાવ અંગે મૃતકના પતિ ચમનભાઈ હરજીભાઈ મકવાણાએ પોલીસને જાણ કરતાં લાલપુરના પોલીસ હેડ કોન્સ્ટેબલ ટીનુભા જાડેજા જી.જી. હોસ્પિટલમાં દોડી ગયા હતા, અને મૃતદેહનો કબજો સંભાળી પોસ્ટ મોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી છે.

# જામનગર શહેરમાં રામનવમીના પાવનકારી પર્વ પહેલા જ ભક્તિ ફેરીથી વાતાવરણ રામમય બન્યુ



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : આગામી તારીખ ૧૭.૪ ને બુધવારના દિવસે મર્યાદાપુરુષોત્તમ શ્રી રામચંદ્ર ભગવાનની આરાધનાનું પર્વ રામનવમીનો તહેવાર હોય તે પહેલાં જ છોટી કાશી ગણાતા જામનગર શહેરના રામભક્તોમાં ઉત્સાહ જગાવવા માટે શનીવારે રાત્રે 'ભક્તિફેરી'નો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

મહાદેવ હર મિત્ર મંડળ અને હિન્દુ ઉત્સવ સમિતિના સંયુક્ત ઉપક્રમે પ્રતિવર્ષ રામનવમીના દિવસે ભવ્યાતિભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે અયોધ્યામાં ભગવાન શ્રી રામચંદ્રજીનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ થઈ ચૂક્યો છે, અને ભવ્ય રામમંદિર દર્શનાર્થીઓ માટે ખુલ્લુ મુકાયું છે, ત્યારે આ વર્ષે રામનવમીના તહેવારમાં જામનગરમાં પણ ભારે ઉત્સાહ જોવા મળી રહ્યા છે, અને શોભાયાત્રા રંગેચંગે યોજાવાની છે. જેના આયોજનને આખરી ઓપ આપવા માટે શનિવારે રાત્રે યોજાયેલી મિટિંગ પૂર્ણ થયે ઉપસ્થિત તમામ ભક્તજનોની સંગાથે 'ભક્તિ ફેરી' યોજાઈ હતી.

શહેરના પંચેશ્વર ટાવર પાસેના શ્રી રામદૂત હનુમાનજી મંદિરેથી સ્વામિનારાયણ સંપ્રદાયના કોઠારી સ્વામી ચતુર્ભુજ દાસજી મહારાજના હસ્તે ભગવા ધ્વજ ફરકાવીને ભક્તિ ફેરીનું પ્રસ્થાન કરાવાયું હતું. આ ભક્તિ ફેરી મહાદેવ હર મિત્ર મંડળના પ્રમુખ રાજુભાઇ વ્યાસ (મહાદેવ)ની આગેવાની હેઠળ જય જય શ્રી રામના જયઘોષ સાથે સુપ્રસિદ્ધ બાલા હનુમાનજી મંદિરે પહોંચી હતી. જયાં પ્રભુદર્શન કરીને મંદિર પરિસરમાં ચાલી રહેલા અખંડ રામધુનના પાઠની સાથે તમામ રામ ભક્તોએ જોડાઈને સંગીતની સાથે 'શ્રીરામ જય રામ જય જય રામ'ની ધૂન બોલાવી હતી. ત્યાર પછી આ ભક્તિ ફેરી પુન: પંચેશ્વર ટાવર પરત ફરી હતી. જેમાં બન્ને આયોજક સંસ્થાના અગ્રણીઓ - કાર્યકરો ઉપરાંત શહેરના ધાર્મિક, સામાજિક, જ્ઞાતિ મંડળો, યુવક મંડળોના પ્રતિનિધિઓ તેમજ મોટી સંખ્યામાં રામભક્તો જોડાયા હતા, અને રામ નવમીના પાવનકારી પર્વ પહેલાં જ 'છોટી કાશી'માં રામમય વાતાવરણ બનેલું જોવા મળ્યું હતું.

## યાત્રાધામ દ્વારકામાં આંબેડકર જયંતિની ભવ્ય ઉજવણી : વિશાળ શોભાયાત્રા માર્ગો પર ફરી



તસવીર: રાકેશ સામાણી

દ્વારકા : સમગ્ર રાજ્યની સાથે તીર્થ નગરી દ્વારકામા પણ ડો બાબા સાહેબ આંબેડકરની ૧૩૩ મી જન્મ જયંતીની હર્ષોલ્લાસ થી ઉજવણી કરવામાં આવી જેમાં બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને આગેવાનો, યુવાનો,મહિલાઓ એ પુષ્પાંજલી અર્પણ કરી ડો.બાબા સાહેબ આંબેડકરની પ્રતિમા ને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.૧૩૩ મી જન્મ જયંતીને લઈ બાળકો, યુવાનો,મહિલાઓ દ્વારા દ્વારકા માં ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી અને જય ભીમના નારા સાથે આ શોભાયાત્રા દ્વારકા શહેરમાં કલાકો સુધી ફરી હતી.બસભામા જાહેરાત કરવામાં આવી હતી કે દ્વારકાનાં ખોડીયાર મંદિર નજીક સરકારએ સમાજ વાડી બનાવવા જગ્યા ફાળવી છે અને તેના માટે રાજ્ય સરકારનો આભાર આગેવાનોએ માન્યો હતો.

## જામનગરમાં મોબાઈલમાં ક્રિકેટનો સટ્ટો રમતો શખ્સ ઝડપાયો : બુકીનું નામ ખુલ્યુ

જામનગર : જામનગરમાં ગ્રેઈન માર્કેટ વિસ્તારમાં પોલીસ જુગાર અંગે દરોડો પાડી મોબાઈલ ફોનની આઇ.ડી. મારફતે આઈ.પી.એલ. ની ક્રિકેટ મેચ પર જુગાર રમી રહેલા એક શખ્સની અટકાયત કરી છે, જ્યારે તેની સાથે ક્રિકેટના સોદાની કપાત કરનાર મુખ્ય બુકીને ફરારી જાહેર કરાયો છે.

જામનગરના સિટી બી. ડિવિઝનના પોલીસ સ્ટાફને ચોક્કસ બાતમી મળી હતી કે, જામનગરમાં રામેશ્વર નગર વિસ્તારમાં રહેતો દીપ ઉર્ફે કાનો દિનેશભાઈ કોટેચા નામનો શખ્સ ગ્રેઈન માર્કેટ વિસ્તારમાં જાહેરમાં ઉભા રહીને પોતાના મોબાઈલ ફોનની આઈડી મારફતે આઈ.પો.એલ. ની ક્રિકેટ મેચ પર ક્રિકેટનો સટ્ટો રમી રહ્યો છે, જેથી દરોડો પાડી દિપ કોટેચાને ઝડપી લીધો હતો. તેની પાસેથી ૯૫૦ની રોકડ રકમ અને મોબાઈલ ફોન સહિત ૫,૯૫૦ની માલમતા કબજે કરી છે. પોલિસ પૂછપરછમાં જામનગરના નટુભાઈ નામના બુકી સાથે ક્રિકેટના સોદાની કપાત કરતો હોવાથી તેને ફરારી જાહેર કર્યો છે.

## જામનગરમાં ક્રિકેટ મેચ પર સટ્ટો રમતા રીક્ષા ચાલક અને સફાઈ કામદાર પકડાયા

જામનગર : જામનગરમાં દિગ્વિજય પ્લોટ વિસ્તારમાં પોલીસે જાહેરમાં મોબાઈલ ફોનમાં આઈડી મારફતે આઈપીએલની ક્રિકેટ મેચ પર રન ફેરનો જુગાર રમી રહેલા એક રીક્ષા ચાલક તથા સફાઈ કામદારને ઝડપી લીધા છે, જ્યારે તેઓ સાથે સોદાની કપાત કરનાર એક બુકીને ફરારી જાહેર કરાયો છે.

જામનગરમાં દિગ્વિજય પ્લોટ વિસ્તારમાં બે શખ્સો મોબાઈલ ફોનમાં આઈપીએલની ક્રિકેટ મેચ પર જુગાર રમી રહ્યા છે તેવી બાતમીના આધારે સીટી એ. ડિવિઝન પોલીસે દરોડો પાડયો હતો અને વિપુલ ઉર્ફે બાઠીયા અમૃતલાલ ગોરી નામના રીક્ષા ચાલક તેમજ મહેશ રામજીભાઈ મકવાણા નામના સફાઈ કામદારને ઝડપી લીધા હતા. બંને પાસેથી રોકડ રકમ અને મોબાઈલ ફોન સહિતનું સાહિત્ય કબજે કર્યું છે. પોલીસની પૂછપરછ દરમિયાન તેઓ ૭૪૩૪૮ ૦૫૦૧૫ નંબરના મોબાઈલ ધારક સાથે ક્રિકેટના સોદાની કપાત કરતા હોવાથી તે નંબરના વપરાશકર્તા મુખ્ય બુકીને ફરારી જાહેર કરાયો છે અને તેની શોધખોળ હાથ ધરી છે.

## કનસુમરા પાસે ગેરકાયદે હથિયાર સાથે શખ્સ ઝડપાયો

જામનગર : જામનગરના કનસુમરા ગામના પાટીયા પાસેથી એક શખ્સને ગેરકાયદે હથિયાર જામગરી બંદૂક સાથે પોલીસે ઝડપી લીધો છે,

જામનગરના એસ.ઓ.જી. શાખાના પોલીસ સ્ટાફને ચોક્કસ બાતમી મળી હતી, કે જામનગરના નાગેશ્વર વિસ્તારમાં રહેતો નારણભાઈ સોમાભાઈ મકવાણા નામનો શખ્સ પોતાના કબજામાં ગેરકાયદે હથિયાર રાખીને મસીતીયા રોડ પરથી પસાર થઈ રહ્યો છે, જેથી મોડી રાતે વોચ ગોઠવી નારણભાઈ મકવાણાને ઝડપી લીધો હતોઝ અને તેના કબજા માંથી રૂપિયા બે હજારની કિંમતની દેશી હાથ બનાવટની જામગરી બંદૂક કબજે કરી લીધી છે, અને આ હથીયાર ક્યાંથી લાવ્યો, તે અંગેની માહિતી મેળવવા માટે તેને રિમાન્ડ પર લેવા કાર્યવાહી હાથ ધરી છે.

સૌરાષ્ટ્ર આસપાસ Owner : Leela News Network Private Limited Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Near Anupam talkies, Shivam Building, Bedi Gate, Jamnagar. Editor: Rajesh Kiritbhai Dave* Vijay Kotecha(Responcible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

## ચીન સામેનું આર્થિક યુદ્ધ સરળ નથી

જર્મન ચાન્સેલર ઓલાફ સ્કોલ્ટ્ઝ આ સપ્તાહના અંતમાં ચીનની મુલાકાતે જવાના છે. તેનો સૌથી મોટો પડકાર પશ્ચિમી દેશોના વધુને વધુ કઠોર અવાજોના યુગમાં જર્મનીના સૌથી મોટા વેપાર ભાગીદાર સાથે સંતુલિત વાટાઘાટો જાળવવાનો રહેશે. અમેરિકા જાપાન ભારત સહિતના દેશો ચીનની વિસ્તારવાદી નીતિ સામે એક થઈ રહ્યા છે. છતાં પણ ચીનને પહોંચી વળવું સરળ નથી વિસ્તારવાદી ચીને એકસાથે દુનિયાના અનેક દેશો સામે મોરચો માંડ્યો છે. બીજું વિશ્વયુદ્ધ જર્મનીના વિસ્તારવાદમાંથી ઊભું થયું હતું અને તેના મૂળમાં હિટલર હતો. ચીનના આજના વિસ્તારવાદના મૂળમાં તેના આજીવન પ્રમુખ થઈ બેઠેલા પ્રમુખ શી જિનપીંગ છે. ચીને લદાખ મોરચે લશ્કરી કાર્યવાહી કરીને પોતાની સરહદ વિસ્તારવાની પ્રવૃત્તિ હાથ ધરી છે. આમાં ભારતના ૨૦ સૈનિકોની કરવામાં આવેલી હત્યાથી દેશમાં ચીન સામે ભારે આક્રોશ સર્જાયો હતો.એ સૂચક છે કે આ આક્રોશ આર્થિક મોરચા તરફ વળી ગયો છે. પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલી આ પ્રકારની હરકતમાં એકની સામે દસ માથાંની માગણી કરનારા રાષ્ટ્રવાદીઓ ચીન સામે એવાં જ પગલાંની માગણી કરવાના વિકલ્પે ચીનનાં માલના બહિષ્કારની માગણી કરી રહ્યા છે. આમાંથી ચીનની આર્થિક તાકાત અને ભારત ચીન વચ્ચેના આર્થિક સંબંધો ચર્ચાનો વિષય બન્યા છે.મુદ્દો એ છે કે જેમ લશ્કર દ્વારા યુદ્ધ કરવાનું સરળ નથી, તેમ આર્થિક મોરચે પણ યુદ્ધ છેડવાનું સરળ નથી. તેની પણ દેશમાં કોઈક વર્ગોએ કિંમત ચૂકવવી પડે છે. તેથી અત્યારે તો ‘ ડિજિટલ સ્ટ્રાઇક’ અને ચીનની કંપનીઓને અપાયેલા કેટલાક કોન્ટ્રેક્ટ રદ કરીને સંતોષ માનવો પડ્યો છે.‘ ડિજિટલ સ્ટ્રાઇક’ કરીને ચીનની ૫૯ એપ પર દેશમાં પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. જોકે આ પ્રતિબંધ દેશની સલામતી માટે મૂકવામાં આવ્યો છે એવું કારણ રજૂ કરવામાં આવ્યું છે. મુદ્દો એ છે કે ચીનની આક્રમક નીતિનો સામનો કેવી રીતે કરવો તે અંગે સરકાર હજી સ્પષ્ટ થઈ શકી નથી.

પ્રથમ ચીનની આર્થિક તાકાતનો પરિચય મેળવીએ. કુલ જીડીપીના (ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ/ કુલ ઘરેલુ ઉત્પાદન) આધારે માપતાં ચીન આજે દુનિયાની બીજા નંબરની મહાસત્તા છે. તેની કુલ જીડીપી વર્ષ ૨૦૧૮માં ૧૪ લાખ કરોડ ડોલર હતી. તેની તુલનામાં ભારતની કુલ જીડીપી ત્રણ લાખ કરોડ ડોલરની હતી. એ વધારીને ત્રણ વર્ષમાં પાંચ લાખ કરોડ ડોલરની કરવાનો લક્ષ્યાંક વડાપ્રધાને આપ્યો હતો. હવે જોકે એ ભુલાઈ ગયો છે અને તેનું સ્થાન આત્મનિર્ભર ભારતે લીધું છે.

દુનિયાની નિકાસોમાં ૧૪ ટકાના હિસ્સા સાથે ચીન પ્રથમ ક્રમે આવે છે અને આયાતોમાં ૧૦ ટકાના હિસ્સા સાથે તે બીજા ક્રમે આવે છે. આની સરખામણીમાં વિશ્વવેપારમાં ભારતનો હિસ્સો બે ટકા જેટલો છે. આમ વૈશ્વિક અર્થતંત્રમાં ચીન એક મહાસત્તા છે. વધારે અગત્યની બાબત એ છે કે આ સ્થાન તેમણે માત્ર ચાર દસકા જેવા ટૂંકા સમયગાળામાં હાંસલ કર્યું છે. જેની ગણના ૧૯૮૦ સુધી ભારતની જેમ એક ગરીબ દેશમાં થતી હતી તે આજે વિશ્વની એક મહાસત્તા બની ગયું છે. ચીની પ્રજા અને તેના શાસકોની ગતિશીલતા અને તેમની ધાર્યું નિશાન પાર પાડવાની વ્યવસ્થાશક્તિ આની પાછળ રહેલાં છે.

# સંગઠિત ખેડૂતો મૂલ્ય વૃદ્ધિથી વિકાસ સાધે

**વિકાસ અને વિકલ્પ** -ડૉ. નાનક ભટ્ટ

વર્ષ ૨૦૨૧-૨૨ માં કચ્છ જિલ્લાના માંડવી તાલુકાના ૨૦ ખેડૂતોએ સંકર ૪ જાતના કપાસનું વાવેતર કર્યું. કપાસની માવજત લેવામાં આ ખેડૂતોએ ઇંન્ટિગ્રેટેડ પેસ્ટ મેનેજમેન્ટની પદ્ધતિ અનુસાર ૫૦ ટકા સેન્દ્રિય ખાતર અને ૫૦ ટકા રાસાયણિક ખાતર અને દવાઓનો વિવેકપૂર્ણ ઉપયોગ કર્યો. આથી લાંબો તાંતણો ધરાવતા ૧૬,૦૦૦ કિલો કપાસનો ઉતારો મળ્યો. બજારભાવે કપાસિયા સાથેનું રૂ વેચી દેવામાં આવે તો ખેડૂતોને ૬ લાખની આવક થાય. પરંતુ કચ્છના આ ખેડૂતો કપાસમાંથી બીજ છૂટાં પાડીને ભૂજમાં જિનિંગ માટે લઈ ગયા. તે પછી મોરબી ખાતે મિલમાં યાર્ન, તાર તૈયાર કરાવી તે જ મિલમાં સફેદ રંગનાં ટી-શર્ટનું વિવિંગ કરાવ્યું. તેના પરિણામે ૨૦ ખેડૂતોના ૮૦૦ મણ કપાસમાંથી ૫૦૦૦ નંગ ટી-શર્ટ બન્યાં. આ ટી-શર્ટના નિર્માણમાં રાસાયણિક પ્રક્રિયાનો શક્ય તેટલો ઓછો ઉપયોગ થયો હતો. આથી તેને "સેમીઓર્ગેનિક’નું પ્રમાણપત્ર મળ્યું અને બેલ્જિયમ ખાતે ઓકસફાર્મ દ્વારા એક ટી-શર્ટના રૂ.૧૧૦૦ લેખે ખરીદી કરાઈ. એટલું જ નહીં પણ કપાસમાં વેલ્યૂ એડિશનના કાર્યથી પ્રભાવિત થયેલ વિદેશી વ્યાપારીઓએ બીજાં ૨૫,૦૦૦ ટી-શર્ટનો ઓર્ડર આપ્યો.

ધરતીમાતાની ચાકરી કરનાર ગુજરાતનો ખેડૂત પેઢી દર પેઢીથી કપાસ ઉગાડે છે અને ગાંસડીઓ બાંધી વિદેશમાં નિકાસ કરે છે. એક જમાનામાં માંચેસ્ટર ઉદ્યોગ જેના પર નભતો તેવા આપણા કપાસના ખેડૂતોની શક્તિ જોઈ ગાંધીજીએ સ્વરાજની ચળવળ સાથે રેંટિયાની વાત ઘર સુધી પહોંચાડી, ગરીબ માણસને સ્વાવલંબી બનાવવા ખાદીના વસ્ત્રને પ્રતિષ્ઠા આપી. પરંતુ રેંટિયાને એક તકનીક તરીકે સ્વીકારનાર ગાંધીનું તત્ત્વ તેમના તંત્રવાહકોની સમજણથી પર રહી ગયું. આથી ખાદિવસ્ત્ર મૂલ્યવૃદ્ધિની પ્રવૃત્તિ બનવાના બદલે સરકારી સબસિડી આધારિત કાર્યક્રમ બની ગયો. એટલું જ નહીં પણ ગુજરાતના ગાંધી- સર્વોદય પરિવારમાં શિરમોર શ્રી મનુભાઈ પંચોલીએ તો કહેવું પડ્યું, “આજની ખાદી એ ગાંધીની વિધવા માત્ર છે."

કાળી મજૂરી કરી કુદરત સામે બાથ ભીડી કપાસ ઉગાડનાર ખેડૂતને એક મણ કપાસના રૂ.૧૮૦૦ થી રૂ.૨૦૦૦ મળે છે. તેમ માંડવીના આ ૨૦ ખેડૂતોને વ્યક્તિગત રીતે ૧.૬૦ લાખ મળ્યા હોત. પરંતુ માંડવી સ્થિત એફ.પી.ઓ દ્વારા આ કપાસને ધ્રાંગધ્રા ખાતે સજીવ ખેતી કપાસમાં જિનિંગ કરાવી યાર્નને નિટિંગ મશીન સુધી લઈ જવા માર્ગદર્શન મળ્યું. તેથી એક ખેડૂતને એકંદરે રૂ.૮૦,૦૦૦ની આવક મળી. એટલું જ નહીં પણ આગામી વર્ષ માટેના ટી-શર્ટના ઓડર્સ વધુ રુચિકારક બનાવવા ખેડૂતો ટી-શર્ટને વેજિટેબલ ડાયમાં રંગી તેના પર કરછના કારીગરોના ભરતકામ અને છાપકામના રંગો પૂરશે. પરિણામે ખેડૂતોનો કપાસ વધુ રોજગારલક્ષી અને સુવાસિત બનશે.

ગુજરાત રાજ્યે ફાર્મસ પ્રોડ્યુસ ઓર્ગેનાઇઝેશન યોજી ખેતીના માળખામાં આધુનિકીકરણ લાવવા પ્રયત્ન કર્યા. આથી આપણી પરંપરાગત ખેતીના સ્થાને નવાં ઓજારો, બિયારણો, ખાતર અને જંતુનાશક દવાઓ પ્રચલિત બન્યાં છે. ગુજરાતની કૃષિ યુનિવર્સિટીના સ્નાતકો અને વિદ્યાપીઠોના રુરલ સ્ટડીઝના અનુસ્નાતકો દ્વારા સંચાલિત ખેતસેવા કેન્દ્રોએ દૂર-દરારનાં ગામડાંઓમાં ખેતીની નવી પદ્ધતિ પ્રચલિત કરી છે. આથી ગુજરાતનું ખેત-ઉત્પાદન આપણી જરૂરિયાતો સાથે બરાબરીની હરોળમાં આવ્યું છે.

તેથી આગળ વધી માંડવી એફ.પી.ઓ.એ ખેડૂતોના મિત્ર બની પોતાની ત્રણ એકર જમીન ઉપર ખેડૂતોની મગફળીમાંથી સારી જાતના દાણા અલગ કરી તેને પરદેશ મોકલવાની સેવા આપી છે. ખેડૂતો પોતાના સિંગદાણામાંથી તેલ અને ખોળ કઢાવી પોતાની મહેનતનું અધિક મૂલ્ય મેળવી શકે તેવી સાધનસુવિધા આપી છે. "પ્રામાણિક ધંધો અને વાજબી નફો”ની કાર્યપદ્ધતિથી ચાલતા માંડવીના ખેડૂતમંડળે ખેડૂતોનાં જૂનાં-નવાં સાધનોની લેવેચની સેવા વિસ્તારી છે, પોતાનાં ૭ સેવા કેન્દ્રોથી આસપાસનાં ૩૦૦ ગામડાંઓને ખેતી આનુષંગિક સેવાઓથી આવરી લીધાં છે.

ખેત પેદાશમાં મૂલ્ય વર્ધનની ત્રીજી હકીકત જોઈએ તો હવામાં લહેરાતું હળવું સિલ્ક સ્ત્રીઓનું મન મોહી લે છે અને પુરુષોનું ખિસ્સું ખંખેરી લે છે. આ સિલ્કનાં વસ્ત્ર બહુ રૂપાળાં હોય છે. પરંતુ અન્ય સૌંદર્યપ્રસાધનો માફક સિલ્કની બનાવટ અત્યંત ક્રૂર હોય છે, જેની જાણ ભાગ્યે જ કોઈ ગ્રાહકને હશે. શેતૂરના પાનનો ખોરાક ખાઈ પોતાને ૯૦ દિવસ માટે કોશેટામાં બાંધી રાખનાર ઇયળ પછીથી ફૂલો માટે રંગબેરંગી પતંગિયું હવામાં મૂકે છે. અને આ પતંગિયું ફૂલોને ફળ સુધી પહોંચાડવામાં મદદ કરે છે. પરંતુ માણસ પોતાના સ્વાર્થ ખાતર આવા લાખો કોશેટાઓને ખદબદતા ગરમ પાણીમાં ઉકાળી રેશમનો તાંતણો છૂટો પાડી લે છે. અહીં કોશેટામાંથી સુંદર પતંગિયાની પ્રાકૃતિક સ્થિતિ તો અટકી જાય છે પણ કરોડો જીવની હત્યા પણ થાય છે.

આ સ્થિતિથી બચવા અમદાવાદ સ્થિત આઈ. આઈ. એમ.ના સહકારથી કચ્છનાં ખેડૂતોમાં એરંડાની ખેતી પ્રચલિત કરવામાં આવી છે. ખારા-ભાંભળા પાણીથી ઊછરતા ગુજરાત હાઇબ્રિડ એરંડા-૧ નામની વેરાઈટિવાળા આ દિવેલાને ઓછી માવજત આપવા છતાં તેમાં એરંડાનાં બીજનો માળ (લૂમખા) વધુ બેસે છે. તેના પાન ઉપર નભતી “બોબકસ મોરી" નામની ઇયળથી અહિંસક સિલ્ક બની શકે છે. ઉપરાંત અડધા હોર્સ પાવરની મોટર કે ઓઈલ એન્જિન સાથે એક ચાફકટર ફિટ કરતાં તેનાં ડાળખાંના ભૂકામાંથી ઘરવપરાશ માટેનો કોલસો બનાવી શકાય છે. એરંડાના તેલનો ઉપયોગ છેક નાયલોન રેઝિનના નિર્માણ સુધી પહોંચ્યો છે. સજીવ ખેતી પદ્ધતિથી તૈયાર થતા એરંડા તેલના ભાવ પણ ઘણા ઊંચા રહે છે. એટલું જ નહીં પણ એરંડાનો ખોળ એક ઉત્તમ સેન્દ્રિય ખાતર હોઈ ખેડૂતો હોંશે હોંશે પોતાની જમીનને તેનું ઉત્પાદન પાછું આપી ઋણમુક્તિનો આનંદ લે છે અને નવી સિઝને વધુ ઉત્પાદનની આશા બાંધે છે.

ખેડૂતને ધરતીપુત્ર અને જગતનો તાત જેવા શિરપાવ આપ્યા પછી તેની કંગાળ હાલત સામું જોવાની કોઈને ફુરસદ નથી ત્યારે કપાસના પૂંભડાનું કુરતું બનાવનાર, તેમજ એરંડાના છોડ પર સિલ્કના કાપડ અને નાયલોન રેઝિનની શોભા આપનાર કચ્છી માડુઓને સલામ ખપે છે.

કચ્છની ખેતી નર્મદાનાં નીરની કાગડોળે રાહ જોઈ રહેલ છે. અને ગુજરાતની ૧૮ લાખ હેક્ટર જમીન ઉપર નર્મદાનાં પાણી વહેશે ત્યારે વર્ષે ૧૪૦૦ કરોડનું ખેત-ઉત્પાદન બજારમાં પગરવ કરશે. તે વેળાએ જેમ ડુંગળીના પાકની દશા થાય છે તેવી અનેક પાકોની બેહાલી થશે. “પાણીના પાપે ખેડૂતો અન્નની હોળી કરશે! તેવા માઠા દિવસો પણ મંડાશે." પરંતુ એવો સમય દેખાય તે પહેલાં દક્ષિણ ગુજરાતનાં ટમેટાં, સૌરાષ્ટ્રની ડુંગળી, ચીકુ, કેરી અને બોર જેવી ગુજરાતની ફળ પેદાશો તેમજ શાકભાજીના ઉત્પાદનને વિજ્ઞાન અને મધ્યમ કદની તકનીકનો સમન્વય સાંપડે તો ખેડૂતોની મહેનત સાર્થક થાય. અન્યાયમુક્ત, પ્રદૂષણમુક્ત, સ્વાવલંબી સમાજની રચના થાય. નાનાં ગામડાંઓ ભાંગી જતાં મટે અને સ્વસ્થસમાજની ગાંધીની કલ્પનાનો પાયો બંધાય. સૂતરના તાંતણે સ્વરાજની વાત લઈ ગુજરાત ગાંધીમેળાઓ યોજે છે ત્યારે શહેરી કલ્ચર દ્વારા વિકેન્દ્રિત ઉત્પાદનવ્યવસ્થા થકી ગાંધીવિચારનું દર્શન આપનાર એફ.પી.ઓ. જેવી વ્યવસ્થાઓને પણ હવે ગાંધીની સંસ્થા ગણવાનો સમય પાકી ગયો છે.

# ખાવડામાં અદાણીનો ગ્રીન એનર્જી પ્લાન્ટ ફ્રાન્સની રાજધાની પેરિસની સરખામણીમાં ૫ ગણો મોટો

**આ પ્લાન્ટની ક્ષમતા ૨૦૦૦ મેગા વોટ અથવા ૨ ગીગા વોટ વીજળીનું ઉત્પાદન કરશે**

સમગ્ર વિશ્વમાં ભારતનો પ્રભાવ વધી રહ્યો છે અને ભારતીય ઉદ્યોગપતિઓ દરેક ક્ષેત્રમાં પોતાનો બિઝનેસ વધારી રહ્યા છે. જો આપણે ઉર્જા ક્ષેત્રની વાત કરીએ, તો અબજોપતિ ગૌતમ અદાણી આ ક્ષેત્ર પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે અને તેથી જ તેમનું અદાણી જૂથ ગુજરાતના ખાવડાની ખરાબાની જમીન પર વિશ્વનો સૌથી મોટો ગ્રીન એનર્જી પ્લાન્ટ બનાવી રહ્યો છે. ખાવડામાં અદાણીનો પ્લાન્ટ ફ્રાન્સની રાજધાની પેરિસની સરખામણીમાં ૫ ગણો મોટો છે.

પાકિસ્તાનની બાજુમાં આવેલો આ ગ્રીન એનર્જી પ્લાન્ટ આ સેક્ટરમાં અદાણી ગ્રુપની મહત્વાકાંક્ષી યોજનાઓમાંની એક છે. ગૌતમ અદાણીની કંપની અદાણી ગ્રીન એનર્જી લિમિટેડે આ પ્લાન્ટ તૈયાર કર્યો છે. ગુજરાતના ખાવરામાં પાકિસ્તાન બોર્ડર પાસે બનેલા આ પ્લાન્ટમાં સૌર ઉર્જા અને પવન ઉર્જામાંથી ગ્રીન એનર્જી જનરેટ કરવામાં આવશે. આ પ્લાન્ટના કદની વાત કરીએ તો, અદાણીનો આ પ્લાન્ટ લગભગ ૫૩૮ ચોરસ કિલોમીટરમાં ફેલાયેલો છે, જે પેરિસના કદ કરતાં




લગભગ ૫ ગણો છે. પેરિસ ૧૦૫.૪ ચોરસ કિલોમીટરમાં ફેલાયેલું છે.

ભારતના બીજા સૌથી ધનિક વ્યક્તિ ગૌતમ અદાણી તેમના પ્રોજેક્ટના સંબંધમાં વર્ષ ૨૦૨૨માં પહેલીવાર ગુજરાતના ખાવડા આવ્યા હતા, ત્યારે આ સ્થળ જોયા પછી આ પછી, તેમના જૂથ અદાણી જૂથે આ ઉજ્જડ જમીન પર માત્ર સોલાર પેનલ્સ જ લગાવી નથી, જે સૂર્યના કિરણોને વીજળીમાં રૂપાંતરિત કરશે, પરંતુ ખારા પાણીને પંપ કરવા માટે મિલો, મજૂર વસાહતો અને ડિસેલિનેશન પ્લાન્ટ પણ સ્થાપિત કર્યા છે.

રિપોર્ટ અનુસાર, હાલમાં આ પ્લાન્ટની ક્ષમતા ૨૦૦૦ મેગા વોટ અથવા ૨ ગીગા વોટ વીજળીનું ઉત્પાદન કરવાની છે. અદાણી ગ્રીન એનર્જીના મેનેજિંગ ડિરેક્ટર વિનીત જૈનના જણાવ્યા અનુસાર, કંપની નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં જ તેને ૪ ગીગા વોટ સુધી લઈ જવાની યોજના ધરાવે છે. જ્યારે ગૌતમ અદાણીનો આ પ્લાન્ટ સંપૂર્ણ રીતે તૈયાર થઈ જશે અને સંપૂર્ણ ક્ષમતાથી કામ કરશે, ત્યારે તે ૩૦ ગીગા વોટ સ્વચ્છ વીજળીનું ઉત્પાદન કરશે. જેમાંથી ૨૬ ગીગા વોટ સોલારમાંથી અને ૪ ગીગા વોટ પવન ઉર્જામાંથી ઉત્પન્ન થશે. કંપનીનું કહેવું છે કે ખાવરા પ્લાન્ટ તેની ટોચ પર ૮૧ અબજ યુનિટ વીજળીનું ઉત્પાદન કરશે, જે બેલ્જિયમ, ચિલી અને સ્વિટ્ઝર્લેન્ડ જેવા દેશોના સમગ્ર વપરાશ કરતાં વધુ છે.

દેશની સૌથી મોટી રિન્યુએબલ એનર્જી કંપની અદાણી ગ્રીન એનર્જી ખાવરામાં સ્વચ્છ વીજ ઉત્પાદન માટે આશરે રૂ. ૧.૫ લાખ કરોડનું રોકાણ કરી રહી છે. અદાણી ગ્રૂપ ૨૦૭૦ સુધીમાં નેટ-શૂન્ય કાર્બન ઉત્સર્જન હાંસલ કરવાની વ્યાપક યોજનાના ભાગરૂપે આ પ્રોજેક્ટને જોઈ રહ્યું છે. છેલ્લી માનવ વસાહત જ્યાં આ છર્ઈન પ્લાન્ટ છે ત્યાંથી ૮૦ કિલોમીટરના અંતરે છે. આવી સ્થિતિમાં, અદાણી જૂથ લગભગ ૮૦૦૦ કર્મચારીઓ માટે કોલોની અને અન્ય મૂળભૂત સુવિધાઓ તૈયાર કરવામાં વ્યસ્ત છે. કામદારોને પીવાનું પાણી અને અન્ય પાયાની સુવિધાઓ પૂરી પાડવાની સાથે કંપની મોબાઈલ ફોન રિપેરિંગ શોપ જેવી સેવાઓ પણ પૂરી પાડવાની તૈયારી કરી રહી છે.

અદાણી ગ્રૂપના ચેરમેન ગૌતમ અદાણી વિશ્વના ટોચના અબજોપતિઓની યાદીમાં સામેલ છે અને બ્લૂમબર્ગ બિલિયોનેર્સ ઈન્ડેક્સ અનુસાર તેમની કુલ સંપત્તિ ૧૦૪ અબજ ડોલર છે. આ સંપત્તિના આંકડા સાથે તેઓ વિશ્વના ૧૪મા સૌથી અમીર વ્યક્તિ છે. આ વર્ષની શરૂઆતથી ૨૦૨૪ સુધી તેમની સંપત્તિમાં ૧૯.૨ અબજ ડોલરનો વધારો થયો છે.

# પરમ શક્તિની અનુભૂતિનો અવસર એટલે ચૈત્રી નવરાત્રી

**વિશ્વમાં શક્તિ સર્વોપરી છે, શક્તિ થકી સહદેવ પૂજાય છે જો શક્તિન હોય તો માનવી સાવ નિર્બળ બની જાય, આ જગતમાં શક્તિમાન માનવી જ સુખી થઈ શકે, હેલ્થ વેલ્થ અને હેપીનેસનો આધાર શક્તિ છે અને આથી જ શક્તિની ઉપાસના દરેક માનવીએ કરવી આવશ્યક છે**

સમયની ગતિ અનંત છે સમયની સાથે બધું ગતિશીલ છે ધરતી પર ગતિશીલ છે તે એક વર્ષમાં સૂર્યની ફરતી એક પ્રદિક્ષણા કરે છે તેમાં ચાર વખત એવો સમય આવે છે કે જ્યારે બ્રહ્માંડમાં શક્તિનો પ્રભાવ સવિશેષ હોય છે અને આથી જ વર્ષમાં ચાર વખત નવરાત્રી ઉજવવામાં આવે છે અને આથી જ વર્ષમાં ચાર વાર નવરાત્રીની ઉજવણી કરવામાં આવે છે. જેના નામ વસંત નવરાત્રી, અષાઢ નવરાત્રી, શરદ નવરાત્રી અને પુષ્ય નવરાત્રી છે. આમાં આસો મહિનામાં શરદ નવરાત્રીની ઉજવણી થાય છે અને વસંત કાળમાં વસંત નવરાત્રીની ઉજવણી થાય છે જેને ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવે છે.

ચૈત્રી (વસંત) નવરાત્રી: શક્તિ (માતૃદેવી)ના નવ સ્વરૂપોની રીતે નવ દિવસોમાં સમર્પિત થયેલો ઉત્સવ છે. આ તહેવાર વસંતઋતુ (માર્ચ-એપ્રિલ)માં ઉજવાય છે. તેને ચૈત્ર નવરાત્રા તરીકે પણ ઓળખવામાં આવે છે. આ નવ દિવસોના ઉત્સવને રામ નવરાત્રી તરીકે પણ ઓળખવામાં આવે છે.

ગુપ્ત (અષાઢ) નવરાત્રી: ગુપ્ત નવરાત્રી, જેને અષાઢ કે ગાયત્રી કે શાકંભરી નવરાત્રી પણ કહેવાય છે, જે અષાઢ (જૂન-જુલાઇ) મહિનામાં શક્તિ (માતૃદેવી)ના નવ સ્વરૂપોને નવ દિવસોમાં સમર્પિત કરીને ઉજવવામાં આવે છે. ગુપ્ત નવરાત્રીને અષાઢ શુક્લ પક્ષ (અષાઢ સુદ - અજવાળીયું) દરમ્યાન અનુસરવામાં આવે છે.

શરદ (આસો) નવરાત્રી: આ ખુબ જ મહત્વની નવરાત્રી છે. તેને સામાન્ય રીતે મહા નવરાત્રી કહેવાય છે અને તેની ઉજવણી આસો મહિનામાં થાય છે. તેને શરદ નવરાત્રી પણ કહેવાય છે, કારણકે તેની ઉજવણી શરદ ઋતુમાં અશ્વિન શુક્લ પક્ષ (આસો સુદ - અજવાળીયું) થાય છે.

પુષ્ય (પોષ) નવરાત્રી: પુષ્ય નવરાત્રી પોષ (ડિસેમ્બર-જાન્યુઆરી) મહિનામાં શક્તિ (માતૃદેવીઓ)ના નવ સ્વરૂપોને નવ દિવસોમાં સમર્પિત કરવામાં આવ્યા છે. પુષ્ય નવરાત્રી પોષ શુક્લ પક્ષ (પોષ સુદ - અજવાળીયું) દરમ્યાન ઉજવવામાં આવે છે.

માઘ નવરાત્રી: માઘ નવરાત્રીને ગુપ્ત નવરાત્રી પણ કહેવાય છે, મહા (જાન્યુઆરી-ફેબ્રુઆરી) મહિનામાં શક્તિના નવ સ્વરૂપોને નવ દિવસોમાં સમર્પિત કરવામાં આવ્યા છે. માઘ નવરાત્રી માઘ શુક્લ પક્ષ (મહા સુદ - અજવાળીયું) દરમ્યાન કરાય છે.

વસંત નવરાત્રી

વસંત ઋતુ (ઉનાળાની શરૂઆત) (માર્ચ-એપ્રિલ) દરમિયાન આ ઉત્સવની ઉજવણી થાય છે. તેને ચૈત્ર કે ચૈત્રી નવરાત્રી પણ કહેવાય છે, કારણકે કે ચૈત્ર માસમાં આ ઉત્સવ આવે છે.

શરદ નવરાત્રી

અશ્વિન/આસો મહિનાના અજવાળીયા પક્ષમાં તેની શરૂઆત થાય છે. નવરાત્રી ઉત્સવની ઉજવણી સુદ પખવાડીયામાં પ્રતીપદાથી નવમી સુધી એમ કરવામાં આવે તેવું ધૌમ્ય-વકના કહેવામાં આવ્યું હતું. ૨૦૧૭ના વર્ષમાં નવરાત્રી ૨૦ સપ્ટેમ્બરથી શરૂ થશે અને ૨૯ સપ્ટેમ્બર ૨૦૧૭ના રોજ પૂરી થશે.

ચૈત્ર નવરાત્રીનો ગઈકાલે પ્રથમ દિવસ હતો. આ દિવસ માતા શૈલપુત્રીને સમર્પિત માનવામાં આવે છે. ધાર્મિક માન્યતાઓ અનુસાર નવરાત્રિના પહેલા દિવસે માતા શૈલપુત્રીની પૂજા કરવાથી જીવનમાં સુખ-સમૃદ્ધિ આવે છે અને માતાના આશીર્વાદથી વ્યક્તિને વિવિધ મુશ્કેલીઓમાંથી મુક્તિ મળે છે.

**આસપાસ ચોપાસ** સુરેશ ભટ્ટ

ચૈત્ર નવરાત્રીની શરૂઆત થઇ ગઈ છે. ધાર્મિક માન્યતાઓ અનુસાર, નવરાત્રી દરમિયાન માતા દુર્ગાના ૯ સ્વરૂપોની પૂજા કરવાનું વિધાન છે. કહેવામાં આવે છે કે નવરાત્રીમાં માતા દુર્ગાપોતાના ભક્તો વચ્ચે રહે છે અને માતા રાણીને પ્રસન્ન કરવા માટે ભક્તો ઘણા પ્રકારના ઉપાય કરે છે. જો તમે પણ માતારાણીને પ્રસન્ન કરવા માંગો છો અને રાહુ, કેતુ સાથે શનિથી પરેશાન છો તો આ ખબર તમારા માટે મહત્વપૂર્ણ છે. વાસ્તવમાં આજે અમે જણાવશું કે જો તમે રાહુ, કેતુ અને શનિથી પરેશાન છો અને એનાથી મુક્તિ મેળવવા માંગો છો તો ચૈત્ર નવરાત્રીમાં જ્યોતિષ શાસ્ત્ર દ્વારા જણાવવામાં આવેલા કેટલાક ઉપાય કરી મુક્તિ મેળવી શકો છો.

આ ચૈત્ર નવરાત્રીમાં તંત્ર-મંત્ર, જપ તપ અને ઉપાય કરવાનું વિધાન છે. જે પણ ભક્ત રાહુ કેતુ અથવા શનિની પરેશાન છે એમણે આ નવરાત્રીમાં કેટલાક ઉપાય કરવા જોઈએ. જો તમે પણ નવરાત્રીમાં જીવનમાંથી દરેક મુશ્કેલીઓથી છુટકારો મેળવવા માંગો છો, તો નવરાત્રીમાં જરૂર કરો આ ઉપાયપ

ચૈત્ર નવરાત્રી દરમિયાન કેટલાક ખાસ ઉપાય કરવાથી રાહુ અને કેતુને શાંત કરી શકાય છે. રાહુ અને કેતુને શાંત કરવા માટે નવરાત્રીના ૯ દિવસ સુધી બ્રહ્મ મુહૂર્તમાં જાગીને સ્નાન કર્યા પછી હનુમાન ચાલીસાનો પાઠ કરવો જોઈએ. આમ કરવાથી જીવનમાં સ્થિરતા પ્રાપ્ત થાય છે.

આ સિવાય જો તમે નવરાત્રીના ૯ દિવસ સુધી શ્રી દુર્ગા સપ્તશતીનો પાઠ કરશો તો તમને રાહુ અને કેતુથી મુક્તિ મળશે.

રાહુ, કેતુ અને શનિના ખરાબ પ્રભાવથી બચવા માટે નવરાત્રીના નવ દિવસ સુધી ભગવાન શિવને લવિંગ અર્પણ કરવા જોઈએ. આમ કરવાથી આર્થિક સમસ્યાઓથી રાહત મળે છે અને રાહુ અને કેતુની સાથે શનિની ખરાબ અસર પણ દૂર થઈ જાય છે.

તમારે નવરાત્રીના ૯ દિવસ તમારી ક્ષમતા મુજબ ગરીબ અને જરૂરિયાતમંદ લોકોને મદદ કરવી જોઈએ. એવું કહેવાય છે કે આવું કરવાથી શનિદેવની વિશેષ કૃપા પ્રાપ્ત થાય છે.

ચૈત્રી પ્રતિપદાથી નોમ સુધી અથવા આસો માસની પ્રતિપદાથી નોમ સુધીના નવ દિવસ; નોરતાં. આ દિવસોએ હિંદુ લોકો નવ દુર્ગાનું વ્રત, ઘટસ્થાપન તથા પૂજન વગેરે કરે છે. હિંદુઓ નવરાત્રને પહેલે દિવસે ઘટસ્થાપન કરે છે અને દેવીનું આવાહન તથા પૂજન કરે છે. આ પૂજન નવ દિવસ સુધી ચાલે છે. નવમે દિવસે ભગવતીનું વિસર્જન થાય છે.

વર્ષમાં એક વખત આબોહવામાં વસંત અને પાનખર જેવા બે મહત્વના સંગમોની શરૂઆત થાય છે અને સૂર્યનો પ્રભાવ પણ રહે છે. માતૃદેવીની પૂજા માટે આ બે સમયગાળાને એક પવિત્ર તક તરીકે ગણવામાં આવે છે. ચંદ્ર આધારીત પંચાંગ પ્રમાણે આ ઉત્સવની તારીખો નક્કી કરવામાં આવે છે. નવરાત્રી દેવી દુર્ગાના ઉત્સવનું પ્રતીક છે, જે દેવીને શક્તિ (ઊર્જા)ના સ્વરૂપે વ્યક્ત કરે છે. દશેરા એટલે કે ’દસ દિવસ’ એ નવરાત્રી પછીનો દીવસ છે. નવરાત્રી ઉત્સવ કે નવ રાત્રીઓનો આ ઉત્સવ હવે તેના છેલ્લા દિવસને જોડીને દસ દિવસનો ઉત્સવ બની ગયો છે, જેને વિજયાદશમી કહેવાય છે, જે આ ઉત્સવનો અંતિમ દિવસ છે, આ દસ દિવસોમાં, માતા મહિષાસુર-મર્દીની (દુર્ગા)ના વિવિધ રૂપોનું ઉત્સાહ અને ભક્તિથી પૂજન કરવામાં આવે છે.

# લખનઉ પર કોલકાતાની પ્રથમ જીત

## ઓપનર ફિલ સોલ્ટે અણનમ અડધી સદી (૮૯) ફટકારી



મુંબઇ,

ઈન્ડિયન પ્રીમિયર લીગમાં કોલકાતા નાઈટ રાઈડર્સએ પ્રથમ વખત લખનઉ સુપર જાયન્ટ્સ ને હરાવ્યું હતું. ૧૭મી સિઝનમાં કોલકાતાની આ ચોથી જીત છે. સિઝનની ૨૮મી મેચમાં કોલકાતાએ રવિવારે લખનઉને ૮ વિકેટથી હરાવ્યું હતું.

ઈડન ગાર્ડન સ્ટેડિયમમાં કોલકાતાએ ટૉસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. પ્રથમ બેટિંગ કરતા લખનઉએ ૨૦ ઓવરમાં ૭ વિકેટ ગુમાવીને ૧૬૧ રન બનાવ્યા હતા. જવાબમાં કોલકાતાએ ૧૫.૪ ઓવરમાં ૨ વિકેટ ગુમાવીને ટાર્ગેટ ચેઝ કરી લીધો હતો. કોલકાતા માટે ઓપનર ફિલ સોલ્ટે અણનમ અડધી સદી (૮૯) ફટકારી હતી.

પ્રથમ બેટિંગ કરતા લખનઉએ ૨૦ ઓવરમાં ૭ વિકેટ ગુમાવીને ૧૬૧ રન બનાવ્યા હતા. LSG તરફથી ડાબોડી બેટર નિકોલસ પૂરને સૌથી વધુ રન બનાવ્યા હતા. તેણે ૩૨ બોલમાં ૪૫ રનની ઈનિંગ રમી હતી. તેમના સિવાય કેપ્ટન કેએલ રાહુલે ૩૯ રન અને આયુષ બદોનીએ ૨૯ રન બનાવ્યા હતા. કોલકાતા તરફથી મિચેલ સ્ટાર્કે ત્રણ વિકેટ ઝડપી હતી. વૈભવ અરોરા, આન્દ્રે રસેલ, વરુણ ચક્રવર્તી અને સુનીલ નારાયણને એક-એક વિકેટ મળી હતી.

ટાર્ગેટને ચેઝ કરતા કોલકાતા તરફથી ઓપનર ફિલ સોલ્ટે અણનમ અડધી સદી ફટકારી હતી. તેણે ૪૭ બોલમાં ૮૯ રન બનાવ્યા હતા. તેના સિવાય કેપ્ટન શ્રેયસ અય્યરે અણનમ ૩૮ રન બનાવ્યા હતા. સુનીલ નારાયણે ૬ રન અને અંગક્રિશ રઘુવંશીએ ૭ રન બનાવ્યા હતા. લખનઉ તરફથી મોહસીન ખાને બન્ને વિકેટ લીધી હતી.

# ધોનીની હેટ્રીક : પંડ્યાના ૩ બોલમાં ૩ સિક્સર ફટકારી

## ચેન્નાઈ સુપર કિંગ્સે મુંબઈ ઈન્ડિયન્સને ૨૦ રને હરાવ્યું



ઈન્ડિયન પ્રીમિયર લીગમાં રવિવારે ચેન્નાઈ સુપર કિંગ્સે મુંબઈ ઈન્ડિયન્સને ૨૦ રને હરાવ્યું. રવિવારે વાનખેડે સ્ટેડિયમમાં મુંબઈએ ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનું પસંદ કર્યું હતું. ચેન્નાઈએ ૨૦ ઓવરમાં ૪ વિકેટ ગુમાવીને ૨૦૬ રન બનાવ્યા હતા. મુંબઈ ૬ વિકેટના નુકસાને ૧૮૬ રન જ બનાવી શકી હતી.એમએસ ધોનીએ છેલ્લા ૪ બોલમાં ૩ સિક્સર ફટકારીને અણનમ ૨૦ રન બનાવ્યા હતા. મતિશ પથિરાનાએ ૪ મહત્વપૂર્ણ વિકેટો લીધી, તેણે રોમારિયો શેફર્ડને ગજબનો યોર્કર ફેંકીને સાથે બોલ્ડ કર્યો. સદી ફટકારનાર રોહિત શર્માએ ઋતુરાજ ગાયકવાડને જીવનદાન આપ્યું હતું.

# સૂર્યમંડળની બહાર ગુરૂ જેવા વિરાટ નવા ગ્રહની શોધ

## ૭૬૨ પ્રકાશવર્ષ દુર નવા ગ્રહનું તાપમાન ૨૨૬ ડીગ્રી



નવીદિલ્હી

અવકાશ વિજ્ઞાનીઓએ સૂર્યમંડળની બહાર એક થવા ગ્રહની શોધ કરી છે અને તેનો આકાર તથા વજન સૂર્યમંડળના સૌથી મોટા ગ્રહ ગુરૂ જેટલુ છે. ટીએઆઈ ૪૮૬૨બી (એનજીટીએસ-૩૦બી) નામ આપવામાં આવ્યું છે અને તે ધરતીથી ૭૬૨ પ્રકાશવર્ષ દુર છે. ગુરૂ ગ્રહનો આકાર એવડો વિરાટ છે કે તેમાં પૃથ્વી જેવડા ૧૩૦૦ ગ્રહ સમાઈ જાય તેમ છે.

આ નવા ગ્રહની શોધ ટ્રાન્ઝીટ એકસોપ્લેનેટ સર્વે સેટેલાઈટ (ટેસ)ની મદદથી થઈ હતી. આ ટેકનીકના આધારે ટ્રાન્ઝીટ પદ્ધતિથી નવા ગ્રહની શોધ કરવામાં આવે છે. કોઈ તારાની ચમક ઘટે તો પણ વૈજ્ઞાનિકો ઓળખ કરી લ્યે છે. આ નવો ગ્રહ પોતાના તારાની પરિક્રમા ૯૮.૩ દિવસમાં કરે છે અને ત્યાંનું મહતમ તાપમાન ૨૨૬ ડીગ્રી છે જે પૃથ્વી કરતા અનેકગણુ વધારે છે.

# ચૂંટણીની મોસમમાં હેલિકોપ્ટરની માંગ વધી

## દેશભરમાં લગભગ ૨૦૦ હેલિકોપ્ટર છે, એક કલાકનો ચાર્જ પાંચ લાખ



નવીદિલ્હી

ચૂંટણીની મોસમ દરેક માટે નફા-નુકસાનનો સોદો હોય છે. ખાસ કરીને હેલિકોપ્ટર સેવાઓ આપનારાઓ માટે આ નફાકારક સમય છે. દેશભરમાં લગભગ ૨૦૦ હેલિકોપ્ટર છે. સરકારી અને અર્ધ-સરકારી વિભાગોને છોડીને, ખાનગી ક્ષેત્ર પાસે લગભગ ૧૬૦ હેલિકોપ્ટર છે. તેમાંથી લગભગ ૧૦૦નો ઉપયોગ વિવિધ નેતાઓ અને રાજકીય પક્ષો લોકસભા ચૂંટણીમાં તેમના પ્રચારમાં કરી રહ્યા છે. મોદી સરકારના તમામ મંત્રીઓ અને વિપક્ષના મોટા નેતાઓ ચૂંટણી પ્રચારમાં હેલિકોપ્ટરનો ઉપયોગ કરી રહ્યા છે.

ચૂંટણી દરમિયાન હેલિકોપ્ટરનું ભાડું ૫ લાખ રૂપિયા પ્રતિ કલાક સુધી પહોંચે છે.

હેલિકોપ્ટરનું સામાન્ય ભાડું ૧.૫ થી ૨.૫ લાખ રૂપિયા પ્રતિ કલાક છે. ચાર્ટર્ડ પ્લેન અને હેલિકોપ્ટર સેવાઓ પૂરી પાડતી કંપનીઓ અનુસાર આ લોકસભા ચૂંટણીમાં બુકિંગ વધી રહ્યું છે. સૌથી વધુ બુકિંગ રાજકીય પક્ષો દ્વારા કરવામાં આવ્યું છે. કેટલીક કંપનીઓ અને ખાનગી લોકો દ્વારા બુકિંગ પણ કરવામાં આવ્યું છે. તેમાંથી કેટલાક લોકસભાના ઉમેદવારો પણ છે. ભાજપ, કોંગ્રેસ અને અન્ય પક્ષોએ હજુ સુધી તેમના તમામ ઉમેદવારો જાહેર કર્યા નથી અને તમામ ચાર્ટર્ડ પ્લેન અને હેલિકોપ્ટરનું એડવાન્સ બુકિંગ ભરાઈ ગયું છે.

ભારતીય ચૂંટણી પંચ પણ લોકસભા ચૂંટણી દરમિયાન ચાર્ટર્ડ પ્લેન અને હેલિકોપ્ટરના ઉપયોગને લઈને એલર્ટ પર છે. આ માટે ચૂંટણી પંચે તમામ એરપોર્ટ, એરલાઈન્સ અને ઉડ્ડયન ક્ષેત્ર સાથે સંબંધિત વિભાગોને માર્ગદર્શિકા આપી છે, જેનો હેતુ ચૂંટણી દરમિયાન ચાર્ટર્ડ પ્લેન અને હેલિકોપ્ટર દ્વારા નાણાંની આપ-લે સહિત અન્ય પ્રકારના દુરુપયોગને રોકવાનો છે.

# શાહરૂખ પોતે હેમાજીનું સેન્ડલ પોતાના હાથથી ઉપાડી પ્રેમથી તેમને એવોર્ડ ફંક્શનના સ્ટેજ પર લઈ ગયો



નવીદિલ્હી

તમે બોલિવૂડ ઈન્ડસ્ટ્રીમાં ઘણા લોકોને એવું કહેતા સાંભળ્યા હશે કે શાહરૂખ ખાન જેટલો નમ્ર અને સજ્જન કોઈ નથી. જ્યારે તે કોઈને મળે છે, ત્યારે તે પૂરા દિલથી અને ઉત્સાહથી મળે છે, એટલું જ નહીં, જો કોઈ શાહરૂખના ઘરે આવે છે, તો તે પોતે તેને રિસીવ કરવા અને વિદાય આપવા આવે છે. શાહરૂખ ખાનનો આ સ્વભાવ તેને બોલિવૂડ ઈન્ડસ્ટ્રીના અન્ય લોકો કરતા અલગ બનાવે છે. આવી સ્થિતિમાં, આજે અમે તમને શાહરૂખ ખાનનો એક એવો જ વીડિયો બતાવીએ છીએ જેમાં તેની જેન્ટલમેન ક્વોલિટી સ્પષ્ટ રીતે દેખાઈ રહી છે અને તેને જોઈને તમે પણ કહેશો કે તે માત્ર રીલ જ નહીં, તે રિયલ લાઈફ હીરો પણ છે. ઈન્સ્ટાગ્રામ પર પેજ પર શાહરૂખ ખાનનો એક થ્રોબેક વીડિયો શેર કરવામાં આવ્યો છે.

# યુક્રેનને ૫ લાખથી વધુ સૈનિકોની જરૂર : સંસદે ફરજિયાત લશ્કરી ભરતીનો વિવાદાસ્પદ કાયદો બનાવ્યો

કીવ,

૨ વર્ષથી વધુ સમયથી રશિયા સાથે યુદ્ધ લડી રહેલા યુક્રેનના હજારો સૈનિકો યુદ્ધના મેદાનમાં શહીદ થયા છે. આવી સ્થિતિમાં હથિયારોની સાથે યુક્રેનમાં સૈનિકોની પણ અછત છે. આવી સ્થિતિમાં, યુક્રેનની સંસદે ગુરુવારે સેનામાં નવા ભરતીની ફરજિયાત ભરતીની પદ્ધતિઓ નક્કી કરવા માટે એક વિવાદાસ્પદ કાયદાને મંજૂરી આપી છે. તેનો પ્રારંભિક મુસદ્દો કાયદો બનવામાં ઘણા મહિનાઓ સુધી વિલંબિત થયો હતો અને તેની જોગવાઈઓને હળવી કરવા માટે ઘણા સુધારા રજૂ કરવામાં આવ્યા હતા. સાંસદોએ પણ લાંબા



સમયથી આ કાયદા પ્રત્યે ઉદાસીન વલણ અપનાવ્યું હતું કારણ કે તે અપ્રિય હોવાની અપેક્ષા હતી.

રાષ્ટ્રપતિ વોલોડીમિર ઝેલેન્સકીએ ડિસેમ્બરમાં કહ્યું હતું કે કાયદો યુક્રેનની સૈન્યની વિનંતી પર લાવવામાં આવ્યો હતો, જે ૫૦૦,૦૦૦ થી વધુ સૈનિકોને એકત્ર કરવા માંગે છે. આ કાયદો ભૂતપૂર્વ આર્મી કમાન્ડર વેલેરી ઝાલુઝનીની વિનંતી પર તૈયાર કરવામાં આવ્યો છે, જેમને કહ્યું હતું કે સેનાના વિવિધ રેન્કને મજબૂત કરવા માટે ૫,૦૦,૦૦૦ નવી ભરતીની જરૂર છે. યુક્રેન વિરુદ્ધ રશિયાના હુમલા બાદ દેશમાં આગળની લાઈનો પર સૈનિકોની અછત છે. યુક્રેનિયનોએ નવા કાયદાના ડ્રાફ્ટમાં વધુ રસ દાખવ્યો ન હતો. તાજેતરના અઠવાડિયામાં રશિયન હુમલાઓ દ્વારા યુક્રેનનું ઉર્જા ઈન્ફ્રાસ્ટ્રક્ચર બરબાદ થયું હોવાથી કાયદો પસાર થયો છે.

# હોલીવુડની શ્રાપિત ફિલ્મ, છતાં ફિલ્મ જોઈ લોકોના થયા મોત

## આ શ્રાપિત ફિલ્મ, કયારેય સિનેમાઘરોમાં રિલીઝ ના થઈ

મુંબઇ,

હોલીવુડમાં હોરરથી લઈને એક્શન અને લગભગ દરેક શૈલીમાં જબરદસ્ત ફિલ્મો બની છે. આવી જ એક ફિલ્મ હતી 'એન્ટ્રમ'. આ ફિલ્મને હોલીવુડની શાપિત ફિલ્મ માનવામાં આવે છે. આ જોઈને ઘણા લોકો મૃત્યુ પામ્યા. આજે પણ આ જોઈને લોકો ભયથી ભરાઈ જાય છે. ચાલો તમને તેના વિશે બધું જણાવીએ. કેનેડિયન હોરર ફિલ્મ 'એન્ટ્રમ'ને અત્યાર સુધીની સૌથી ઘાતક ફિલ્મ માનવામાં આવે છે. 'એન્ટ્રમ'માં વાર્તા અને ચિત્ર બંને ડરામણા બતાવવામાં આવ્યા છે.

ફિલ્મ 'એન્ટ્રમ' કથિત રીતે શાપિત છે, જેના કારણે અનેક લોકોના મોત થયા છે. 'એન્ટ્રમ' એક મિની-મોક્યુમેન્ટરીથી શરૂ થાય છે જે ફિલ્મમાં એન્ટ્રમ વિશે વાત કરે છે. તેમાં જંગલનું એક દ્રશ્ય દર્શાવવામાં આવ્યું છે જેમાં બે ભાઈ બહેન આસપાસ ફરે છે. માનવામાં આવે છે કે, 'એન્ટ્રમ' ૧૯૭૯માં અનેક ફિલ્મ ફેસ્ટિવલમાં રહસ્યમય રીતે દેખાયું હતું. તેને જોઈને ઘણા લોકો રહસ્યમય રીતે મૃત્યુ પામ્યા અને ત્યારથી તેને શ્રાપિત કહેવામાં આવે છે.

ફિલ્મના સંબંધમાં, લોકોએ શેતાનના ઈતિહાસ વિશે પણ ચર્ચા કરી છે, કારણ કે તે 'એન્ટ્રમ: ધ ડેડલીસ્ટ ફિલ્મ એવર મેડ'માં મુખ્ય ભૂમિકા ભજવે છે. ફિલ્મના એક બિંદુ પછી, એન્ટ્રમ ફરીથી દેખાડવામાં આવે છે અને પ્રેક્ષકોને યાદ અપાવવા માટે ચેતવણી જારી કરવામાં આવે છે કે તેઓ તેમના પોતાના જોખમે ફિલ્મ જોઈ રહ્યા છે. એન્ટ્રમના ઈતિહાસને જોતાં, તે અત્યાર સુધીની સૌથી ઘાતક ફિલ્મ છે અને તેના કથિત શ્રાપને જોતાં, તેને જોનાર કોઈપણ દર્શક ભયંકર મૃત્યુનો ભોગ બની શકે છે.



# ૨૦ વર્ષ પછી સાથે જોવા મળ્યા ઈમરાન અને મલ્લિકા શેરાવત

મુંબઈ,

ડબલ ધમાલ, વેલકમ, હિસાસ અને ડર્ટી પોલિટિક્સ જેવી ફિલ્મોમાં જોવા મળેલી અભિનેત્રી મલ્લિકા શેરાવત ફિલ્મી દુનિયાથી દૂર છે. જોકે, તે સોશિયલ મીડિયા દ્વારા ચાહકોમાં લોકપ્રિય છે. પરંતુ તાજેતરમાં તે નિર્માતા આનંદ પંડિતની પુત્રીના લગ્નના રિસેપ્શનમાં જોવા મળી હતી. જ્યાં તે તેની સુપરહિટ ફિલ્મ મર્ડર સ્ટાર ઈમરાન હાશ્મી સાથે પોઝ આપતી જોવા મળી હતી. બંનેને એકસાથે જોઈને ચાહકોએ પણ કહ્યું કે, હવે નવી ફિલ્મ બનવી જોઈએ. સામે આવેલા ફોટોમાં ઈમરાન હાશ્મી સૂટ અને બૂટમાં જોઈ શકાય છે. મલ્લિકા શેરાવત સુંદર ગુલાબી રંગના ગાઉનમાં જોવા મળી રહી છે. બંને પાપારાઝી માટે એકબીજા સાથે પોઝ આપતા જોવા મળ્યા હતા.

આ વીડિયો જોઈને ચાહકોએ કોમેન્ટમાં ફાયર ઈમોજી શેર કર્યા છે. જ્યારે એક યુઝરે લખ્યું કે, બંનેએ પોતાની જાતને જાળવી રાખી છે. અન્ય યુઝરે લખ્યું, ભૂતકાળની ક્ષણો તાજી થઈ. ત્રીજા યુઝરે લખ્યું, ઘણા સમય પછી બને સાથે,ઓએમજી. ચોથા યુઝરે લખ્યું, બંને ખૂબ જ સુંદર લાગી રહ્યા છે .મલ્લિકા શેરાવત અને ઈમરાન હાશ્મીએ ૨૦૦૪માં આવેલી ફિલ્મ મર્ડર ૨માં લીડ તરીકે કામ કર્યું હતું. ફિલ્મના ભીગે હોથ તેરે, બારિશ કી વો બુંદે જેવા ગીતો ખૂબ લોકપ્રિય થયા હતા.

ફિલ્મનું બજેટ ૫ કરોડ રૂપિયા હતું અને ફિલ્મે લગભગ ૨૫ કરોડ રૂપિયાની કમાણી કરી હતી. આ ફિલ્મ પણ બોક્સ ઓફિસ પર સફળ સાબિત થઈ હતી.

# T-20 સીરીઝ શરૂ થઇ રહી હોવાથી કેટલાક વિદેશી ખેલાડીઓ અધવચ્ચે આઇપીએલ છોડશે

મુંબઇ,

આ દિવસોમાં આઈપીએલની ૧૭ મી સીઝન ચાલી રહી છે. અત્યાર સુધીમાં ૨૫ મેચ રમાઇ ચુકી છે ત્યારે ટી ૨૦ વલ્ડ કપની ૫ સીઝન પણ રમાનારી છે. એવામાં કેટલાક વિદેશી ખેલાડીઓ આઇપીએલને અધવચ્ચે છોડીને તેમની ટીમ સાથે જોડાય તેવી શક્યતા છે. હાલમાં આ બાબતે કોઇ જાણકારી સામે આવી નથી.

૧૮ એપ્રિલ થી ન્યુઝીલેન્ડ અને પાકિસ્તાન વચ્ચે ૫ મેચોની ટી ૨૦ સીરીઝ રમાશે. જેના કારણે ન્યુઝીલેન્ડ ટીમ પાકિસ્તાનનો પ્રવાસ કરશે. આ સીઝનની છેલ્લી મેચ ૨૭ એપ્રિલે રમાશે . આ પ્રવાસ દરમિયાન કોઇ ખેલાડી ઈજાગ્રસ્ત હશે તો આઈપીએલ રમી રહેલા કેટલાક ખેલાડીને ન્યુઝીલેન્ડ બોર્ડ પાકિસ્તાન મોકલી શકે શક્યતા છે. ન્યુઝીલેન્ડના કેન વિલિયમસન ગુજરાત ટાઇટન્સ ટીમના અને ડેરિલ મિશેલ,રચિન રવિન્દ્ર , મિશેલ સેંટર જે ચેન્નાઇ સુપર કિંગ્સનો હિસ્સો છે.

ઝિમ્બાવે અને બાંગ્લાદેશ વચ્ચે ૩ થી ૧૨ મે ની વચ્ચે ટી ૨૦ ઇંટરનેશનલ મેચો રમાશે. બાંગ્લાદેશના મુસ્તફિજુર રહમાન જે ચેન્નાઇ સુપર કિંગ્સનો હિસ્સો છે. તેના સિવાય ૧૦ થી ૧૪ મે ની વચ્ચે પાકિસ્તાન અને આર્યલેન્ડની વચ્ચે ૩ ટી ૨૦ આંતરરાષ્ટ્રીય મેચોની સીરીઝ રમાનારી છે. આર્યલેન્ડના જોશુઆ જટિલ જે ગુજરાત ટાઇટન્સનો હિસ્સો છે. જ્યારે પાકિસ્તાનના ખેલાડિઓને આઈપીએલમાં સ્થાન નથી મળતુ.

મે ના છેલ્લા દિવસોમાં બાંગ્લાદેશની ટીમ યુએસએનો પ્રવાસ કરશે. આ દરમિયાન બે ટીમો વચ્ચે ૨૧ થી ૨૫ મેની વચ્ચે ૩ ટી૨૦ ઈન્ટરનેશનલ મેચ રમશે. પાકિસ્તાન ક્રિકેટ ટીમ મે ના ત્રીજા સપ્તાહમાં ઈંગ્લેન્ડનો પ્રવાસ કરશે. આ દરમિયાન બે ટીમો વચ્ચે ૪ ટી ૨૦ ઈન્ટરનેશનલ રમાશે. ઈંગ્લેન્ડના જોસ બટલર (આરઆર), રીસ ટોપીલ (આરસીબી),વિસ જેક્સ (આરસીબી),લિયામ લિવિંગસ્ટોન (પીબીકેએસ) મોઈન અલી (સીએસકે) ફિલ સોલ્ટ (કેકેઆર) સેમ કરન (પીબીકેએસ)અને જોની બેયરસ્ટો (પીબીકેએસ) વગેરે ખેલાડીઓ આ આઈપીએલમાં રમી રહ્યા છે.

# જેલમાં બંધ ઈમરાન ખાન પર દર મહિને ૧૨ લાખનો ખર્ચ

ઈસ્લામાબાદ,

પાકિસ્તાનમાં રાવલપિંડીની અદિયાલા જેલમાં બંધ પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનની સુરક્ષા પર દર મહિને ૧૨ લાખ રૂપિયાનો ખર્ચ થઈ રહ્યો છે. લાહોર હાઈકોર્ટમાં જેલ સત્તાવાળાઓ દ્વારા રજૂ કરવામાં આવેલા અહેવાલ મુજબ, ૭૧ વર્ષીય ખાનને જેલ પરિસરમાં વિશેષ સુવિધાઓ આપવામાં આવી છે. જેમાં પાંચ લાખના ખર્ચે અલગ સીસીટીવી સિસ્ટમનો સમાવેશ થાય છે. આ સિસ્ટમ સાત હજાર કેદીઓ પર નજર રાખતી સિસ્ટમથી અલગ છે.

ઈમરાન ખાનનું ભોજન આસિસ્ટન્ટ સુપરિન્ટેન્ડેન્ટની દેખરેખમાં અલગ રસોડામાં રાંધવામાં આવે છે. ભોજન પીરસવામાં આવે તે પહેલાં, તબીબી અધિકારી અથવા નાયબ અધિક્ષક ખોરાકની તપાસ કરે છે. 'હોલી ફેમિલી હોસ્પિટલ'ના છથી વધુ ડોકટરોની ટીમ પૂર્વ વડાપ્રધાનના સ્વાસ્થ્યની તપાસ અને સારવાર માટે ત્યાં હાજર છે. આ સિવાય એક નિષ્ણાત ટીમ નિયમિતપણે તેમની તપાસ કરે છે.

ઈમરાન ખાનની જેલમાં સાતમાંથી બે સ્પેશિયલ સેલ છે જ્યારે અન્ય પાંચ સેલ સુરક્ષાના કારણોસર બંધ રાખવામાં આવ્યા છે. આ સેલમાં લગભગ ૩૫ કેદીઓને રાખવામાં આવ્યા છે. ખાણ ચેમ્બરમાં પ્રવેશ મર્યાદિત છે; પ્રવેશ માટે પરવાનગી જરૂરી છે.

# જામનગરની શ્રી એમ.પી.શાહ સરકારી મેડિકલ કોલેજ ખાતે વર્લ્ડ હેલ્થ ડે ક્વિઝનું કરાયું આયોજન






જામનગર : વર્લ્ડ હેલ્થ ડે ૨૦૨૪ ના ઉપક્રમે સમગ્ર ભારતમાં IAPSM દ્વારા ક્વિઝના કાર્યક્રમ યોજવા અંગે સૂચન કરવામાં આવેલ.જેના ભાગરૂપે એમ. પી. શાહ સરકારી મેડિકલ કોલેજ જામનગર ખાતે કૉમ્યુનિટી મેડિસિન વિભાગ દ્વારા તબીબી વિદ્યાર્થીઓમાં સંલગ્ન વિષય અંગેનું જ્ઞાન અને સમજ વધે તે હેતુથી વર્લ્ડ હેલ્થ ડે ક્વિઝ ૨૦૨૪નું આયોજન કરવામાં આવેલ હતુ.આ ક્વિઝના અંતે વિજેતા અને રનર્સ અપ ટીમને સર્ટિફિકેટ અને ટ્રોફી આપી સન્માનીત કરવામાં આવેલ સાથે આ સમગ્ર કાર્યક્રમમાં સિનિયર રેસિડેન્ટ અને રેસિડેન્ટ ડોક્ટરો પણ જોડાયા હતા. કાર્યક્રમમાં સન્માનીત વિજેતા ટીમમાં છેલ્લા વર્ષના તબીબી વિદ્યાર્થીઓ યુતી જોબનપુત્રા, દિવ્યરાજ જાડેજા, અને જેનીશ પીઠિયા રહ્યા હતા.

આ કાર્યક્રમમાં મેડિકલ કોલેજના ડીન ડો.નંદિની દેસાઇ, વિભાગના વડા ડો. દિપેશ પરમાર તેમજ સમગ્ર ફેકલ્ટીગણ ઉપસ્થિત રહેલ સાથે સમગ્ર ક્વિઝનું સંચાલન ડો.નવનીત પઢિયાર દ્વારા કરવામાં આવેલ.

# સિક્કા થર્મલ પાવર સ્ટેશન ખાતે જીબીયા પરિવાર દ્વારા વાર્ષિક ફેમિલી ફંક્શનનું આયોજન

જીબીયા ના પૂર્વ સેક્રેટરી જનરલ બી એમ શાહ અને પૂર્વ વી. પી. લીગલ શ્રી એ ડી હુલાણિ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ માં પાવર સ્ટેશન નાં વડા મુખ્ય ઈજનેર એ.એન. પટેલ, વિશેષ મુખ્ય ઈજનેર એચ ડી મુંઢવા , જીબીયા ના ઈન ચાર્જ જનરલ સેક્રેટરી વઘાસિયા , વાઈસ પ્રેસિડેન્ટ એ બી પ્રજાપતિ , જી.એસ. બી એ પટેલ ઉપસ્થિત રહેલ. ર્એમ્ઈછ ના ઉચ્ચ હોદ્દેદારો દ્વારા હાલની યુનિયનની ગતિવિધિઓ વિશે સભ્યોને માહિતગાર કરેલ. અન્ય સર્કલ માંથી પધારેલ આમંત્રિત મહેમાનો તથા સિક્કા ટી.પી. એસ ના ઉચ્ચ અધિકારીઓ અને સિક્કા જીબીયાના પરિવાર નાં સભ્યો બહોળી સંખ્યામાં હાજર રહી આ કાર્યક્રમ ને સફળ બનાવ્યો હતો.

કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વે મહાનુભાવો તથા ઉચ્ચ અધિકારીગણ તેમજ સાથી યુનિયન નાં પ્રતિનિધિઓ અને જીબીયા પરીવાર નું ઝોનલ સેક્રેટરી બી.આર .પરમાર દ્વારા અભિવાદન કર્યુ હતું. કાર્યક્રમ ની પૂર્ણાહૂતિમાં સર્વે એ




પરિવાર સાથે સ્વરૂચી ભોજન લીધેલ તથા ગરબા ની રમઝટ બાદ કાર્યક્રમની પૂર્ણાહુતિ કરી હતી. આ કાર્યક્રમ ને આર.જી બાબરીયા ઓર્ગેનાઈઝર સેક્રેટરી ના માર્ગદર્શન હેઠળ સિક્કાની ટીમ દ્વારા કાર્યક્રમને સફળ બનાવવામાં બન્ને ડી.વી. સેક્રેટરી પી એમ જેઠવા અને એન એમ ગઢીયા તથા ટીમ સિક્કાના ડી જી બારડ , વી આર તલાવિયા , અંસારી , એન એમ પરમાર, પી એસ કુબાવત, એમ એમ પટેલ તથા સમગ્ર ટીમે જહેમત ઉઠાવી હતી. પ્રોગ્રામ ના લાઈવ પ્રસારણ માટે ડી એચ નકુમ, સી આર ગોસ્વામી કરી હતી. કાર્યક્રમ ની પુર્ણાહુતી માં સર્કલ સેક્રેટરી ડી.એમ.ઝાલા દ્વારા આભાર વીધી કરવાંમાં આવેલ જેમાં કાર્યક્રમ ને સફળ બનાવવામાં મદદરૂપ તમામ નો હૃદયપૂર્વક આભાર માનવામાં આવ્યો હતો.તેમ એન.ડી.ત્રિવેદી ની યાદી માં જણાવેલ છે

# સિકકા ટીપીએસ દ્વારા રકતદાન કેમ્પ યોજાયો




જામનગર નજીકના ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રીસીટી લીમીટેડના થર્મલ પાવર સ્ટેશન ખાતે કંપની દિવસની ઉજવણી નિમિત્તે સ્પોર્ટસ એન્ડ રિક્રિએશન કલબ સિક્કા ટીપીએસ દ્વારા જી. જી. હોસ્પિટલની બ્લડ બેંક્રના સહયોગથી રકદાન કેમ્પ યોજાયો હતો. જેમાં સિક્કા સંકુલના વડા એ.એન.પટેલ, એડીશ્નલ ચીફ એન્જીનિયર એચ.ડી, મુઘવા, મેડીકલ ઓફીસર ડો. ટી જે. દોમડીયા તેમજ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કેમ્પમાં રકદાતા ૭૦ કર્મચારીઓએ રકદાન કર્યું હતું.

# રામનવમીના પારણા અંતર્ગત લોહાણા જ્ઞાતિના સમૂહ ભોજનનું ભવ્ય આયોજન

જામનગર : અયોધ્યા ખાતે શ્રી રામચંદ્રજી ભગવાનની પ્રાણપ્રતિષ્ઠા થઈ ગયેલ હોય ત્યારે શ્રી રઘુવંશી સમાજમાં ખુશાલીનો અનેરો થનગનાટ વ્યાપેલ છે અને આ તકે આગામી ચૈત્ર સુદ ૯, બુધવાર તા. ૧૭-૦૪-૨૦૨૪ના રોજ શ્રી રઘુવંશી સમાજ દ્વારા પરમકૃપાળુ મર્યાદા પુરૂષોતમ ભગવાનશ્રી રામચંદ્રજીની અસીમકૃપાથી તેમજ સંત શિરોમણી પ.પૂ.જલારામ બાપાના અનરાધાર આશિષથી ભગવાનશ્રી રામચંદ્રજીનો પ્રાગટય મહોત્સવ (રામનવમી) પરંપરાગત રીતે ઉજવવા શ્રી રામચંદ્રજી પ્રાગટય મહોત્સવ સમિતિ દ્વારા આયોજીત તથા શ્રી શરદકુમાર કલ્યાણજી વસંત, શ્રીમતી જયશ્રીબેન શરદકુમાર વસંત તથા શ્રી કિંજન શરદકુમાર વસંતના સહયોગથી રામનવમીના પારણા અંતર્ગત ચૈત્ર સુદ ૧૦, ગુરૂવાર તા. ૧૮–૦૪–૨૦૨૪ ના રોજ 'લોહાણા જ્ઞાતિ સમૂહ ભોજન (નાત) નું આયોજન સુનિશ્ચત કરવામાં આવેલ છે .આ મહોત્સવની ઉજવણીના ભાગરૂપે રામનવમીના દિવસે તા. ૧૭ એપ્રિલને બુધવારના રોજ સવારે ૭–૩૦ કલાકે લીમડા લાઈન, જામનગર ખાતે આવેલ પાંજરાપોળમાં ગૌ માતાને ઘાસ વિતરણનો કાર્યક્રમ રાખેલ છે.

તા. ૧૮ એપ્રિલને ગુરૂવારના રોજ સાંજે ૬–૦૦ થી ૭–૦૦ કલાકે શારશ્વત બ્રાહ્મણ જ્ઞાતિનું સમૂહ ભોજન તેમજ સાંજના ૭–૦૦ થી ૧૦–૦૦ વાગ્યા સુધી 'અયોધ્યાનગરી એમ.પી.શાહ કોમર્સ કોલેજ ગ્રાઉન્ડ, સાત રસ્તા પાસે, જામનગર ખાતે રઘુવંશી સમાજનું જ્ઞાતિ ભોજન (નાત) યોજવામાં આવેલ છે. જેમાં લોહાણા જ્ઞાતિના સ્વયંસેવક ભાઈઓ તથા બહેનોને સમૂહ જ્ઞાતિ ભોજન (નાત) માં સેવાકાર્યની ફાળવણી સાંજે ૪–૦૦ કલાકે કરવામાં આવશે. તદઉપરાંત બલ્ડ ડોનેશન કેમ્પ પણ તા. ૧૮–૦૪–૨૦૨૪ ના સાંજે ૪–૦૦ થી ૯–૦૦ દરમ્યાન સમૂહ જ્ઞાતિ ભોજનના સ્થળે રાખેલ છે.

ઉપરોકત તમામ કાર્યક્રમો દબદબાભેર ઉજવવા શ્રી રામચંદ્ર પ્રાગટય મહોત્સવ સમિતિના સદસ્યો સર્વે શ્રી જીતુભાઈ લાલ, રમેશભાઈ દતાણી, ભરતભાઈ મોદી (સાબુવારા), મનોજભાઈ અમલાણી, રાજુભાઈ કોટેચા, અનીલભાઈ ગોકાણી, ભરતભાઈ કાનાબાર, નિલેશભાઈ ઠકરાર, રાજુભાઈ મારફતીયા, અતુલભાઈ પોપટ, મધુભાઈ પાબારી, રાજુભાઈ હિંડોચા, મનીષભાઈ તન્ના, ના નેજા હેઠળ તૈયારીઓ કરવામાં આવી રહી છે. આ તમામ કાર્યક્રમોમાં સમસ્ત લોહાણા સમાજને પરિવાર સહિત ઉપસ્થિત રહેવા શ્રી રામચંદ્ર પ્રાગ્ટય મહોત્સવ સમિતિ દ્વારા હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવેલ છે તેમજ લોહાણા જ્ઞાતિ સમૂહ ભોજન પ્રસંગે બપોર બાદ રઘુવંશી વેપારીઓ/ વ્યવસાયકારોને પોતાના ધંધા/ વ્યવસાયમાં રજા રાખી ઉત્સવમાં જોડાવવા સમિતિ દ્વારા અનુરોધ કરવામાં આવેલ છે.

# જામનગર સિંધી માર્કેટ એસોસિએશન દ્વારા ચેટીચાંદ નિમિતે યોજાયેલ શોભાયાત્રાનું કરાયું સ્વાગત




સિંધી નૂતન વર્ષ ચેટીચાંદ પર્વ નિમિત્તે સિંધી સમાજ દ્વારા યોજાયેલી શોભાયાત્રાનું સિંધી કલોથ માર્કેટ એસો. ના પ્રમુખ નેવદરામ ચંચલદાસ તથા વેપારીઓ દ્વારા ઝુલેલાલજીની પ્રતિમાને ફૂલહાર કરી સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પૂર્વ મંત્રી પરમાણંદભાઈ ખટ્ટર, ડે. મેયર ક્રિષ્નાબેન સોઢા, સ્થાયી સમિતિના ચેરમેન નિલેશભાઈ કગથરા, કોર્પો. બબીતાબેન લાલવાણી, કુસુમબેન પંડ્યા, મુકેશભાઈ લાલવાણી, હિતેશભાઈ ચોટાઈ, સિંધી સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતાં.

# જામ્યુકો દ્વારા નગરસીમ વિસ્તારમાં રહેતા લોકો માટે ટેક્કર દ્વારા પાણી વિતરણ




જામનગર : જામનગર મહાનગરપાલિકાના વોટર વર્કસ વિભાગ દ્વારા નગરસીમ વિસ્તારમાં લોકોની તરસ છીપાવવા માટે ૮૮ પાણીના ટેક્રરો દોડવામાં આવી રહયા હોવાનું સુત્રોમાંથી જાણવા મળે છે.

ઉનાળાના પ્રાંરભ પહેલા જ નગરસીમ વિસ્તારોમા પીવાના પાણી સમશ્યા ઉભી થઇ રહી છે. મહાનગરપાલિકાના હદ વિસ્તારમાં વધારો થયો છે. નગરસીમ તરીકે ઓળખાતા હવે નવા ભણેલા અનેક સોસાયટીઓ અને વસાહતોમાં પીવાના પાણીના સોર્સ ડુકી રહયા છે જેનાથી પીવાના પાણીનો પ્રશ્ર્ન ઉભો થઇ રહયો છે.ત્યારે જે વિસ્તારોમાં પીવાના પાણીની સુવિધા નથી.

સ્થાનિક કોઈ સોર્સ નથી એવા વિસ્તારમાં લોકોને પીવાનું પાણી નળ વાટે આપી શકાય તેમ નથી. આવી સોસાયટીઓમાં પીવાનું પાણી મહાનગરપાલિકા ના વોટર વર્કસ દ્વારા ટેક્રરોથી પૂરું પાડવામાં આવી રહ્યું છે.

મહાનગરપાલિકાના વોટર વર્કસ વિભાગ હસ્તક જુદા જુદા જે પાણીના સમ્પ આવેલ છે ત્યાથી પાણીના ટેક્રરો દોડવામાં આવી રહયા છે. ખાસ કરીને ઢીંચડા રોડ,મહાપ્રભુજી બેઠક,ખંભાળિયા રોડ આવેલ સોસાયટીઓ, હાપાની આસપાસની સોસાયટીઓ,લાલપુર રોડ ઉપરની નીલગીરી સહિતની સોસાયટીઓસહિતની અનેક સોસાયટીઓમાં જ્યા હજુ પીવાનું પાણી વિતરણ માટે નળ જોડાણનું નેટવર્ક નથી તેવા વિસ્તારોમાં રહેતા લોકોને પીવના પાણીની હાડમારી હોય તેને ધ્યાને રાખીને વોટર વર્કસ વિભાગ દ્વારા પાણીના ટેક્રરો શરૂ કરવામાં આવ્યા છે.

જેમાં સમર્પણ ,પમ્પ હાઉસ બેડેશ્વર, મહાપ્રભુજી બેઠક પાણીનાં સમ્પથી ૮૮ પાણીનાટેક્રરોના ફેરા દ્વારા પાણી વિતરણ થાય છે.આગામી સમયમાં જયાંથી પાણીની ડિમાન્ડ આવશે તેને ધ્યાને રાખીને પાણી માટે વધુ પાણીના ટેક્રરો માટે માસ્ટર પ્લાન ઘડી કઢાશે. તે મુજબ ચોમાસા સુધી લોકોને પીવાનું પાણી પૂરું પડાશે.

# કેનેડીના ચિત્રકાર અરવિંદ ખાણધરનું અતુલ્ય વારસો એવોર્ડ-૨૦૨૪ થી સન્માન




દ્વારકા : તાજેતરમાં ગાંધીનગર ખાતે રાજયકક્ષાનો ગુજરાત અતુલ્ય વારસો આઈન્ડટીટી એવોર્ડ–૨૦૨૪ સમારોહ યોજાઈ ગયેલ. જેમાં કેનેડીના ચિત્રકાર અરવિંદ ડી. ખાણધરને સન્માનિત કરવામાં આવેલ. અતુલ્ય વારસો ગુજરાતની ઐતિહાસિક સાંસ્કૃતિક ધરોહરને ઉજાગર કરવા તથા જીવંત રાખવા માટે ઈતિહાસ, પર્યાવરણ, હેરિટેજ, પ્રવાસન, લેખન, સંગીત, ચિત્રકલામાં ૧૩૧ જેટલા આર્ટિસ્ટોને કલાની પરખ કરીને ૭મી એપ્રિલના એવોર્ડ માટે ચિત્રકલા ક્ષેત્રમાં દેવભૂમિ દ્વારકા જીલ્લાના કેનેડીના ચિત્રકાર અરવિંદ ખાણધરને એવોર્ડ અર્પણ કરેલ. આ પ્રસંગે કપીલભાઈ ઠાકર, પદમશ્રી જોરાવરસિંહ જાદવ, કલેકટર પ્રદીપભાઈ રાઠોડ, કલાતીર્થ અધ્યક્ષ રમણીકભાઈ ઝાપડીયા, સામાજીક કાર્યકર્તા મિતલબેન પટેલ ઉપસ્થિત રહયા હતા.

# જામનગરની જી જી હોસ્પિટલમાં દરેડની સગર્ભા મહિલાની જટિલ સર્જરી કરવામાં આવી

જામનગર દરેડની એક સગર્ભા મહિલાની જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં જોખમી સર્જરી કરવામાં આવી હતી, અને એક્ટોપિક પ્રેગનન્સી એટલે ફેલોપ્યન ટ્યુબમાં ગર્ભ રહી જવો, જે સર્જરી કરીને માતાનું મરણ અટકાવવામાં આવ્યું છે, અને આરોગ્ય ટીમ દ્વારા લાભાર્થીને ૪ બોટલ બ્લડની પણ વ્યવસ્થા કરી આપવામાં આવી હતી. મોટાભાગના કિસ્સાઓમાં એક્ટોપિક કેસમાં સમયસર સારવાર કરવામાં ન આવેતો સગર્ભા મૃત્યુ પામે છે.

જીલ્લા વિકાસ અધિકારી અને મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીના માર્ગદર્શન હેઠળ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દરેડની આરોગ્ય ટીમે માતાનું મરણ થતા અટકાવ્યું હતું. ફરાનાબેન સબીરભાઈ ખાસબ (૨૪) વર્ષ મૂળ ઉતરપ્રદેશના બરેલીના રહેવાસી છે, જે હાલ દરેડમાં મજુરી અર્થે આવેલા છે. જેઓને તારીખ ૫-૪-૨૦૨૪ ના રોજ રાત્રે પેટમાં ખુબ દુઃખાવો ઉપડતાં અને રક્તસ્રાવ ચાલુ થતાં જી.જી.હોસ્પિટલ જામનગર ખાતે તપાસ અર્થે લઈ જવાયા હતા. જ્યાં તપાસ અને સોનોગ્રાફી રીપોર્ટ કરાવતાં જાણવા મળ્યું કે એક્ટોપિક પ્રેગનન્સી એટલે ફેલોપ્યન ટ્યુબમાં ગર્ભ છે. જેથી જીલ્લા વિકાસ અધિકારી વિકલ્પ ભારદ્વાજ દ્વારા તેના પી.એ સંજયભાઈ કાચાને આ દર્દીને સમજાવા તેમજ જરૂરી



મદદ માટે મોકલ્યા હતા, અને જામનગર તાલુકા આરોગ્ય અધિકારી ડો. જીગ્નેશ પટેલ દ્વારા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દરેડના મેડીકલ ઓફિસર ડો.પ્રવીણ પટેલ અને એફ.એચ.ડબ્લ્યુ કાજલબેન રાવલીયાને આ માહિતી આપવામાં આવી હતી, અને દર્દીને દરેડમાં શોધવા માટે કહ્યું હતું. જે દર્દીને શોધવા માટે ૧૦ ટીમો બનાવવામાં આવી હતી, અને દર્દીને શોધી દવાખાને લાવવામાં આવ્યા. હતા. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દરેડના મેડીકલ ઓફિસર ડો.પ્રવીણ પટેલ , એફ.એચ.ડબ્લ્યુ કાજલબેન રાવલીયા, સી.એચ.ઓ ધર્મિષ્ઠા કરંગીયા, ડાકોરા સુજાનાબેન અને દરેડના આશા કાર્યકર જલ્પાબેન અને નર્મદાબેન દ્વારા પ્રાઈવેટ હોસ્પિટલમાં જઈ ડોકટરને રીપોર્ટ બતાવી દર્દીને અને પરિવારને સમજાવી જી.જી.હોસ્પિટલ ખાતે લાવવામાં આવ્યા હતા. ત્યારબાદ આર.સી.એચ.ઓ ડો.નુપુર પ્રસાદ, પી.એચ.એન જયાબેન અને જી.જી.હોસ્પિટલના ડોક્ટરો દ્વારા દર્દીનું કાઉન્સેલિંગ કરી સમજાવી ઓપરેશન માટે ફરી તૈયાર કરાવામાં આવ્યા હતા. જે ઓપરેશન માટે ૪ બોટલ બ્લડની જરૂર હોય તેવું કહેવામાં આવ્યું ત્યારે દરેડના મેડીકલ ઓફિસર ડો.પ્રવીણ પટેલ દ્વારા એક બોટલ આપવામાં આવી, અને ૨ બોટલ તાલુકા હેલ્થ ઓફિસર ડો. જીગ્નેશ પટેલ દ્વારા વ્યવસ્થા કરી આપવામાં આવી, અને ૧ બોટલ ત્યાં હોસ્પિટલમાં આવેલ જાગૃત નાગરિક દ્વારા બ્લડ ડોનેટ કરવામાં આવ્યું હતું.

આખરે દર્દીને સાંત્વના આપી સગર્ભા દર્દીનું જી.જી.હોસ્પિટલની ટીમ દ્વારા સફળ ઓપરેશન કરવામાં આવ્યું હતું.

# જામનગર જિલ્લા સરકારી પોલિટેકનિક કોલેજ દ્વારા મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત બાઈક રેલી




જામનગર : આગામી લોકસભા ૨૦૨૪ની ચૂંટણીની તૈયારીઓના ભાગરૂપે આજ રોજ સરકારી પોલિટેકનિક જામનગર ખાતે યુવાનોમાં મતદાનના મહત્વ અંગે જાગૃતિ આવે તે હેતુથી બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. રેલીમાં વિદ્યાર્થીઓ, ફેકલ્ટીઓ આચાર્ય અને વિવિધ વિભાગોના વડાઓ ઉત્સાહપૂર્વક જોડાયા હતા. સરકારી પોલિટેકનિક કોલેજના સામૂહિક પ્રયત્નો થકી મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત બાઈક રેલીનું આયોજન સફળ રહ્યું હતું.બાઈક રેલીમાં ૨૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

# જામનગરમાં પ્રિન્ટ મીડિયામાં પ્રસિદ્ધ થતી રાજકીય જાહેરાતો અને પ્રિ-સર્ટીફિકેશન માટે સુચના જાહેર કરાઈ

જામનગર : સમગ્ર જામનગર જિલ્લામાં લોકસભા સામાન્ય ચૂંટણી અને વિધાનસભા ચૂંટણી અન્વયે મતદાનના દિવસે તથા મતદાનના એક દિવસ પૂર્વે પ્રિન્ટ મીડિયામાં પ્રસિદ્ધ થતી રાજકીય જાહેરાતો તથા તેના પ્રિ-સર્ટિફિકેશન અંગે અત્રે જણાવ્યા મુજબ અગત્યની સૂચના જાહેર કરવામાં આવી છે.

જે મુજબ (૧) કોઈપણ રાજકીય પક્ષ, ઉમેદવાર, સંસ્થા કે કોઈપણ વ્યક્તિ દ્વારા મતદાનના દિવસે કે મતદાનના એક દિવસ પૂર્વે કોઈપણ રાજકીય જાહેરાત પ્રિન્ટ મીડિયામાં પ્રસિદ્ધ કરી શકાશે નહિ. અપવાદ સ્વરૂપે આવી કોઈપણ રાજકીય જાહેરાતનું કન્ટેન્ટ રાજ્ય કે જિલ્લાની મીડિયા સર્ટિફિકેશન & મોનીટરીંગ કમિટી (MCMC) દ્વારા પ્રિ-સર્ટિફાઈડ કરવામાં આવ્યું હોય. (૨) આવી રાજકીય જાહેરાત પ્રસિદ્ધ કરવા માંગતા હોય, તો તેઓએ રાજકીય જાહેરાત પ્રસિદ્ધ તારીખ પૂર્વે ૨ દિવસ પહેલા સંબંધિત મીડિયા સર્ટિફિકેશન & મોનીટરીંગ કમિટી (MCMC) ને અરજી કરવાની રહેશે. (૩) રાજ્ય કે જિલ્લાની મીડિયા સર્ટિફિકેશન ૹ મોનીટરીંગ કમિટી (સ્ઝસ્ઝ) એ રાજકીય પક્ષ, ઉમેદવાર કે અન્ય તરફથી મળેલી આવી રાજકીય જાહેરાતોની ચકાસણી કરીને તાત્કાલિક પ્રિ-સર્ટિફિકેશનની કાર્યવાહી હાથ ધરવાની રહેશે. તેમજ મીડિયા સર્ટિફિકેશન & મોનીટરીંગ કમિટી (MCMC) દ્વારા ઉપયુર્કત નિર્ણય અંગેની કાર્યવાહી તાત્કાલિક ધોરણે હાથ ધરવામાં આવે તે પણ સુનિશ્ચિત કરવાનું રહેશે. અત્રે જણાવેલી તમામ સૂચનાઓનું ચુસ્તપણે પાલન થાય તે રીતે કાર્યવાહી હાથ ધરવા માટે સંયુક્ત મુખ્ય નિર્વાચીન અધિકારી પી. ડી. પલસાણાની સુચના અનુસાર નાયબ જિલ્લા ચુંટણી અધિકારી, જામનગરની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# આજે ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર-કચ્છમાં ગાજવીજ સાથે વરસાદની આગાહી

## કાલથી તાપમાનમાં વધારો થશે અને પારો ૪૦ ડિગ્રી પાર થવાની શક્યતા

અમદાવાદ

હવામાન વિભાગે ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર-કચ્છમાં વરસાદની આગાહી કરી છે. જ્યારે આવતીકાલથી તાપમાનમાં વધારો થશે અને પારો ૪૦ ડિગ્રી પાર થવાની શક્યતા છે. સમગ્ર ગુજરાત રાજ્યમાં ગઈ કાલે કમોસમી વરસાદની આફતને કારણે અનેક જિલ્લાઓ ભીંજાયા હતા, ત્યારે આજે પણ ઉત્તર ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં હવામાન વિભાગ દ્વારા ગાજવીજ સાથે હળવા વરસાદની શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી છે. આજે ઉત્તર ગુજરાતના સાબરકાંઠા બનાસકાંઠા અને કચ્છમાં ગાજવીજ સાથે વરસાદની શક્યતાઓ છે.

૧૬ એપ્રિલથી ફરી એકવાર તાપમાનનો પારો બે ડિગ્રી જેટલું ઉંચકાઈ શકે છે, તેથી ગુજરાતવાસીઓને થોડા દિવસની ગરમીથી રાહત બાદ ફરીથી ઉનાળાનું કહેર સહન કરવા તૈયાર રહેવું પડશે. આગામી ૪૮ કલાક બાદ ગુજરાત પરથી વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર સંપૂર્ણ પૂર્ણ થયા બાદ સૂર્ય ગુજરાતની ધરતીને તપાવશે તેને કારણે અમદાવાદ સહિત ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર-કચ્છના વિસ્તારોમાં તાપમાનનો પારો ૪૦ ડિગ્રીથી પાર જઈ શકે છે.

અમદાવાદ શહેરમાં રવિવારે બપોર બાદ કેટલાક વિસ્તારમાં હળવા વરસાદના ઝાપટાં પડ્યા હતા. ભારે પવન ફૂંકાવાને કારણે વિવિધ વિસ્તારોમાં ધૂળની ડમરીઓ ઉડી હતી. જ્યારે આજે સોમવારે સવારે ઠંડકનો માહોલ છે. રવિવારની સાંજે વાતાવરણમાં બદલાવને કારણે શહેરીજનો માટે આરામદાયક રહી હતી. જોકે, ભારે પવન ફૂંકાતા ધૂળની ઊંચી ઊંચી ડમરીઓથી રસ્તા પર આવતાં-જતાં વાહનચાલકોને મુશ્કેલી થઈ હતી, ત્યારે આજે પણ અમદાવાદ શહેરમાં વાદળછાયું વાતાવરણ રહેવાની શક્યતાઓ છે.

આજરોજ વહેલી સવારે જ થોડા પ્રમાણ માં કેટલાક વિસ્તારોમાં ધુમ્મસભર્યું વાતાવરણ રહી શકે છે. ત્યારબાદ સૂર્ય ઉપર આવતા તાપમાન ઉંચકાશે. આજે અમદાવાદ શહેરમાં મહત્તમ તાપમાન ૩૯ ડિગ્રી સુધી પહોંચી શકે છે. પરંતુ દરમિયાન વાદળછાયું વાતાવરણ રહેવાને કારણે ગરમીનો અહેસાસ ઓછા પ્રમાણમાં થશે. આજરોજ શહેરમાં ૮થી ૧૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે, તેને કારણે પણ થોડા અંશે રાહત અનુભવાઈ શકે છે.

# રાજકોટનું ક્ષત્રિય સંમેલન : શિસ્ત, સંયમ, શક્તિ અને સૈલાબ

રાજકોટ

રાજકોટ ગુજરાતની રાજકીય ગતિવિધિઓનું કેન્દ્ર રહ્યું છે અને આ પ્રકરણનું તો એપી સેન્ટર છે. સંમેલન ઘણી બાબત નિર્ભર છે. હવે પછી ક્ષત્રિયોની રણનીતિ શું રહેશે? ભાજપનું વલણ શું રહેશે? અને કોંગ્રેસ આ સ્થિતિનો લાભ ઉઠાવી શકશે કે નહીં? તે પ્રશ્નો મહત્વના છે. ક્ષત્રિય સંમેલનમાં હજારો લોકો પહોંચ્યા. વાહનોના થપ્પા લાગ્યા તો ચાલીને સ્થળ પર પહોંચ્યા. ક્યાંય કોઈ છમકલું થયું નહીં, ક્યાંય કોઈએ સંયમ ગુમાવ્યો



નહીં. શિસ્તબદ્ધ રીતે શક્તિપ્રદર્શન થયું.

# 35 IPSની બઢતી-બદલી

## હસમુખ પટેલ સહિત ૨૦થી પણ વધુ અધિકારીઓને પ્રમોશન આપવામાં આવ્યાં

અમદાવાદ

સભા ૨૦૨૪ની ચૂંટણીની વાતોની વચ્ચે ઘણા સમયથી ગુજરાતમાં આઈપીએસ અધિકારીઓની બદલીની પણ વાતો ચાલી રહી હતી, આ દરમિયાન ચૂંટણી પણ જાહેર થઈ ગઈ હતી. આ ચૂંટણી પ્રક્રિયા વચ્ચે ચૂંટણીપંચે બઢતી અને બદલીના ઓર્ડર કર્યા છે. જેમાં એકસાથે ૩૫ અધિકારીના બદલી અને બઢતીના આદેશ કરવામાં આવ્યા છે.

૭૪ દિવસથી ઈન્ચાર્જથી ચાલી રહેલા સુરતને હવે નવા પોલીસ કમિશનર મળી ગયા છે. હાલ વડોદરાના પોલીસ કમિશનર એવા અનુપમસિંહ ગેહલોતને સુરતના પોલીસ કમિશનર બનાવવામાં આવ્યા છે. જ્યારે વડોદરાના પોલીસ કમિશનર તરીકે નરસિંમ્હા કોમરને મૂકવામાં આવ્યા છે. કરાઈ ટ્રેનિંગ સેન્ટરના પ્રિન્સિપાલ અભય ચુડાસમાને પ્રમોશન આપી છઠ્ઠું બનાવવામાં આવ્યા છે. હાલ અમદાવાદના પોલીસ કમિશનર જીએસ મલિક, અને ગુજરાત પોલીસ હાઉસિંગ કોર્પોરેશનના એડિશનલ ડીજી હસમુખ પટેલ સહિત ૨૦થી પણ વધુ અધિકારીઓને પ્રમોશન આપવામાં આવ્યાં છે. જ્યારે અમદાવાદ શહેરમાં ત્રણ જગ્યાઓ ખાલી છે. જેમાં ડીસીપી ક્રાઈમ સેક્ટર વન જોઈન્ટ કમિશનર અને ઝોન વન ડીસીપીની જગ્યા હજી પણ ખાલી રહી છે. બીજી તરફ વેઈટિંગ ફોર પોસ્ટિંગમાં પણ હજી ઘણા હુકમ થવાના બાકી છે, એટલે એવું માનવામાં આવી રહ્યું છે કે હજી વધુ એક લિસ્ટ આવે તેવી શક્યતા છે. અમદાવાદ શહેરના ઝોન ડીસીપી તરુણ દુગ્ગલની બદલી કરીને મહેસાણા જિલ્લા એસપી તરીકે નિમણૂક કરવામાં આવી છે.

જે પોસ્ટ ઈન્ચાર્જ તરીકે ચાલતી હતી તે ઝોન-૭માં નવા ડીસીપીની નિમણૂક કરવામાં આવી છે. તેની સાથે સાથે હજી પણ અમદાવાદ શહેરમાં ત્રણ જગ્યાઓ ખાલી છે. આ ખાલી જગ્યાઓ પણ ભરવી પડશે. તેની સાથે ઈકોનોમિક ઓફેન્સ વિંગના ડીસીપીની જગ્યા પણ ખાલી હોવાથી આ ખાલી પડેલી જગ્યાઓ ભરવા પ્રક્રિયા હાથ ધરવામાં આવી હોવાનું સૂત્રો પાસેથી જાણવા મળી રહ્યું છે.

# કેસર કેરીના શોખીનોને સ્વાદ ફીક્કો લાગે તેવા ભાવ



## કેરીના પેટીનો ભાવ ૨ હજારથી ૨૪૦૦ જેટલો બોલતાં સામાન્ય માનવી માટે કેરી ચાખવી અઘરી

અમદાવાદ,

ગુજરાતમાં કદાચ એવું કોઈ વ્યક્તિ નહીં હોય કે જેને કેરીનો સ્વાદ પસંદ ન હોય. ઉનાળો આવ્યો છે તો કેસર કેરીના શોખીનો કેરીનો સ્વાદ માણવા તલપાપડ હશે. બજારમાં કેરીનું આગમન પણ થઈ ગયું છે. પરંતુ કેરીના ભાવ તમે બજારમાં સાંભળ્યા હશે પરંતુ આ ભાવમાં ઘટાડો થાય તેમ લાગતું નથી. કારણ કે ગ્લોબલ વોર્મિંગ અને કમોસમી માવઠાને કારણે કેરીના પાકને ખરાબ અસર થઈ છે. સૌ કોઈ આકરો ઉનાળો આવ્યો છે તો કેરીનો સ્વાદ માણવા આતુર હશે. બજારમાં કેરીનું આગમન પણ થઈ ગયું છે. પરંતુ જ્યારે કેરીના ભાવ પૂછીએ તો લેવાનું મન થતું નથી. આભને આંબે તેવા ભાવથી કેરીનો સ્વાદ માણી શકાય તેમ નથી. સૌ કોઈ એ ઈન્તજારમાં છે કે થોડા સમય પછી ભાવમાં ઘટાડો આવશે. ત્યારે કેરીનું હબ કહેવાતા ભાવનગરના તળાજા તાલુકામાં મોટા પાયે કેરીનો પાક થાય છે. પરંતુ આ વખતે વિષમ તાપમાનને કારણે કેરીનું ઉત્પાદન મોટા પાયે નિષ્ફળ જવાની સંભાવનાઓ દેખાઈ રહી છે. આ વખતે મહોર આવવાની શરૂઆત તો થઈ હતી, ત્યારબાદ આંબા પર નાની મોટી ખાખટી પણ આવી હતી...પરંતુ શિયાળામાં ઓછી ઠંડી અને ઉનાળો વધુ પડતો તપી જતાં આંબા પરથી મહોર ખરી જવાનું પ્રમાણ વધી ગયું...એટલું જ નહીં એપ્રિલમાં કેરી તૈયાર થઈ જાય છે પરંતુ હાલ આંબા પર અચાનક કપળો ફૂટીને નવા પાન આવવા લાગ્યા છે. જે ચોમાસામાં ફૂટતા હોય છે.

# ગાંધીનગર સાયબર ક્રાઈમના નામે નોટીસ મોકલીને છેતરપિંડીનો પ્રયાસ

અમદાવાદ,

નિકોલમાં રહેતા વેપારીને દવા કંપનીએ કેસ કર્યો હોવાનું કહીને ગાંધીનગર સાયબર ક્રાઈમના નામે દંડ ભરવાનું અથવા ત્રણ મહિનાની સજા અપાવવાનું કહીને કોઇ ગઠિયાએ વોટ્સએપથી બનાવટી લીગલ નોટિસ મોકલી હતી. જે અંગે અમદાવાદ સાયબર ક્રાઈમ દ્વારા ગુનો નોંધીને તપાસ શ કરવામાં આવી છે. નિકોલમાં આવેલા દિવ્યજ્યોત ટેનામેન્ટમાં રહેતા વિષ્ણુભાઇ પંચાલ ઓઢવમાં ફર્નિચરનો વ્યવસાય કરે છે. ગત ૮મી એપ્રિલના રોજ તેમને અજાણ્યા મોબાઇલ નંબર પરથી કોલ આવ્યો હતો. જેમાં કોલ કરનારે પોતાની ઓળખ ગાંધીનગર સાયબર ક્રાઈમના પીએસઆઇ હેમંતસિંહ તરીકે આપીને જણાવ્યું હતું કે તમે વર્ષ ૨૦૨૨માં ઓનલાઇન દવા મંગાવીને રીસીવ નહોતી કરી અને પરત આપી હતી. સાથેસાથે દવાના ખરાબ રિવ્યું આપ્યા હતા. જેથી અર્બન મેટ્રો કંપનીએ તમારા પર છેતરપિંડી અને અન્ય કેસ બાબતને લઇને કેસ કર્યો છે. આ કેસ પાછો ખેચાવવો હોય તો કોલ કરજો. જો કેસ થશે તો ૩૦ હજારનો દંડ અથવા ત્રણ મહિનાની કેદની સજા થશે. ત્યારબાદ ગાંધીનગર ક્રાઇમબ્રાંચના નામના લેટરપેડ પર નોટિસ મોકલી હતી. જો કે સાયબર ક્રાઇમના નામે કોલ કરીને છેતરપિંડીનો પ્રયાસ કર્યો હોવાથી આ અંગે વિષ્ણુભાઇએ સાયબર ક્રાઇમમાં ફરિયાદ નોંધાવી હતી.

# કચ્છમાં નોધાયો ૨.૯ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો

કચ્છ,

કચ્છના સરહદી વિસ્તારમાં આજે સવારના સમયમાં ફરી એકવાર ભૂકંપનો આંચકો નોંધાયો છે. ૨૦૦૧ના વિનાશક ભૂકંપ બાદ જિલ્લામાં ભૂકંપના નાના નાના આંચકાઓનો સિલસિલો અવિરતપણે ચાલુ રહ્યો છે.

પશ્ચિમ કચ્છના વિસ્તારમાં ૨.૯ની તીવ્રતાનો ભૂકંપના આંચકો નોંધાયો હતો.સવારના ૫:૦૮ કલાકે આ ભૂકંપનો આંચકો નોંધાયો હતો.કચ્છના સરહદી વિસ્તારમાં આજે સવારના સમયમાં ફરી એકવાર ભૂકંપનો આંચકો નોંધાયો છે. ૨૦૦૧ના વિનાશક ભૂકંપ બાદ જિલ્લામાં ભૂકંપના નાના નાના આંચકાઓનો સિલસિલો અવિરતપણે ચાલુ રહ્યો છે. ત્યારે આજે પશ્ચિમ કચ્છના વિસ્તારમાં સવારના ૫:૦૮ કલાકે ૨.૯ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો નોંધાયો હતો.વર્ષ ૨૦૦૧માં કચ્છમાં આવેલા વિનાશક ભૂકંપ બાદ ખાસ કરીને વાગડની ફોલ્ટ લાઈન પર નાના નાના આંચકાઓ નોંધાઈ રહ્યા છે.ખાવડા વિસ્તાર પાસે પણ નાના નાના આંચકાઓ અનુભવાય છે.

# કમ્પાઉન્ડરમાંથી બની ગયા ડોક્ટર

## સુરતમાં ડિગ્રી વગર ક્લિનિક ચલાવતા બે શખ્સ એલોપેથિક દવાના જથ્થા સાથે ઝબ્બે

સુરત

સુરતના પાંડેસરામાં બે અલગ અલગ બનાવવામાં પોલીસે ડુપ્લીકેટ ડોક્ટરને ઝડપી પાડ્યા છે. બંને ડોક્ટર પાસે કોઈપણ પ્રકારની ડિગ્રી ન હોવા છતાં પણ તેઓ ખાનગી પ્રેક્ટિસ કરતા હતા. ડિગ્રી વગર જ તેઓ ક્લિનિકમાં એલોપેથીક દવાનો જથ્થો રાખતા હતા. જેથી પોલીસે બંને સામે ડુપ્લીકેટ તબીબનો ગુનો દાખલ કરી બંનેની ધરપકડ કરી છે.

પોલીસે બંને ડોકટરોની પ્રાથમિક પૂછપરછમાં અગાઉ હોસ્પિટલમાં કમ્પાઉન્ડર તરીકે નોકરી કરી સામાન્ય બીમારીમાં કઈ કઈ દવા, ઈન્જેકશન આપવાની માહિતી મેળવી લીધા બાદ જાતે જ ડોક્ટર બની ગયા હોવાની કબૂલાત કરી હતી. પોલીસે બંને ક્લિનિકમાંથી દવા, ઈન્જેક્શન સહિત કુલ રૂપિયા ૩૦ હજારનો દવાનો જથ્થો કબ્જે કર્યો હતો.

અંતર્ગત જીંચ પોલીસના માણસોની અલગ અલગ ટીમો બનાવી શહેરમાં ડિગ્રી વગરના ક્લિનીક ચલાવતા બોગસ ડોક્ટરોને પકડી પાડવાની દિશામાં વર્કઆઉટમાં હતા. બાતમી મળી હતી કે પાંડેસરા વિસ્તારમાં આવેલા બે બોગસ તબીબો દ્વારા ક્લિનિક ખોલી લોકોના આરોગ્ય સાથે ચેડા કરી રહ્યા છે.દવાનો જથ્થો કબજે કર્યો પોલીસે બાતમીના આધારે પોલીસે જિલ્લા પંચાયત હેલ્થ વિભાગના અધિકારીઓ સાથે અકે ટીમ બનાવી પાંડેસરા ગોવાલક રોડ રામનગર ખાતે આવેલ જગન્નાથ ક્લિનીકમાં ડમી પેશન્ટ મોકલી રોડ પાડી હતી.

# અમદાવાદથી આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓમાં ૩૭ ટકાનો વધારો

અમદાવાદ,

અમદાવાદ એરપોર્ટ પર વર્ષ ૨૦૨૨ કરતાં વર્ષ ૨૦૨૩ માં ઈન્ટરનેશનલ અને ડોમેસ્ટિક પેસેન્જરોની કુલ સંખ્યા ૧.૧૬ કરોડને પાર થઈ છે.

એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડાઓમાં વર્ષ ૨૦૨૩ માં એક કરોડથી વધુ પેસેન્જરોએ અમદાવાદ એરપોર્ટથી અવરજવર કરી હોવાનું જાણવા મળ્યુ છે. અમદાવાદથી ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી વિવિધ દેશોમાં ૧૮.૭૩ લાખ પેસેન્જરોએ ઉડાન ભરી છે જયારે ડોમેસ્ટિકમાં૯૭.૮૫ લાખ પેસેન્જરોએ અમદાવાદથી વિવિધ શહેરોની ઉડાન ભરી છે. સૌથી વધુ ઈન્ટરનેશનલના પેસેન્જરો વર્ષ ૨૦૨૩ ના ડિસેમ્બરમાં ૧.૯૩ લાખ અને ડોમેસ્ટિકમાં વર્ષ ૨૦૨૩ ના જાન્યુઆરીમાં ૯ લાખથી વધુ પેસેન્જરો નોંધાયા હતા. વર્ષ ૨૦૨૨ ની સરખામણીમાં વર્ષ ૨૦૨૩ માં ઈન્ટરનેશનલ પેસેન્જરોમાં ૩૭.૯૫% અને ડોમેસકટિક પેસેન્જરોમાં ૩૩ .૦૨%નો વધારો થયો છે. અમદાવાદ એરપોર્ટ પરથી દિન-પ્રતિદિન પેસેન્જરોની સંખ્યામાં વૃધ્ધિ થઈ રહી છે.

# ચોમાસું વહેલા શરુ થવાની શક્યતા

અમદાવાદ,

ગુજરાતમાં હવે બારેમાસ ચોમાસું જેવી સ્થિતિ રહે છે. વર્ષના વચલા દહાડે ગમે ત્યારે કમોસમી વરસાદ આવી ચઢે છે. આવામાં ખરુ ચોમાસું કેવુ જશે તે વધુ મહત્વનું છે. વર્ષ ૨૦૨૪ નું ચોમાસું કેવુ જશે તે માટે ભવિષ્યવાણી આવી ગઈ છે. આગાહીકાર અંબાલાલ પટેલે અત્યારથી જ ચોમાસાની આગાહી કરી છે. આ વર્ષે ચોમાસુ વહેલુ શરૂ થવાની શક્યતા છે.સાથે જ આ વર્ષે ચોમાસુ સારું રહેવાની



શક્યતા હોવા છતાં કેટલાક ભાગોમાં વરસાદની વહેંચણી અનિયમિત રહે તેવી પણ આગાહી છે. હવામાન શાસ્ત્રી અંબાલાલ પટેલે આગાહી કરતા જણાવ્યું કે, આ વર્ષે ચોમાસું વહેલા શરુ થવાની શક્યતા છે. ૧૦થી ૧૨ મે સુધીમાં દેશમાં આંધીવંટોળ સાથે પ્રિમોન્સૂન એક્ટિવિટી શરુ થશે. ૨૩-૨૪ મે સુધીમાં વાદળો આવશે. ૮ થી ૧૨ જૂનમાં ચોમાસાની શરૂઆત થશે. સામાન્ય રીતે ગુજરાતમાં ૧૫ જૂનથી ચોમાસુ શરું થાય છે. આ વર્ષે આંધીવંટોળ અને ભારે પવન સાથે વરસાદ રહેશે. સારા ચોમાસા અંગે તેમણે કહ્યું કે, ૨૮ જૂનથી રાજયના મોટાભાગમાં સારો વરસાદ રહેવાની શક્યતા છે. જુલાઈ માસમાં સારો વરસાદ રહેશે.

# ૧૨ વર્ષથી નાસતો ફરતો આરોપી મહારાષ્ટ્ર-અક્કલકુવાથી ઝડપાયો

ભરૂચ,

ભરૂચ જિલ્લાના અંકલેશ્વર શહેર એ' ડિવિઝન પોલીસ મથકના ચોરીના ગુનામાં છેલ્લા ૧૨ વર્ષથી નાસતા ફરતા લિસ્ટેડ આરોપીને મહારાષ્ટ્રના અક્કલકુવા ખાતેથી પેરોલ ફર્લો સ્કોડની ટીમે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ મહા નિરીક્ષક સંદીપસિંહ વડોદરા રેન્જ તથા ભરૂચ જિલ્લા પોલીસ અધિક્ષક મયુર ચાવડા દ્વારા પેરોલ પર જમ્પ ફરાર આરોપી તથા નાસતા ફરતા આરોપીઓને પકડવા માટે આપવામાં આવેલ સૂચનાના આધારે ભરૂચ પેરોલ ફર્લો સ્કોડની ટીમ દ્વારા જિલ્લામાં બનેલા ગુનાઓમાં નાસતા ફરતા આરોપીઓને પકડવા માટે તપાસ હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન ખાનગી બાતમીના આધારે અંકલેશ્વર શહેર એ' ડિવિઝન પોલીસ મથકના ગુનાના કામે નાસતા ફરતા આરોપી દીન મહંમદ બસીર મહંમદ મકરાણીને મહારાષ્ટ્રના અક્કલકુવા ખાતેથી પકડી સીઆરપીસી કલમ ૪૧ (૧) આઈ મુજબ અટકાયત કરવામાં આવી છે.

# ૩૩% સ્ત્રી અનામતની વાતો પોકળ! રાજકીય પક્ષોની મહિલાઓને ટિકિટ આપવામાં કંજૂસાઈ

ગાંધીનગર,

લોકસભા ચૂંટણી માટે ઉમેદવારી પત્રો ભરવાની શરુઆત થઇ ચૂકી છે ત્યારે સૌથી મહત્વનો મુદ્દો એ ઉઠે છે કે - મહિલા સશકતિકરણની ગુલબાંગો પોકારતા રાજકીય પક્ષો તરફથી કેટલી ટિકિટો મહિલાઓ માટે ફળવાઈ? ૩૩ ટકા અનામતની વાતો કરતી ભાજપ સરકારે પણ ટિકિટ ફાળવણીમા મહિલાઓ ને કેટલુ મહત્વ આપ્યું? જો ગુજરાતના રાજકીય ઈતિહાસની વાત કરીયે તો ૧૯૬૨માં ગુજરાતમાં પ્રથમ




વખત લોકસભાની ચૂંટણી યોજાઈ હતી ત્યારથી ૨૦૧૯ સુધીમાં ૩,૫૬૨ ઉમેદવારો મેદાનમાં હતા.

આમાં માત્ર ૧૬૦ મહિલાઓએ ઉમેદવારી નોંધાવી હતી. સંસદમાં ગુજરાતમાંથી મહિલાનું પ્રતિનિધિત્વ ઓછા પ્રમાણમાં રહેવાનું કારણ મહિલાઓ રાજકારણથી દૂર રહેવા માંગે છે અથવા રાજકીય પક્ષો દ્વારા પણ મહિલાઓને પૂરતા પ્રમાણમાં ટિકિટ આપવામાં આવતી નથી તે છે દેશમાં ૩૩% મહિલા અનામત ની વાતો કરનાર રાજકીય પક્ષો પણ આ મામલે ઉદાસીન રહ્યા છે.

જ્યારે ગુજરાત અને મહારાષ્ટ્ર એક રાજ્ય હતા ત્યારે ગુજરાત રાજ્યની સ્થાપના પહેલા સરદાર વલ્લભભાઈ પટેલની પુત્રી મણીબેન તથા સાબરકાંઠા બેઠક પરથી જોહરબેન ચાવડા સાંસદના પદ પર રહ્યા હતા. ૧૯૬૨માં અમરેલીની બેઠક પરથી જયાબેન શાહ અને બનાસકાંઠાની બેઠક પરથી જોહેરા બેન ચાવડા વિજેતા બન્યા હતા.

૧૯૭૭ની ચૂંટણીમાં મહેસાણાની બેઠક પરથી મણીબેન પટેલ એકમાત્ર વિજેતા મહિલા ઉમેદવાર હતા. ૧૯૮૦ની લોકસભા ચૂંટણીમાં એક પણ મહિલા ઉમેદવાર સાંસદ બન્યા ન હતા, ૧૯૮૪માં કચ્છની બેઠક પર ઉષાબેન ઠક્કર વિજેતા થયા હતા. ૧૯૯૮એ ૯૯ અને ૨૦૦૪ એમ સળંગ ત્રણ ટર્મ સુધી વડોદરાની બેઠક પર જયાબેન ઠક્કર સાંસદ રહ્યા હતા.

# હાર્દિક પટેલની ૪૦ સ્ટાર પ્રચારકમાં બાદબાકી : અલ્પેશનો સમાવેશ

ગાંધીનગર,

ગુજરાતમાં લોકસભાની ચૂંટણીને લઈને ભારતીય જનતા પાર્ટીના સ્ટાર પ્રચારકોની યાદી જાહેર થઈ છે. ગુજરાતમાં ભાજપના સ્ટાર પ્રચારકોની યાદીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીથી માંડીને કુલ ૪૦ લોકોનો સમાવેશ કરવામાં આવ્યો છે. રાજકોટ બેઠકના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલા પણ સ્ટાર પ્રચારકમાં સામેલ કરવામાં આવ્યા છે. પરંતુ આશ્ચર્યજનક સમાચાર એ છે કે એક સમયે કોંગ્રેસમાં હેલિકેપ્ટર લઈને દેશમાં ગમે ત્યાં પ્રચાર કરવા માટે જનાર હાર્દિક પટેલની સ્ટાર પ્રચારકમાંથી બદબાકી કરી નાંખવામાં આવી છે.

પાટીદાર આંદોલનનો મુખ્ય ચહેરો અને છટાદાર ભાષણ માટે જાણીતો હાર્દિક પટેલને એક સમયે કોંગ્રેસમાં જબરું રાજકીય પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું. તેની ટોચના સ્ટાર પ્રચારકમાં સમાવેશ કરાયો હતો અને હાર્દિક પટેલને ચૂંટણી પ્રચાર માટે કોંગ્રેસે અલગથી હેલિકોપ્ટર ફાળવ્યું હતું. લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસ એક સમયે ગુજરાતમાં હાર્દિક પટેલ સૌથી મોટો પ્રચારક બન્યો હતો. કૉંગ્રેસે હાર્દિક પટેલને અલગ-અલગ જગ્યાએ પ્રચાર કરવા માટે હેલિકોપ્ટર ફાળવ્યું હતું. હાર્દિક પટેલ વધુમાં વધુ પ્રચાર કરી શકે તે માટે કોંગ્રેસે તેને હેલિકોપ્ટર ફાળવ્યું હતું.

પાટીદાર આંદોલનમાંથી બહાર આવેલા હાર્દિક પટેલ એક સમયે કોંગ્રેસમાં રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી પછી હાર્દિક પટેલ ગુજરાતમાં ત્રીજા નંબરનો સ્ટાર પ્રચારક બની ગયો હતો. પરંતુ હાર્દિક પટેલ કોંગ્રેસ છોડીને ભાજપમાં જોડાયા બાદ ખરેખર પાર્ટીની ખિસકોલી બનીને રહી ગયો છે.

# જામનગર નજીક ધુતારપર ગામે માતાએ ત્રણ સંતાનો સાથે કર્યો સામૂહિક આપઘાત

## મૃતકને પીયર જવાની પતિએ ના પાડતા ત્રણેય સંતાનોને કૂવામાં ફેંકી પોતે પણ ઝંપલાવી દીધું : માતા સામે હત્યાનો ગુનો નોંધાયો






તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર તાલુકાના ધુતારપર ગામે ગઈકાલે કરૂણાંતિકા સર્જાઈ હતી. જેમાં સગી જનેતાએ ત્રણ બાળકોને કૂવામાં ફેંકી પોતે પણ ઝંપલાવી આપઘાત કરી લેતાં અરેરાટી ફેલાઈ જવા પામી છે. પતિએ પિયર જવાની ના પાડતાં આ પગલું ભરી લીધાનું પોલીસમાં જાહેર થયું છે.

આ બનાવની પ્રાપ્ત વિગત એવી છે કે, મૂળ મધ્યપ્રદેશની વતની અને હાલ જામનગર તાલુકાના ધુતારપર ગામે એક વાડીમાં રહીને ખેતમજૂરી કામ કરતી ધનુબેન ઉર્ફે સંગીતાબેન કમલેશભાઈ મીનવા નામની ૨૬ વર્ષીય પરીણિતાને પોતાને પીયર જવું હોય, પરંતુ પતિ કમલેશભાઈએ એવું કહેલ કે, હાલ જીરાનો પાક ઉભો છે. જેનો હિસાબ પતી જાય પછી પીયર જવાનું કહયું હતું. જેને લઈ સંગીતાબેનને લાગી આવ્યું હતું. તેથી ગઈકાલે તેણીએ પોતાના ત્રણ સંતાનો પુત્રી મમતા (ઉ.વ.૬), પુત્રી અંજલિ (ઉ.વ. ૩) તેમજ નવ વર્ષનો પુત્ર સોહનને વારાફરતી કૂવામાં ફેંકી દીધા હતા અને ત્યારબાદ તેણીએ પણ કૂવામાં ઝંપલાવી દીધું હતું. આથી ચારેયના ડૂબી જવાથી મૃત્યુ નિપજયા હતા.

દરમ્યાન આ બનાવની મૃતકના પતિની બહેનએ જાણ તેમના ભાઈને કરતાં તેઓએ ફાયરબ્રિગેડને જાણ કરી હતી. જેને લઈ ફાયર તથા પોલીસનો સ્ટાફ ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને વારાફરતી ચારેયના મૃતદેહનો બહાર કાઢયા હતા. આ બનાવ અંગે મૃતક સંગીતાબેનના પતિ કમલેશ જ્ઞાનસિંહ મિનવાની ફરિયાદના આધારે મૃતક ધનુબેન ઉર્ફે સંગીતાબેન સામે હત્યાની કલમ ૩૦૨ મુજબ ગુનો નોંધ્યો છે. આ સમગ્ર બનાવ અંગે પંચકોશી એ ડિવિઝનના પીએસઆઈ એ. કે. પટેલ વધુ તપાસ ચલાવી રહયા છે.

## જામનગરમાં યુવાનની જમીન પચાવી પાડનાર પિતા-પુત્ર સહિત ત્રણ સામે લેન્ડ ગ્રેબિંગ ગુનો નોંધાયો

જામનગર : જામનગરમાં ગુલાબ નગર નજીક રવિ પાર્ક વિસ્તારમાં રહેતા એક યુવાનનો પ્લોટ પિતા-પુત્ર સહિતના ત્રણ શખ્સોએ ગેરકાયદે કબજો જમાવી પચાવી પાડ્યો હોવાથી તેની સામે લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે,

આ બનાવની વિગત એવી છે કે જામનગરમાં ગુલાબ નગર નજીક રવિ પાક વિસ્તારમાં રહેતા સબીરભાઈ બશિરભાઈ ખફી નામના ૩૨ વર્ષના સુમરા યુવાનનો રવિ પાર્ક વિસ્તારમાં પોતાની માલિકીનો પ્લોટ આવેલો છે, જે ગુલાબ નગર નજીક શિવનગરમાં રહેતા હનીફ માડકિયા અને તેના પુત્રો આરીફ માડકીયા અને વારીશ માડકીયાએ પચાવી પાડ્યો હોય અને તેમાં ગેરકાયદે કબજો કરી લીધો હોવાથી જામનગરના જિલ્લા કલેકટરમાં લેન્ડગ્રેબીંગ અંગે અરજી કરવામાં આવી હતી.

જે અરજીની તપાસ પોલીસને સોંપવામાં આવી હતી, અને સીટી બી. ડિવિઝન પોલીસ દ્વારા ઉપરોક્ત જમીન અંગેની ખરાઈ કરાતાં ઉપરોક્ત જમીનમાં ગેરકાયદે પેશકદમી હોવાનું ધ્યાનમાં આવ્યું હતું, જેનો રિપોર્ટ તૈયાર કરીને જિલ્લા પોલીસ વડાને આપ્યા પછી જિલ્લા સમાહર્તા સમક્ષ પરત મોકલાવ્યો હતો, જે રિપોર્ટના અનુસંધાને જિલ્લા કલેક્ટર દ્વારા આ મામલે લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ ગુનો નોંધવા માટેનો આદેશ કરાયો હતો, જે આદેશ અનુસાર જામનગરના સીટી બી. ડિવિઝન પોલીસ મથકમાં સબીરભાઈ બસીરભાઈ ખફીની ફરિયાદના આધારે ત્રણેય આરોપી પિતા-પુત્ર સહિત ત્રણ સામે લેન્ડગ્રેબીંગ એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે, અને પોલીસ દ્વારા શહેર વિભાગના ડીવાયએસપી જયવીરસિંહ ઝાલા દ્વારા સમગ્ર મામલે ઊંડાણપૂર્વકની તપાસ શરૂ કરાઈ છે.

## જામનગર નજીક ચેલા ગામે બાઈક સ્લીપ થતાં યુવાનનું મોત

જામનગર : જામનગર-લાલપુર ધોરી માર્ગ પર ચેલા ગામના પાટીયા પાસે બાઈક સ્લીપ થઈ જવાના કારણે બાઈક ચાલક પરપ્રાંતીય યુવાનનું ગંભીર ઈજા થઈ હોવાથી કરૂણ મૃત્યુ નીપજયું છે.

આ બનાવની વિગત એવી છે કે મૂળ ઉત્તર પ્રદેશના વતની અને હાલ દરેડ જી.આઈ.ડી.સી. માં રહેતા અને મજૂરી કામ કરતા કૈલાશ બ્રિજમોહનભાઈ નીશાદ નામના ૫૦ વર્ષના પરપ્રાંતીય શ્રમિક કે જેઓ ગઈકાલે પોતાનું બાઈક લઈને જામનગર લાલપુર રોડ પરથી પસાર થઈ રહ્યા હતા.

જે દરમિયાન ચેલા ગામના પાટીયા પાસે તેઓનું બાઈક સ્લીપ થઈ જતાં હેમરેજ સહિતની ગંભીર ઈજા થઈ હતી, અને સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. જયાં સારવાર દરમિયાન ગઈકાલે તેઓનું મૃત્યુ નિપજ્યું છે. જે મામલે પંચકોશી બી. ડિવિઝન પોલીસ સ્ટેશનના પોલીસેક હેડકોન્સ્ટેબલ એસ.એસ. જાડેજા વધુ તપાસ ચલાવે છે.

## ખંભાળિયા નજીક દેવળિયા પાસે રિક્ષા છકડો પલ્ટી જતાં ચાલકનો ભોગ લેવાયો

ખંભાળિયા : દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયા તાલુકાના દેવળિયા પાસે ગઈકાલે પુરઝડપે જઈ રહેલ એક રિક્ષા છકડો અચાનક પલ્ટી મારી ગયો હતો. જેથી તેના ચાલકને ગંભીર ઈજાઓ થતાં તેમનું મૃત્યુ નિપજયું હતું.

ખંભાળિયા-જામનગર ધોરીમાર્ગ પર અત્રેથી આશરે ૧૫ કિલોમીટર દૂર કજૂરડાથી દેવળિયા ગામ તરફ જતા માર્ગે એક રીક્ષા છકડો લઈને જઈ રહેલા મહેશભાઈ કિશોરભાઈ મકવાણા નામના ઘડ વર્ષના યુવાને પોતાનો રીક્ષા પૂરઝડપે અને ગફલતભરી રીતે ચલાવતા તેણે રીક્ષા પરનો કાબુ ગુમાવી દીધો હતો. જેના કારણે રીક્ષા છકડો પલટી ખાઈ ગયો હતો.

આ અકસ્માતમાં મહેશભાઈ મકવાણાને શરીરના જુદા–જુદા ભાગોમાં ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યુ નીપજયું હતું. જયારે અન્ય રીક્ષા સવાર મુસાફરોને નાની મોટી ઈજાઓ થતા હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી હતી. આ બનાવ અંગે સંજયભાઈ જયંતીભાઈ મકવાણા (રહે. સિક્કા પાટિયા) ની ફરિયાદ પરથી ખંભાળિયા પોલીસે મૃતક છકડા રીક્ષા ચાલક મહેશભાઈ કિશોરભાઈ મકવાણા સામે જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધી, આગળની કાર્યવાહી પી.એસ.આઈ. વી.બી. પીઠીયાએ હાથ ધરી છે.

## ખાવડીમાં ક્રેઈન હેઠળ દબાઈ જતા શ્રમિકનું મોત

જામનગર : જામનગર નજીક મોટી ખાવડી વિસ્તારમાં રિવર્સમાં આવી રહેલી ક્રેઈનના ટાયર નીચે દબાઈ જવાના કારણે પરપ્રાંતિય શ્રમિક યુવાનનું ગંભીર ઈજા થવાથી કરુણ મૃત્યુ નીપજયું છે.

આ બનાવની વિગત એવી છે કે મૂળ પંજાબના ગુરૂદાસપુરના વતની અને હાલ જામનગર નજીક મોટી ખાવડી વિસ્તારમાં મજૂરી કામ કરતા બલરાજસિંઘ ગુરૂબક્ષસિંઘ નામના પરપ્રાંતિય યુવાનને રિવર્સમાં આવી રહેલી જી.જે ૧૦એ.આર ૨૬૧૪ નંબરની ક્રેઈનના ચાલકે ટાયર નીચે ચગદી નાખતાં ગંભીર ઈજા થવાના કારણે તેમનું બનાવના અથળે જ કરુણ મૃત્યુ નીપજયું છે. આ બનાવ અંગે મૃતકના સંબંધી કુલવીંદરસિંઘ સુલખાનસિંઘ પંજાબીએ મેઘપર પોલીસને જાણ કરતાં મૃતદેહનો કબ્જો સંભાળી પોસ્ટ મોર્ટમ કરાવ્યું છે, જ્યારે ક્રેઈનના ચાલક સામે ગુનો નોંધ્યો છે.

## જામનગરના પોશ વિસ્તાર વાલકેશ્વરી નગરીમાં ચાલતુ મહિલા સંચાલિત જુગારધામ પકડાયું

### મકાનમાલિક મહિલા સહિત ૭ મહિલાઓ જુગાર રમતાં ઝડપાઈ

જામનગર : જામનગરમાં વાલ્કેશ્વરી નગરી જેવા પોશ વિસ્તારમાં એક મહિલા સંચાલિત જુગાર ધામ પર સિટી બી ડિવિઝન પોલીસે દરોડો પાડી ગંજીપાના વડે જુગાર રમી રહેલી સાત મહિલાઓની અટકાયત કરી તેઓ પાસેથી રોકડ રકમ તેમજ જુગારનું સાહિત્ય કબજે કર્યું છે.

જામનગરમાં વાલ્કેશ્વરી નગરી વિસ્તારમાં આદર્શ રેસિડેન્સીના ફ્લેટ નંબર ૪૦૨માં રહેતી સોનલબેન જયેશભાઈ બોડા નામની મહિલા દ્વારા પોતાના ફ્લેટમાં બહારથી અન્ય સ્ત્રીઓને એકત્ર કરીને જુગારધામ ચલાવાઈ રહ્યું છે તેવી બાતમી સીટી બી ડિવિઝનના પોલીસ સ્ટાફને મળી હતી. જેથી ગઈકાલે સાંજે ઉપરોક્ત ફ્લેટ પર દરોડો પાડ્યો હતો. જ્યાં મકાનમાલિક સહિત સાત મહિલાઓ ગંજીપાના વડે જુગાર રમતાં મળી આવી હતી. આથી પોલીસે મકાનમાલિક સોનલબેન જયેશભાઈ બોડા ઉપરાંત ભાવનાબેન કિરીટભાઈ માલમ, રેખાબેન ચુનીલાલ ગોરેચા, મનીષાબેન પ્રતાપભાઈ હરવરા, રીટાબેન વેણીલાલ પરમાર, સકરબેન મામદભાઈ પૂંજાણી, સવિતાબેન માલદેભાઈ નંદાણીયા વગેરેની અટકાયત કરી લઈ તેઓ પાસેથી રૂપિયા ૧૫,૫૦૦ની રોકડ રકમ અને જુગારનું સાહિત્ય કબજે કર્યું છે.

## ધ્રોલ નજીક ચાલુ કારમાં આઈપીએલના મેચ પર સટ્ટો રમી રહેલા ત્રણ શખ્સો ઝડપાયા

### રોકડ રકમ-કાર-મોબાઈલ ફોન સહિત ૧૫.૨૨ લાખની માલમતા કબજે : ક્રિકેટની આઈડી આપનાર મુખ્ય બુકી અને પન્ટર સહિત ૬ને ફરારી જાહેર કરાયા

જામનગર : જામનગર-રાજકોટ ધોરી માર્ગ પર ચાલુ કારમાં કેટલાક સટ્ટાખોરો દ્વારા આઈ.પી.એલ. ની ક્રિકેટ મેચ પર સટ્ટો રમાડવામાં આવી રહ્યો છે, તેવી ચોક્કસ બાતમીના આધારે પોલીસે ધ્રોલ નજીક વોચ ગોઠવી એક કારમાં ક્રિકેટનો સટ્ટો રમાડી રહેલા ત્રણ શખ્સોની અટકાયત કરી લઈ રોકડ મોબાઈલ સહિત ૧૫.૨૨ લાખની માલમત્તા કબજે કરી છે, જ્યારે ક્રિકેટની આઈડી આપનાર મુખ્ય બુકી તથા પન્ટર સહિત અન્ય ૬ને ફરારી જાહેર કરાયા છે.

આ દરોડાની વિગત એવી છે કે જામનગરની લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે કેટલાક ક્રિકેટના સટ્ટાખોરોએ નવતર પ્રકારે ક્રિકેટનો જુગાર રમાડવાનું ચાલુ કર્યું છે, અને જામનગર રાજકોટ ધોરી માર્ગ પર ચાલુ કારમાં મોબાઈલની આઈડી મારફતે ક્રિકેટનો સટ્ટો રમાડી રહ્યા છે, તેવી બાતમીના આધારે ધ્રોલ હાઈવે રોડ વોચ ગોઠવી હતી. જે દરમિયાન એક ફોર્ચ્યુન કાર ત્યાંથી પસાર થતાં સોયલ ટોલ નાકા નજીકના વિસ્તારમાં કારને આંતરી તેની તલાસી લીધી હતી. જે દરમિયાન કારની અંદર જામનગર અને મીઠાપુર સૂરજ કરાડીના ત્રણ શખ્સો પોતાના મોબાઈલ ફોનની આઈડી મારફતે આઈ.પી.એલ.ની રાજસ્થાન રોયલ અને પંજાબ કિંગ્સ ઈલેવનની ટીમ વચ્ચેની ક્રિકેટ મેચ પર સટ્ટો રમી રહેલા મળી આવ્યા હતા.

આથી પોલીસે કારમાં બેઠેલા જામનગરના શંકર ટેકરી વિસ્તારમાં રહેતા પ્રવીણ રામજીભાઈ મકવાણા, સુરજ કરાડી- મીઠાપુરમાં રહેતા ટ્રાન્સપોર્ટના ધંધાથી હાર્દિક અશોકભાઈ પોપટ, અને સૂરજ કરારીના પ્રવીણ રાજપાળભા માણેક સહિત ૩ શખ્સોની અટકાયત કરી લીધી હતી, અને તેઓ પાસેથી મોબાઈલ ફોન-કાર તેમજ રૂપિયા ૭,૨૦૦ ની રોકડ રકમ સહિત ૧૫,૨૨,૨૦૦ માલમતા કબજે કરી લીધી છે. પોલીસની વધુ પૂછપરછ દરમિયાન તેણે રાજકોટના વિર ઉર્ફે વિરુ ઝાલા પાસે ક્રિકેટની આઈડી મેળવી હોવાથી રાજકોટના વીરુ ઝાલાને ફરારી જાહેર કરાયો છે. ઉપરાંત ત્રણેય શખ્સો દ્વારકા રાજકોટ અને અમદાવાદના કેટલાક પન્ટરો સાથે ક્રિકેટનો સટ્ટો રમતા હોવાથી મીઠાપુરના જીલ, રાજકોટના જય, મીઠાપુરના પ્રતિપાલ, ઉપરાત મીઠાપુરના સાકિર શેખ અને અમદાવાદના શિવલો વગેરે સહિત ફૂલ ૬ ને ફરારી જાહેર કરાયા છે.

## કાળીયા ઠાકોરને ચાંદીના આયુધ અર્પણ કરાયા



તસવીર: રાકેશ સામાણી

ખંભાળિયા : ભગવાન દ્વારકાધીશને ગઈકાલે રવિવારે સાંજે દ્વારકાધીશના ઉથાપન સમયે રાજકોટના ભાવિક પરિવારના યોગેશભાઈ ભીખુભાઈ દેથરીયા પરિવાર દ્વારા ચાંદીથી બનાવેલા શંખ, ચક્ર, ગદા અને પદ્મ અર્પણ કરવામાં આવ્યા હતા.

શ્રદ્ધાળુ દાતા પરિવારએ ભગવાન બલદેવજીને પણ શંખ, ચક્ર અને ગદા અર્પણ કર્યા હતા.

## ખંભાળિયા અને ભાણવડ પંથકમાં ગાજવીજ સાથે વરસાદ

ખંભાળિયા : હવામાન વિભાગની આગાહી મુજબ ગઈકાલે રવિવારે બાદ દેવભૂમિ દ્વારકા જિલ્લાના જુદા જુદા વિસ્તારોમાં વાતાવરણમાં એકાએક પલટો આવ્યો હતો. અને ખંભાળિયા તથા ભાણવડ પંથકમાં કમોસમી વરસાદ વરસ્યો હતો.

ખંભાળિયા તાલુકાના ભાણવડ માર્ગ પર આવેલા મોટી ખોખરી, ભાણખોખરી સહિતના ગામોમાં રવિવારે બપોરે કમોસમી વરસાદી ઝાપટા વરસ્યા હતા. આ પછી આશરે ત્રણેક વાગ્યે ભાણવડ તાલુકામાં પણ વાતાવરણ પલટાયું હતું. તેઝ ફૂંકાતા પવનો સાથે ભાણવડ તાલુકાના ગુંદા ગામે કમોસમી વરસાદ ખાબક્યો હતો. જેના પગલે ગુંદા ગામના રસ્તાઓ પર પાણી ફરી વળ્યા હતા. આ ઉપરાંત અન્ય વિસ્તારોમાં પણ ભારે પવન સાથે વરસાદના કારણે થોડો સમય ભયનો માહોલ પ્રસરી ગયો હતો. કેટલાક વાડી વિસ્તારમાં કરા પણ વરસ્યા હતા. જો કે કમોસમી વરસાદના કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી.




તસવીર: રાકેશ સામાણી

## ધ્રોલના લતીપુર ગામેં જમીન પચાવી પાડવા અને ખોટું સોગંદનામુ કરનાર પુત્રી અને વકીલ સામે ફોજદારી

જામનગર : જામનગર જિલ્લાના ધ્રોળ તાલુકાના લતીપર ગામમાં આવેલી એક મહિલાની જમીન કે જેનું ખોટું સોગંધનામું તૈયાર કરી જમીનનો કબ્જો કરવા માટે ધ્રોલની મામલતદાર કચેરીમાં રજૂ કરનાર સાવકી પુત્રી અને ધ્રોળના એક વકીલ સામે ફરિયાદ નોંધાવાતાં ભારે ચકચાર જાગી છે.

આ બનાવની વિગત એવી છે કે, ધ્રોલ તાલુકાના લતીપુરમાં આવેલી એક જમીન કે જેની માલિકી જોડિયા તાલુકાના ભાદરા ગામમાં રહેતા મધુબેન ઉર્ફે અરુણાબેન વિનોદભાઈ ભંડેરીની માલિકીની છે, તે જગ્યાનો કબજો કરી લેવા માટે તેમજ તે જમીનમાં મધુબેનનો હક જતો કરવા માટેનું ખોટું સોગંદનામું તેની સાવકી પુત્રી જામનગરમાં રહેતી દર્શિતાબેન વિનોદભાઈ ભંડેરી દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં ધ્રોળના એડવોકેટ જતીન એચ. અનડકટ દ્વારા નોટરી કરીને મામલતદારની કચેરીમાં રજૂ કર્યું હતું.

તપાસ દરમિયાન મધુબેનને પોતાના નામનું ખોટું સોગંધનામું થયું હોવાનું માલુમ પડતાં ધ્રોળ મામલતદાર કચેરીનો સંપર્ક સાધ્યો હતો, અને ત્યારબાદ ધ્રોલ પોલીસ મથકમાં પોતાની પુત્રી દર્શીતા ભંડેરી અને તેમાં મદદગારી કરનાર એડવોકેટ ધ્રોળના જતીન એચ અનડકટ સામે ફરિયાદ નોંધાવતાં ધ્રોળ પોલીસે વકીલ સહિત બંને આરોપી સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ ફરિયાદને લઈ વકીલ મંડળમાં ભારે ચકચાર જાગી છે.

## ભાણવડના જંબુસર ગામે પતિ સાથે ઝઘડો થતાં પત્ની કર્યો આપઘાત

ખંભાળિયા : ભાણવડ તાલુકાના જંબુસર ગામે વાડી વિસ્તારમાં રહેતી એક પરીણિતાને તેના પતિ સાથે ઝઘડો થયા બાદ તેણીએ ઝેરી દવા પી લઈ આત્મહત્યા કરી લીધી છે.

ભાણવડ તાલુકાના જંબુસર ગામના વાડી વિસ્તારમાં રહેતા અને મૂળ મધ્ય પ્રદેશના અલીરાજપુર જિલ્લાના જાબર તાલુકાના વતની પ્રભુભાઈ નાનસિંગભાઈ ચૌહાણ નામના શ્રમિક યુવાને હોળીના તહેવારમાં દારૂ પીવા માટે રાખેલા પ૮૮ રૂપિયા ખોવાઈ જવા બાબતે તેના પત્ની શીલાબેન ઉર્ફે ભુરીબેન પ્રભુભાઈ ચૌહાણ સાથે બોલાચાલી થઈ હતી.

આ બનાવ બાદ ગત તારીખ ૨૪ માર્ચના રોજ શીલાબેન ઉર્ફે પુરીબેન ચૌહાણએ પોતાના હાથે ઝેરી દવા પી લેતા તેણીનું મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવની જાણ મૃતક મહિલાના પતિ પ્રભુભાઈ ચૌહાણએ ભાણવડ પોલીસને કરી છે. જે અંગે ભાણવડ પોલીસે જરૂરી નોંધ કરી છે.

## ખંભાળિયાના નાના આસોટા ગામે સગાઈ નહીં થતાં યુવાને જીવન ટૂંકાવ્યું

ખંભાળિયા : ખંભાળિયા તાલુકાના નાના આસોટા ગામે રહેતા એક યુવાનની સગાઈ થતી ન હોય જેથી તેમને લાગી આવતા ઝેરી દવા પી લઈ આપઘાત કરી લીધાનો બનાવ પોલીસમાં નોંધાયો છે.

ખંભાળિયા તાલુકાના નાના આસોટા ગામે રહેતા ભાવિનભાઈ રામાભાઈ રામાવત નામના ૨૫ વર્ષના યુવાને ગત તા. ૧૨ ના રોજ મગફળીના પાકમાં છાંટવાની ઝેરી દવા પી લેતા તેમને ગંભીર હાલતના સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ નીપજ્યું હતું.

મૃતક ભાવિનભાઈની સગાઈ થતી ન હોવાથી તેણે આ પગલું ભર્યુ હોવા અંગેની જાણ હેમતભાઈ જાનકીદાસ રામાવત (ઉ.વ. ૪૨, રહે. નાના આસોટા) એ અહીંની પોલીસને કરી છે. જે અંગે પોલીસે જરૂરી નોંધ કરી, આગળની કાર્યવાહી કરી હતી.

## જામજોધપુરના હોથીજી ખડબામાં જાહેરમાં જુગાર રમતા પાંચ પકડાયા

જામનગર : જામજોધપુરના પો.સબ.ઈન્સ એમ.એલ ઓડેદરા તથા પોલીસ સ્ટફને મળેલ ચોક્કસ બાતમીના આધારે હોથીજી ખડબા ગામની સીમમાં દરોડો પાડવામા આવ્યો હતો. આ સમયે જાહેરમાં ગંજીપાના વડે તીનપત્તી રોન પોલીસ નામનો જુગાર રમતા કરશનભાઈ લખાભાઈ હરડાજણી, દીલીપભાઈ ઉર્ફે મુનાભાઈ પ્રભાશંકર વ્યાસ, સવદાસભાઈ દાનાભાઈ બરાઈ , દેવીયાભાઈ જેસાભાઈ મસુરા અને મહેશભાઈ નાથાભાઈ બરાઈને ઝડપી લીધા હતા. પોલીસે જુગારના સ્થળેથી રૂ.૯૬૨૭૦ની રોકડ ઉપરાંત મોબાઈલ ફોન અને વાહન મળી કુલ રૂ.૨,૩૧,૨૭૦ ની કિંમતનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.